بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-જાન્યુઆરી-૨૦૧૪**

સફરુલ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ શરીફ

હિજરી સન : ૧૪૩૫

વર્ષ : ૧૧, અંક : ૦૧, સળંગ અંક : ૧૨૧

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/– |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/– |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/– |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/– |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/– |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/– |

**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | પ્રો. તાહિર વિશે : ફેંસલો તમારા હાથમાં !! | 02 |
| 02 | **સબસે અવલા વ આ'લા હમારા નબી !** صلی اللہ علیہ وسلم | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 10 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 05 | હદાઈકે બખ્શિશ | 14 |
| 06 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 18 |
| 07 | ગલતફહમી તથા તેની સુધારણા | 20 |
| 08 | અહલે સુન્નતના અકીદા કુર્આનની રોશનીમાં | 23 |
| 09 | ઉમ્મતના મહાન ઈમામો | 27 |
| 10 | મીલાદ મનાવવું સહાબાથી આજ સુધી અહલે.... | 30 |
| 11 | કરામાતે હઝરત મુજદ્દિદે અલ્ફેષાની નક્શબંદી رحمۃ اللہ علیہ | 34 |
| 12 | મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ | 37 |
| 13 | ચામડી ચમકાવતાં બ્યૂટીપાર્લરોની બુરાઈઓ ! | 42 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 48 |


## મઝહબે ઈશ્ક

:: અઝ ::
હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ

વાએ ના ફહમીએ ગુસ્તાખ, કે સમઝા ન ઉન્હેં
ઉનકી તા'ઝીમ કો કહતા નહીં બિદઅત કે સિવા !
દિલ પે દિલદાર કી હર વક્ત નઝર રહતી હૈ
ઉસકી સરકાર મેં કુછ ભી નહીં નિય્યત કે સિવા
વહી દરયા હી તો હૈ, મોજ કહો યા કે હુબાબ
યાને એઅજાઝો કરામત નહીં કુદરત કે સિવા
ફર્ઝો વાજિબ કે મરાતિબ કા યહાં હોશ કહાં
મઝહબે ઈશ્કમેં બોલી નહીં સુન્નત કે સિવા
ક્યા કરે નઅતે પયમ્બર કા કોઈ બિસ્મિલ્લાહ
જિસ કે ઈજમાલ મેં હર ચીઝ હૈ તમ્મત કે સિવા
ફઝ્લે ઈમાં પે હૈ ફઝ્લે નસબ ભી મૌકૂફ
બુલહબ કે ભી લગા હાથ ન તબ્બત કે સિવા
ક્યા હૈ ઈસ આલમે કષરત કી નમૂદે બેબૂદ
ખૂદ બદોલત કે સિવા કુદરતો હિક્મત કે સિવા
શામયાના નહીં ખુરશીદે કયામત કે લિએ
કાલી કમલી કૈ સિવા ચાદરે ઈત્રત કે સિવા
મર્તબા હઝરતે સિદ્દીક કા હૈ યહ **'સૈયદ'**
હર ફઝીલત કે વો જામેઅ હૈં નબુવ્વત કે સિવા

## પ્રો. તાહિર વિશે :

**ફેંસલો તમારા જ હાથમાં !**

કાર્યાલય

પ્રો. તાહિરુલ કાદરી પાકિસ્તાની એક સ્થળે ઈસાઈઓ સાથે ક્રિસમસ મનાવી રહ્યા છે તે દરમ્યાન લેક્ચર આપે છે એમાં જાહેર કરે છે કે :–

''અહલે ઈમાનકે લિએ (ઈમાનવાળાઓ માટે) પૂરી દુન્યામેં જબ તક્સીમ કી જાતી હૈ તો બિલિવર્સ (ઈમાનવાળા મોમિન) ઔર નોન બિલિવર્સ (ઈમાન વિહોણા) કી તક્સીમ કી જાતી હૈ. નોન બિલિવર્સ કો કુફ્ફાર (કાફિરનું બહુવચન) કહતે હૈં ઈલ્મી ઈસ્તેલાહ (બોલી)મેં. ઔર બિલિવર્સ ઉન્કો કહતે હૈં જો અલ્લાહકી ભેજી હૂઈ વહી પર, આસ્માની કિતાબોં પર, પયગંબરોં પર ઈમાન લાતે હૈં. મઝહબ ઉન્કા કોઈ ભી હો. તો જબ બિલિવર્સ ઔર નોન બિલિવર્સકી તક્સીમ હોતી હૈ તો યહૂદી અક્રીદે કે માનનેવાલે લોગ ઔર મસીહી બિરાદરી ઔર મુસલમાન, યહ તીન મઝાહિબ બિલિવર્સ (ઈમાનવાળાઓ)મેં શુમાર હોતે હૈં, યહ કુફ્ફારમેં શુમાર નહીં હોતે. ઔર જો કિસી ભી આસ્માની કિતાબ પર, આસ્માની નબી ઔર રસૂલ ઔર પયગંબર પર ઈમાન નહીં લાતે વો નોન બિલિવર્સ કે ઝુમરેમેં આતે હૈં.'' –*(પ્રો. તાહિરુલ કાદરીનું બયાન)*

**જ્યારે કે કુર્આને કરીમ**માં રિસાલતકાળના યહૂદી તથા ઈસાઈઓને મુહમ્મદ صلى الله عليه وسلم ની નબુવ્વતના ઈન્કારના કારણે કાફિર કહેવામાં આવ્યા. જેમ કે ઈર્શાદે રબ્બાની છે:

**اِنَّ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ وَالْمُشْرِكِيْنَ**
**فِىْ نَارِجَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَاط اُولٰٓئِكَ هُمْ شَرُّ الْبَرِيَّةِ**

''બેશક ! જેટલા કાફિર છે કિતાબી તથા મુશ્રિક સૌ જહન્નમની આગમાં છે, હમેશાં એમાં રહેશે. એ જ તમામ મખ્લૂકમાં બદ્તર છે.'' *(સૂરએ બય્યિનહ્, આયત : ૬)* તથા

**لَمْ يَكُنِ الَّذِيْنَ كَفَرُوْمِنْ اَهْلِ الْكِتٰبِ**
**وَالْمُشْرِكِيْنَ مُنْفَكِّيْنَ حَتّٰى تَاْتِيَهُمُ الْبِيِّنَةُ**

''કિતાબી કાફિર તથા મુશ્રિક પોતાનો દીન છોડવાના ન હતા જ્યાં સુધી એમની પાસે રોશન દલીલ ન આવે...'' *(સૂરએ બય્યિનહ્, આયત : ૧)*

હવે જે શખ્સ આ યહૂદીઓ તથા ઈસાઈઓને ઈમાનવાળા કહે અને તેમને કાફિરોમાં ન ગણે તે કુર્આનનો મુન્કિર (નકારનાર) છે કે નહીં ?

પ્રો. તાહિરે ઉપરોક્ત તકરીરમાં અહલે કિતાબ યહૂદી તથા ઈસાઈઓને ઈમાનવાળા (Believers) કહ્યા અને આગળ વધીને એવું પણ કહ્યું કે, ''યહૂદી તથા ઈસાઈ કાફિરોમાં સામેલ નથી.'' તો તેમનું આ કથન કુર્આને કરીમની રદ અને તેનો ઈન્કાર તથા તેને જૂઠાડવું છે કે નહીં ? વળી **હદીષે પાકમાં છે :–**

**عن ابی هريرة والذی نفس محمد بيده لا يسمع بی احد من هذه الامة يهودی ولا نصرانی ثم يموت ولم يؤمن بالذی ارسلت به الا كان من اصحاب النار۔**

*(મુસ્લિમ શરીફ, ભાગ : ૧, પેજ : ૮૬, કિતાબુલ્ ઈમાન, રાવી : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ, પ્રકાશક : મજલિસે બરકાત)*

**ભાવાર્થ** : ''ઉસ ઝાતે રબ્બે ઝુલજલાલકી કસમ ! જિસ્કે કબ્ઝએ કુદરતમેં મુહમ્મદ (صلى الله عليه وسلم)કી જાન હૈ. ઈસ ઉમ્મતે મુહમ્મદિયામેં કોઈ બંદા જિસ તક મેરી આવાઝ પહોંચ જાએ, ચાહે યહૂદી હો ચાહે નસરાની (ઈસાઈ) હો, ચાહે હઝરતે ઈસાકો માને, ચાહે હઝરતે મૂસા કો માને, ચાહે તૌરાત કો માને, ચાહે ઈન્જીલકો માને, ઉસી હાલતમેં મર જાએ ઔર ઉસ પર ઈમાન ન લાએ જો મૈં લાયા હૂં, અલ્લાહકી કસમ ! વો બંદા જહન્નમી હૈ !''

મુસ્તફા صلى الله عليه وسلم ખૂદ જહન્નમી કહે છે અને પ્રો. તાહિર કહે છે કે નહીં ! તે બિલિવર્સ (ઈમાનવાળા) છે ?! તો કોનું માનશો ?!

કુર્આન તથા હદીષ અને ઈમામોના આદેશોમાં કયા સ્થળે રિસાલતકાળથી લઈને આજ સુધી યહૂદી તથા ઈસાઈને ઈમાનવાળાઓમાં ગણવામાં આવ્યા છે ? અને એવું કઈ જગાએ લખ્યું છે કે યહૂદી તથા નસારા (ઈસાઈ) કાફિર નથી ?

# સબસે અવલા વ આ'લા હમારા નબી ! صلی اللہ علیہ وسلم

તંત્રી લેખ.....

**વહ જો ન થે તો કુછ ન થા વહ જો ન હોં તો કુછ ન હો**
**જાન હૈં વહ જહાન કી જાન હૈ તો જહાન હૈ**

સર્વ વખાણો એક અલ્લાહના માટે જે સર્વ જહાનોનો પાલનહાર છે, જેણે સર્વ મખ્લૂક઼ (સૃષ્ટિ)માંથી આપણા આક઼ા વ મૌલા મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને મહાનતાવાળા કર્યા અને તેમને સર્વ જહાનોના માટે રહમત બનાવીને મોકલ્યા. અને અંબિયા તથા મુરસલીન (નબીઓ તથા રસૂલો) સુદ્ધાંને તેમની ઉમ્મતના ગિરોહમાં સામેલ કર્યા. કેમ કે સર્વ અંબિયાએ કિરામથી (યૌમે મીષાક઼) તેમના પર ઈમાન લાવવા અને તેમની મદદ કરવાનો પાકો વાયદો લીધો અને ફર્માવ્યું કે એકબીજા પર ગવાહ બની જાવ અને હું તમારા પર ગવાહ છું ! અલ્લાહ તઆલા પોતાના મહબૂબ صلی اللہ علیہ وسلم પર ક઼યામત સુધી દુરૂદો સલામ મોકલે, અને સર્વ અંબિયા પર અને તેમની સર્વ આલ ઔલાદ પર, અને જેમણે ખૂબીપૂર્વક તેમનું અનુસરણ કર્યું.

**★ ન ખુદા કહો ન ખુદાના બેટા ! બાકી જે ચાહો શાને મુસ્તફા صلی اللہ علیہ وسلمમાં કહો ! ★**

અલ્લાહના હબીબ صلی اللہ علیہ وسلمના ફઝાઈલ તથા કમાલાત તથા મહાનતાને બયાન કરવું એ કોઈ ઈન્સાનના વશની વાત નથી. નબીઓ બાદ સર્વ ઉમ્મતોમાં શ્રેષ્ઠ ઈન્સાન ખલીફાએ અવ્વલ હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہને જ્યારે ખૂદ નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, ''હે અબૂબક્ર ! તારા નબીની હક઼ીક઼તને અલ્લાહ સિવાય કોઈ જ જાણતુ નથી !'' તો તેમના (અબૂબક્ર) પછી કયા માનવી પાસે તાક઼ાત છે કે મહબૂબે રબ્બુલ આલમીન صلی اللہ علیہ وسلمની અઝમત તથા ફઝીલતને વર્ણવી શકે. બસ ! આ તો બે શબ્દો બુઝુર્ગાને દીનના અનુસરણમાં અહીં લખી દેવામાં આવી રહ્યા છે કે જેથી હુઝૂર صلی اللہ علیہ وسلمની પ્રશંસા કરનારાઓમાં આપણુ પણ નામ આવી જાય કે જે આપણી નજાતનો સબબ બને. અલ્લાહ તઆલા ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہની ક઼બ્રે અન્વર પર ક઼યામત સુધી રહમતોનાં ફૂલ વરસાવે જેમણે આ હક઼ીક઼તને આ પ્રમાણે વર્ણવી છે કે :–

**(અર્થ)** : ''નસારા (ઈસાઈઓ)એ પોતાના નબીના સંબંધે જે દાવો (ખુદાઈ)નો કર્યો તેને છોડીને જે ચાહે હુઝૂરની પ્રશંસા કર અને સાંભળ. જે મહાનતાની ચાહે એ જાતની પ્રતિ નિસ્બત કર અને તેમની શાનને જે અઝમત પ્રતિ ચાહે સંબંધિત કર, કેમ કે ફઝાઈલે સૈયદુલ મુરસલીન صلی اللہ علیہ وسلمની એવી હદ નથી જેને કોઈ વર્ણવી શકે.''

જેમ કે મહાન બુઝુર્ગ મુહક્કિ઼કે઼ અલલ ઈત્લાક઼ હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ પ્રશંસા કરતાં કરતાં છેવટે ફર્માવ્યું કે **બઅદ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર** સારાંશ કે *''ખુદા પછી સૌથી મહાન નબી صلی اللہ علیہ وسلمની જાત છે.''* અને એ જ રીતે આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :–

***લેકિન 'રઝા'ને ખત્મે સુખન ઈસ પે કર દિયા–ખાલિક઼ કા બંદા ખલ્ક઼ કા આક઼ા કહૂં તુઝે***

## ★ ખુદાએ કુર્આનમાં પોતાના મહબૂબ ﷺની શું પ્રશંસા કરી ?! ★

કુર્આન પર ઈમાનના દાવેદારો ! રબના મહબૂબ ﷺની શાન શું છે તેને રબના કલામમાં જુઓ ! તે પહેલાં આ એક રિવાયત પણ વાંચી જાવ ! : ઈમામ તિર્મિઝીએ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી કે શબે અસ્રા (મેઅરાજની રાતે) નબી કરીમ ﷺની પાસે લગામ તથા ઝીનવાળુ બુર્રાક લાવવામાં આવ્યું જે સવારીના સમયે ઉછળવા લાગ્યું, તો **જિબ્રઈલ** علیہ السلام**એ ફર્માવ્યું** કે તું સરવરે કાઈનાત ﷺની હાજરીમાં આવી હરકત કરે છે ?! જ્યારે કે **આનાથી પહેલાં તારા પર કોઈ એવો શખ્સ સવાર નથી થયો જે રબ તઆલાની નજીક સૌથી અધિક ઈજ્જતદાર હોય !** આ સાંભળીને બુર્રાક પસીનો પસીનો થઈ ગયું ! *(શિફા શરીફ)*

કુર્આને પાકમાં ખૂદ અલ્લાહ તબારક વ તઆલા શાને મુસ્તફા ﷺ આ રીતે જાહેર ફર્માવે છે :–

**اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا مِصْبَاحٌ ؕ**''અલ્લાહ નૂર છે આસ્માનો તથા જમીનનું, એના નૂરનું દષ્ટાંત એવું છે જેમ કે એક તાક઼ (તાખલો) કે એમાં ચિરાગ છે.'' *(સૂરએ નૂર, આયત : ૩૫)* શિફા શરીફમાં ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''ઉપરોક્ત આયતમાં બીજા નૂરથી મુરાદ મુહમ્મદ ﷺ છે. અલ્લાહનો ઈર્શાદ છે : **مَثَلُ نُوْرِهٖ** એટલે ''નૂરે મુહમ્મદ''ﷺ. અને આ આયત ઉપરાંત અલ્લાહ તઆલાએ અન્ય સ્થળોએ પોતાના મહબૂબને ''નૂર'' તથા ''સિરાજે મુનીર'' જેવાં નામોથી સંબોધન કરેલ છે.'' જેમ કે ફર્માને બારી તઆલા છે : **قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّ كِتٰبٌ مُّبِيْنٌ ۝** ''બેશક ! તમારી પાસે અલ્લાહના તરફથી એક નૂર આવ્યું અને રોશન કિતાબ.'' *(સૂરએ માઈદહ્, આયત : ૧૫)*

બીજા ઠેકાણે ફર્માવ્યું : **اِنَّا اَرْسَلْنٰكَ شَاهِدًا وَّ مُبَشِّرًا وَنَذِيْرًا ۝ وَّدَاعِيًا اِلَى اللّٰهِ بِاِذْنِهٖ وَ سِرَاجًا مُّنِيْرًا ۔** **''બેશક ! અમે તમને મોકલ્યા હાઝિરો નાઝિર, ખુશખબરી અને ડર સંભળાવતા અને અલ્લાહની તરફ તેના હુકમથી બોલાવતા અને ચમકાવી દેનાર સૂરજ.''** *(સૂરએ અહઝાબ, આયત : ૪૬)*

એક સ્થળે એના અનુસંધાનમાં ફર્માવ્યું : **اَلَمْ نَشْرَحْ لَكَ صَدْرَكَ** ''શું અમે તમારો સીનો વિશાળ ન કર્યો ?!'' *(સૂરએ અલમ નશ્રહ, આયત : ૧)* અહીં સીના (છાતી)થી મુરાદ દિલ છે. ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, આપના સીનાની વિશાળતા ઈસ્લામની સાથે થઈ છે. સહલ رضی اللہ عنہએ ફર્માવ્યું કે રિસાલતના નૂરની સાથે, અને હઝરત હસન رضی اللہ عنہ ફર્માવે છે કે પવિત્ર દિલ (ક઼લ્બે અત્હર)ને ઈલ્મ તથા હિકમત વડે ભરી દેવામાં આવ્યું.

ઉપરોક્ત વર્ણન બાદ ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, ''એનાથી સાબિત થાય છે કે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના હબીબ ﷺને મહાન નેઅમતોથી નવાઝયા છે અને બારગાહે ખુદાવંદીમાં આપને ઘણી જ કુદરત તથા મર્તબા હાંસલ છે. કેમ કે આપના દિલ મુબારકને ઈમાન તથા હિદાયતના માટે ખોલી આપ્યું છે, તેમજ ઈલ્મને મેહફૂઝ રાખવા તથા હિકમત સમાવવા માટે વિશાળ કરી દેવામાં આવ્યું અને ઈસ્લામને તમામ દીનો પર ગાલિબ કરીને જાહિલિયતની બાબતો વગેરેનો બોજ આપનાથી દૂર કરી આપ્યો, અને રિસાલત તથા નબુવ્વતના મન્સબ (સ્થાન)ની જિમ્મેદારીથી આપને સારી રીતે નિભાવનાર કરી આપ્યા, કેમ કે આપે અલ્લાહના હુકમો સંપૂર્ણપણે લોકો સુધી પહોંચાડયા હતા. એની જ સાથે અલ્લાહ عزوجلએ આપને મહાન મન્સબ અને મહાન રુત્બાથી વિશિષ્ટ કર્યા, અને આપના ઝિક્રને એટલી કક્ષાએ બુલંદ કર્યું કે આપના નામને પોતાના નામની સાથે મિલાવ્યું.

## ★ હુઝૂર ﷺ સિવાય કોણ છે જેનું ઝિક્ર સતત રબના સાથે થાય છે ?! ★

હઝરત કતાદા رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહ તબારક વ તઆલાએ સરવરે કોનો મકાં ﷺના ઝિક્રને દુનિયા તથા આખેરતમાં એ રીતે બુલંદ ફર્માવ્યું કે કોઈ ખતીબ, ગવાહી આપનાર તથા નમાઝી એવો નથી જે એવું ન કહે કે, "હું ગવાહી આપુ છું એ વાતની કે અલ્લાહ તઆલાના સિવાય કોઈ સાચો મઅબૂદ નથી અને ગવાહી આપુ છું કે હઝરત મુહમ્મદ ﷺ અલ્લાહ તઆલાના સાચા તથા અંતિમ રસૂલ છે."

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ અકરમ, નૂરે મુજસ્સમ, ફખ્રે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જિબ્રઈલ علیہ السلامએ મારી પાસે હાજર થઈને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! મારો તેમજ આપનો રબ ફર્માવે છે કે શું આપ જાણો છો કે આપના ઝિક્રને કઈ રીતે બુલંદ કરવામાં આવેલ છે ?! આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલા જ બેહતર જાણે છે. જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કર્યું, **ખુદા તઆલાનો ઈર્શાદ છે કે, જ્યાં આગળ મારો ઝિક્ર થશે ત્યાં તમારો પણ ઝિક્ર થશે.** એટલે પરવરદિગારે આલમે પોતાના ઝિક્રની સાથે આપના ઝિક્રને, પોતાની ઈતાઅત (આજ્ઞાપાલન)ની સાથે આપની ઈતાઅતને અને પોતાના નામની સાથે આપના નામ મુબારકને મિલાવ્યું છે." રબ તઆલાનો ઈર્શાદ છે : **اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ** "અલ્લાહનો હુકમ અને તેના રસૂલનો હુકમ માનો." *(સૂરએ મુહમ્મદ, આયત : ૩૩)* બીજી આયતમાં છે : **وَ اٰمِنُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ** "અને ઈમાન રાખો અલ્લાહ અને અલ્લાહના રસૂલ પર." *(સૂરએ નિસાઅ, આયત : ૧૩૬)* વળી એ બંનેવ મુબારક નામોને બાબે આતિફાથી મિલાવ્યાં છે જે સંયુક્તપણા (ઈશ્તિરાક)ને ચાહે છે અને આવું કલામ હબીબે ખુદા ﷺ સિવાય કોઈના માટે જાઈઝ નથી.

## ★ હુઝૂર ﷺ સિવાય કોણ છે જેની આ પ્રમાણે નવાઝિશ થઈ ?! ★

**اِنَّآ اَعْطَيْنٰكَ الْكَوْثَرَ** "હે મહબૂબ ! બેશક ! અમે તમને અગણિત ખૂબીઓ અર્પણ કરી...." *(સૂરએ કૌષર, આ. ૧)* સૂરએ કૌષરની આ આયતોમાં અલ્લાહ તબારક વ તઆલા પોતાના હબીબ ﷺને જણાવે છે કે તમને શું શું અતા ફર્માવ્યું છે. કૌષર જન્નતમાં એક નહેર છે અને આ શબ્દની તફસીરમાં અન્ય પણ અકવાલ (કથનો) છે. પોતાના ખાસ ઈનામોનો ઉલ્લેખ કર્યા બાદ રબ તઆલાએ મુસ્તફા ﷺના દુશ્મનોની અયોગ્ય વાતનો જવાબ આપ્યો અને પોતાના હબીબ ﷺને તસલ્લી આપતાં ફર્માવ્યું કે તમારો દુશ્મન જ વંશ કપાયેલો છે. એટલે કે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺથી અદાવત તથા કીનો રાખનારનો નસલ (વંશ) કટ થઈ જાય છે, તે બેઈજ્જતીની એવી ખાઈમાં ગરક થઈ જાય છે કે ત્યાંથી કોઈ કાઢનાર નથી હોતું. વધુમાં રબ્બે કરીમ પોતાના મહબૂબ ﷺની અજોડ શાન વર્ણવતાં ફર્માવે છે : **وَمَا اَرْسَلْنٰكَ اِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيْرًا وَّنَذِيْرًا۔** "અને હે મહબૂબ ! (ﷺ) અમે તમને ન મોકલ્યા પણ એવી રિસાલતની સાથે જે તમામ લોકોને સમાવનારી છે, ખુશખબરી તથા ડર સંભળાવતા. *(સૂ. સબા, આ : ૨૮)*

અને રબ તઆલા પોતાના મહબૂબ ﷺને જાહેરાત કરવા હુકમ ફર્માવે છે કે :–

**قُلْ يٰۤاَيُّهَا النَّاسُ اِنِّىْ رَسُوْلُ اللّٰهِ۔۔۔** "તમે ફર્માવો, હે લોકો ! હું તમારા સૌની તરફ અલ્લાહનો રસૂલ છું....." *(સૂરએ અઅ્રાફ, આયત : ૧૫૮)* આ આપણા નબી કરીમ ﷺની જ વિશિષ્ટતા છે, કેમ કે

ઈર્શાદે ખુદાવંદી છે : وَمَآ اَرۡسَلۡنَا مِنۡ رَّسُوۡلٍ اِلَّا بِلِسَانِ قَوۡمِهٖ لِيُبَيِّنَ لَهُمۡ ''અને અમે દરેક રસૂલ તેમની ક઼ૌમની જ ઝબાન (ભાષા)માં મોકલ્યા કે તેમને સાફ બતાવે.'' *(સૂ. ઈબ્રાહીમ, આયત–૪)*

આ આયતથી નિર્દેશ મળે છે કે નબી ﷺને રબ તઆલાએ સર્વ ભાષાઓ શીખવાડી, કેમ કે દરેક નબી પોતાની ક઼ૌમ જેમના તરફ મોકલવામાં આવ્યા તેમની ભાષા જાણતા હોય છે અને દુનિયાની સર્વ ક઼ૌમો હુઝૂર ﷺની ઉમ્મતમાં છે, દુનિયાની સર્વ ક઼ૌમો તરફ આપને મોકલેલ છે, જેથી હુઝૂર સર્વની ભાષાઓ જાણે છે. હદીષો પરથી જાણવા મળે છે કે ઊંટ, હરણ, પક્ષીઓ, લાકડીઓ હુઝૂર સાથે વાત કરતાં હતાં અને હુઝૂર સમજી લેતા હતા. અને કેમ ન જાણે કે હુઝૂર સર્વ અંબિયા કરતાં અધિક આલિમ છે. હઝરત આદમ علیہ السلامને દરેક ભાષા જણાવવામાં આવી, સુલૈમાન علیہ السلامને પક્ષીઓની બોલીનો ઈલ્મ આપવામાં આવ્યો જે કુર્આનથી સાબિત છે. *(કન્ઝુલ ઈમાન વ નૂરુલ ઈર્ફાન, પેજ–૪૦૭)*

## ★ નબી ﷺ મુસલમાનોના તેમની જાન કરતાં અધિક માલિક છે ! ★

રબ તઆલા ફર્માવે છે : اَلنَّبِيُّ اَوۡلٰى بِالۡمُؤۡمِنِيۡنَ مِنۡ اَنۡفُسِهِمۡ وَ اَزۡوَاجُهٗۤ اُمَّهٰتُهُمۡ ''આ નબી મુસલમાનોના તેમની જાન કરતાં અધિક માલિક છે અને આપની બીવીઓ તેમની માઓ છે.'' *(સૂરએ અહઝાબ, આયત : ૬)* اَوۡلٰى بِالۡمُؤۡمِنِيۡنَની તફસીરમાં મુફસ્સિરો ફર્માવે છે કે ફખ્રે દો આલમ ﷺનું ફર્માન (આદેશ) મુસલમાનોમાં એ રીતે લાગુ થયેલ છે કે જેવી રીતે એક આક઼ા (માલિક)નો હુકમ ગુલામ પર લાગુ થાય છે. કેટલાક મુફસ્સિરોએ લખ્યું છે કે સરવરે કૌનો મકાં ﷺના આદેશનું પાલન કરવું પોતાના નફ્સની મરજી પૂરી કરવા કરતાં કેટલાય ઘણુ અધિક બેહતર છે. હુઝૂર ﷺની પુનિત પત્નીઓ (رضی اللہ تعالیٰ عنہن)ને હુર્મતમાં માઓની જેમ ઠરાવવામાં આવી, અને આપ ﷺના પર્દો ફર્માવ્યા બાદ મુસલમાનો પર એમનાથી નિકાહ હરામ ઠરાવવામાં આવ્યો, કેમ કે અન્યનું તેણીઓ સાથે નિકાહ કરવું શાને મુસ્તફાની વિરુદ્ધ છે. તેમજ આખેરતમાં તેઓ મહબૂબે ખુદા ﷺની બીવીઓ હશે, અને આ આપની જ વિશિષ્ટતા છે. સારાંશ એ છે કે જે નબી કરીમ ﷺનો પોતાને ગુલામ સમજે તે જ હક઼ીક઼તમાં મો'મિન છે. રબ તઆલા પોતાના મહબૂબ ﷺની શાન જાહેર કરતાં ફર્માવે છે કે :–

وَاَنۡزَلَ اللّٰهُ عَلَيۡكَ الۡكِتٰبَ وَالۡحِكۡمَةَ وَ عَلَّمَكَ مَا لَمۡ تَكُنۡ تَعۡلَمُ ؕ وَ كَانَ فَضۡلُ اللّٰهِ عَلَيۡكَ عَظِيۡمًا ○

''અને અલ્લાહે તમારા પર કિતાબ તથા હિકમત ઉતારી અને તમને શીખવાડી આપ્યું જે કાંઈ તમે ન જાણતા ન હતા અને અલ્લાહનો તમારા પર મહાન ફઝ્લ છે.'' *(સૂરએ નિસાઅ, આ. : ૧૧૩)*

જે રબ તઆલા આપણને આટલી મહાન જણાતી દુનિયા માટે જ્યારે ફર્માવે છે કે, ''દુનિયાની સર્વ સંપત્તિ ખૂબ જ થોડી છે.'' તે જ્યારે પોતાના ફઝ્લના બારામાં કહે છે કે, ''મહાન ફઝ્લ !'' તો તે કેટલો મહાન ફઝ્લ હશે ?!

મુફસ્સિરો ફર્માવે છે કે ''ફઝ્લે અઝીમ''થી નબુવ્વતનો હોદ્દો મુરાદ છે. અમુક કહે છે કે જે પ્રથમ દિવસે આપને અર્પણ કરવામાં આવ્યું તે મુરાદ છે. અલ્લામા વાસેતી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અલ્લાહ તઆલાનો એમાં પોતાની રૂયત (દીદાર કરાવવા)ની તરફ નિર્દેશ છે જેને મૂસા علیہ السلام સહન કરી શક્તા ન હતા. *(બહવાલા ફઝાઈલુન્નબી ﷺ તર્જમા જવાહિરુલ બિહાર)*

ક્યાં સુધી વર્ણન કરવામાં આવે ?! અને મારા જેવા અજ્ઞાનીની શું હેસિયત ! પણ ખરેખર કુર્આને પાકમાં નબી કરીમ ﷺની શાને પાક દર્શાવતી અનેક આયતો છે, રબ તઆલાએ પોતાના મહબૂબ

ﷺની શાન એ રીતે વર્ણવી છે કે ઈશ્કવાળા બુઝુર્ગો ત્યાં સુધી ફર્માવે છે કે :–

***આગાઝ સે અખીર તક કુર્આં હૈ નઅતે મુસ્તફા–મહબૂબ કે બયાન કા કૈસા અનોખા ઢંગ હૈ***

## ★ હદીષોથી નબી ﷺના ઈખ્તિયારોની સાબિતી ★

✪ મિશ્કાત, સૈયદુલ મુર્સલીનના ફઝાઈલવાળા પ્રકરણમાં છે : હુઝૂર ﷺ ફર્માવે છે કે, મારી પાસે જમીનના ખજાનાઓની કૂંચીઓ લાવવામાં આવી અને મને સોંપવામાં આવી. જણાયું કે રબ તઆલાએ હુઝૂરને જમીનના બધા ખજાનાઓની કૂંચીઓ અતા ફર્માવી અને કૂંચી માલિકને જ આપવામાં આવે છે.

✪ મિશ્કાત શરીફ નબીના અખલાકના પ્રકરણમાં છે : **જો અમે ઈચ્છીએ તો અમારી સાથે સોનાના પહાડ ચાલ્યા કરે.** જણાયું કે હુઝૂર ﷺ દરેક રીતે માલિક અને મુખ્તાર છે પણ જાહેર કરવું માન્ય નથી.

✪ મિશ્કાત શરીફ કિતાબુલઈલ્મમાં છે : હુઝૂર ﷺ ફર્માવે છે, **ઈન્નમા અનાકાસિમુન વલ્લાહુ યુઅ્તી.** એટલે કે અલ્લાહ આપે છે અને હું વહેંચું છું.

આનાથી જણાયું કે જે ચીજ જ્યારે પણ કોઈને ખુદા આપે છે તે હુઝૂરની જ વહેંચણીથી મળે છે. એમાં અલ્લાહ તઆલાનું આપવાનું (દૈન) અને હુઝૂરના વહેંચવાને અસીમિત દર્શાવવામાં આવેલું છે. એટલે કે હુઝૂર ﷺ શું વહેંચે છે તે એ કે જે ખુદા આપે છે અને ખુદા દરેક ચીજ આપે છે, માટે હુઝૂર દરેક ચીજ વહેંચે છે. અને દરેક ચીજ વહેંચશે તે જ જેને માલિકે દરેક ચીજ આપી હોય. આનાથી હુઝૂરની માલિકી અને કબજો સાબિત થયો.

✪ મિશ્કાત શરીફ બાબુસ્સુજૂદે વ ફઝલેહીમાં છે કે, એકવાર હુઝૂર ﷺએ રબિયહ ઈબ્ને અબી કઅબ અસ્લમીથી ખુશ થઈને ફર્માવ્યું, ''**સલ !**'' કંઈક માંગ ! તો તેમણે અર્ઝ કરી, **અસ્અલુક મરાફકતકફિલ જન્નહ.** એટલે હું તમારાથી એ માંગુ છું કે, જન્નતમાં તમારી સાથે રહું. ઈર્શાદ ફર્માવ્યું, ''**અવગયરઝાલિક**'' કાંઈ વધુ માગવું છે ? અર્ઝ કર્યું, બસ આ જ !

આ હદીષથી ત્રણ રીતે હુઝૂરની બાદશાહત સાબિત થઈ. પ્રથમ એ રીતે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, કાંઈક માંગો ! એવું નથી ફર્માવ્યું કે ફલાણી ચીજ માંગો. અને આવું તે જ કહી શકે છે જેના કબજામાં બધું હોય. પછી રબિયહ્ رضی اللہ عنہ એ પણ ખૂબ વિચારીને એવી ચીજ માંગી જે બેમિષાલ છે. એટલે કે જન્નત અને જન્નતનો સદર મકામ આલા ઈલ્લીય્યીન કે જ્યાં હુઝૂરનો કયામ હોય. બીજી એ રીતે કે હઝરત રબિયહ્ رضی اللہ عنہ એ અર્ઝ કરી, **અસ્અલુક** ''હું તમારાથી માંગું છું !'' અને હુઝૂર ﷺએ પણ એવું ન ફર્માવ્યું કે, તમે મુશ્રિક થઈ ગયા ! અને સ્પષ્ટ વાત છે કે ચીજ માલિકથી માંગવામાં આવે છે. સાબિત થયું કે, હુઝૂર ﷺ અલ્લાહ તઆલાની દરેક ચીજના માલિક છે. ફર્માવ્યું કે, કાંઈક વધુ માંગી લો ! એનાથી જણાયું કે, જન્નત સિવાય કાંઈ વધુ આપવા માટે પણ શકિતમાન છે. પણ હઝરત રબિઅહ્એ સમજી લીધું કે જ્યારે આ દુનિયાના બાગનું ફૂલ મળી ગયું તો પાંદડાઓની શું જરૂરિયાત છે ? ભલે હઝરત રબિઅહ્ ન માંગે તે તેમની ખુશી પણ આપવામાં તો ત્યાં કોઈ નકાર નથી.

***કૌન દેતા હય દેનેકો મુંહ ચાહિએ–દેનેવાલા હય સચ્ચા હમારા નબી ! (ﷺ)***

## ★ ખુદાએ પોતાના મહબૂબને આપેલ મો’જિઝાઓની એક ઝલક ! ★

મહબૂબે રબ ﷺની શાન તો અતિ નિરાલી છે કે રબ્બે કરીમે પોતાના મહબૂબને અગણિત મો'જિઝાઓ અતા ફર્માવ્યા હતા જેના વર્ણન માટે દફતરોના દફતરો જોઈએ. અત્રે સંક્ષિપ્તમાં રજૂઆત કરીએ છીએ જેના વિશે હદીષો તથા અખ્બાર ખૂબ જ પ્રમાણમાં છે જે સહીહ કિતાબોમાં મૌજૂદ છે :–

★ મક્કા મુકર્રમામાં આપે આંગળીના ઈશારે ચાંદના બે ટુકડા ફર્માવ્યા. જ્યારે કુરૈશીઓએ આપની પાસે નબુવ્વતની નિશાની તથા દલીલ માગી. ★ હઝરત જાબિર رضی اللہ عنہના ઘરે થોડાક જ ખોરાકમાં માણસોની ઘણી જ મોટી સંખ્યાએ ખાધુ. ★ એવો જ મો'જિઝો હઝરત અબૂ તલ્હાના ઘરે અને ગઝવએ ખંદકના દિવસે પણ જાહેર થયો. ★ એકવાર આપ ﷺએ ચાર મુદ (એક માપિયુ) અનાજ અને એક બકરીના બચ્ચાના સાલનથી એંસી લોકોને ભરપેટ ખાવા ખવડાવ્યું. આવા અનેક મો'જિઝા છે. ★ આપ ﷺએ માટી ભરેલી મુટ્ઠી દુશ્મનની ફોજ તરફ ફેંકી તો તે સૌની આંખો આંધળી થઈ ગઈ. ★ મિમ્બર બની જતાં જુદાઈ થતાં ખજૂરના સૂકાઈ ગયેલ ઝાડે રડી રડીને ફરિયાદ કરી જેને ટેકો લગાડીને આપ ખુત્બો આપ્યા કરતા હતા. એ અવાજ સર્વ સહાબાએ સાંભળ્યો જે ઊંટના અવાજને મળતો જુલતો હતો. હુઝૂર ﷺએ તે ઝાડને સીનાથી લગાડયું તો તે શાંત થઈ ગયું !

હુઝૂર ﷺએ ઘણી ગયબની ખબરો આપી. હઝરત ઉષ્માનગની رضی اللہ عنہને જણાવ્યું કે તમારી કિસ્મતમાં બલ્વો લખ્યો છે જેના પછી **તમે શહીદ થઈને જન્નતમાં જશો.** ★ હઝરત અમ્માર رضی اللہ عنہને જણાવ્યું કે **તમને** એક બાગી ગિરોહ **શહીદ કરશે.** ★ હઝરત હસન رضی اللہ عنہને જણાવ્યું કે **તમારા થકી અલ્લાહ તઆલા** મુસલમાનોમાં બે મોટી જમાઅતોમાં **સુલેહ કરાવશે.** ★ હુઝૂર ﷺએ એક શખ્સના બારામાં ફર્માવ્યું કે જે એ સમયે જેહાદ ફી સબી લિલ્લાહમાં વ્યસ્ત હતો કે એ દોઝખી છે, તો એવું જ થયું કે તેણે છેવટમાં આત્મહત્યા કરી લીધી.

★ હુઝૂર ﷺ હિજરતના વખતે મદીના મુનવ્વરા તરફ જઈ રહ્યા હતા તો તો સુરાકા બિન માલિકે આપનો પીછો કર્યો. નજીક પહોંચતાં ઘોડાની ટાંગો જમીનમાં ખૂપી ગઈ. *(આ ઈખ્તિયારે નબી કહેવાય !)* લાચાર થઈને તેમણે મદદ માગી, આપે દુઆ કરી તો ઘોડો મુક્ત થઈ ગયો. આપે સુરાકાને ખુશ ખબર આપી કે **તમારા હાથમાં કિસ્રાના કંગન હશે, પછી એવું જ થયું.** (આને ઈલ્મે ગયબ કહેવાય !) ★ હુઝૂર ﷺની બારગાહમાં ઊંટ ફરિયાદી બન્યુ. ★ આપ ﷺ એ **બે ઝાડને બોલાવ્યાં તો બંનેવ ખિદમતમાં હાજર થયાં** અને એકબીજાથી મળીને બેસી ગયાં. આપે બીજીવાર હુકમ કર્યો તો પોત **પોતાની જગાએ જતાં રહ્યાં.** ★ આપે ખબર આપી કે આપનાં સાહબઝાદી હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا **મારા ઈન્તેકાલ બાદ સૌથી પહેલાં ઈન્તેકાલ કરશે** તો એવું જ થયું. *(આને "કોણ ક્યારે મરશે"નો ઈલ્મ કહેવાય !)* ★ એ જ પ્રમાણે આપની પાક બીવીઓને ખબર આપી કે તમારામાંથી જેના હાથ સૌથી લાંબા છે તે સર્વ પ્રથમ ઈન્તેકાલ કરશે, તો એવું જ થયું કે સૈયદા બિન્તે જહશ رضی اللہ عنہاનો સૌ પ્રથમ ઈન્તેકાલ થયો કે સદકા ખૈરાતમાં અન્ય પાક બીવીઓ કરતાં આપના હાથ લાંબા રહેતા હતા. ★ આપે એક સૂકા બાવલાવાળી બકરીને હાથ લગાડયો તો તે દૂધથી ભરાઈ ગયાં. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہના ઈસ્લામ સ્વીકારનો સબબ આ જ મો'જિઝો બન્યો. ★ એક સહાબીની આંખનો બહાર નીકળી ગયેલ ડોળો ફરી બેસાડી આપ્યો, તો તે આંખ અધિક તેજ થઈ ગઈ. (આને નફો–નુકસાન પહોંચાડવું કહે છે !) સૂરજનું પલ્ટી આવવું, આંગળીઓથી પાણીનાં ઝરણા વહેવાં, અસંખ્ય મો'જિઝાઓ આપ ﷺ થકી જાહેર થયા છે જે આપની મહાન શાનને પ્રદર્શિત કરી રહ્યા છે.

## ★ શું આવા અકીદા કોઈ મુસલમાનના હોય શકે છે ?! ★

અલ્હમ્દુલિલ્લાહ ! ટૂંકમાં પણ અમુક જ કુર્આની આયતો હદીષો દ્વારા રબની નજીક આપણા પ્યારા નબી મહબૂબે રબ્બુલ આલમીન ﷺની શું ઈજ્જત છે તે આપ લોકોની સમજમાં આવી ગયું હશે, પણ અફસોસ કે પોતે જે નબીનો કલ્મો પઢે છે અને જેમને અલ્લાહના રસૂલ માનતા હોવાનો દાવો કરે છે તેવા વહાબી દેવબંદીઓના કુફ્રી અકીદા પણ જોતા ચાલો, અને તેમના ગુસ્તાખીપૂર્ણ અકીદાઓની લપેટથી બચવા માટે પોતે પણ અને પોતાની ઔલાદને તેમની સોહબતથી દૂર રાખો, તેમનાથી સગાઈઓને કટ કરો.

*"દરેક મખ્લૂક ચાહે તે નાનો હોય (આમ લોકો) કે મોટો (નબી) અલ્લાહની શાનની સામે ઢેડ ચમારથી પણ અપમાનિત છે." –(તકવિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૫૧, મૂળ લેખકઃ ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

શું કુર્આને પાકમાં તથા હદીષમાં તૌહીદ શીખવાડવાનો તથા શિર્કથી બચવાની તા'લીમનો આ અંદાઝ છે ?! શું આવા શબ્દથી નબી પાક ﷺની તૌહીન જાહેર નથી થતી ?! એક ઠેકાણે લખે છે :–

*"અલ્લાહ તઆલાએ આપને જ આ હુકમ ફર્માવ્યો કે લોકોની સામે પોતાની વિસાત વર્ણવી દો કે **મને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી** અને **હું ગૈબ પણ જાણતો નથી.** મારી કુદરતનો અંદાજો આટલેથી જ લગાડી લો કે **હું સ્વજાત માટેય નફા–નુકસાનનો માલિક નથી. તો બીજાઓને શું લાભ–નુકસાન પહોંચાડી શકવાનો હતો ?"** (હવાલો ઉપર મુજબ, પેજ : ૭૪)*

વિચારો ! અલ્લાહ પોતાના મહબૂબ ﷺને ઈખ્તિયાર તથા મર્તબા આપી રહ્યો છે જેમ કે કુર્આન એના માટે સાક્ષી છે જ્યારે વહાબી દેવબંદીના દુર્ગંધ મારતા અકીદા આવા છે ?! ખબરદાર ! તમારા ઈમાનની સલામતી ચાહતા હોઉં તો આ નબી પાક ﷺના બાગી ગુસ્તાખોથી દૂર રહો ! તેમનાથી સગાઈ–દોસ્તી ખત્મ કરો ! વળી એક ઠેકાણે લખ્યું છે :–

*અલ્લાહ તઆલા પોતાના **બંદાઓની સાથે દુનિયામાં કે કબરમાં કે આખિરતમાં જે વર્તાવ કરશે એની હકીકત** અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતુ નથી. **ન કોઈ નબી અને ન તો કોઈ વલી બુઝુર્ગ આ હકીકત જાણે છે.** તેઓ જ્યારે **પોતાની હાલત જાણતા નથી તો બીજાઓની હાલત કેવી રીતે જાણી શકવાના હતા ?** (હવાલો ઉપર મુજબ, પેજ : ૮૦)*

વળી એક જગાએ છે :–

*"અને આ બાબતમાં (ગયબ ન જાણવામાં) અવલિયા, અંબિયા અને જિન્નાત તથા શૈતાન અને ભૂત તથા પરીમાં કાંઈ જ ફરક નથી. ગયબનો ઈલ્મ કોઈને જ નથી." (તકવિયતુલ ઈમાન)*

વિચારો ! "નબી"નો અર્થ "ગયબની ખબરો બતાવનાર" થાય છે છતાં **આ વહાબી દેવબંદીઓના સ્પષ્ટ અકીદા છે કે નબી ﷺને પોતાની સાથે દુનિયામાં, કબરમાં તથા આખેરતમાં શું થશે તેની ખબર નથી !** ગંભીરતાથી વિચારો ! કુર્આન હદીષના મુજબ તથા સહાબા, તાબઈન તથા પૂર્વજ બુઝુર્ગોના આ જ અકીદા હતા ? શું આ કુર્આની તા'લીમ છે ?! તમારા દિલોમાં ખરેખર જો નબી પાક ﷺની મહોબ્બતનો ચિરાગ રોશન હોય તો આવા નબી પાક ﷺની શાનને ઘટાડવા મથતા વહાબી, દેવબંદીઓથી સગાઈ સંબંધોને તથા તેમની સાથે ઉઠક બેઠક, દોસ્તી ખત્મ કરો અને તમારા તથા તમારી આવનારી ઔલાદના ઈમાનની રક્ષા કરી લો.

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઇમાન વ ખઝાઇનુલ ઇરફાન


અઝ : **આ'લા હઝરત ઇમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ


## સૂરએ બક઼રહની તફસીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

يٰبَنِىْٓ اِسْرَآءِيْلَ اذْكُرُوْا نِعْمَتِىَ الَّتِىْٓ اَنْعَمْتُ عَلَيْكُمْ وَاَوْفُوْا بِعَهْدِىْٓ اُوْفِ بِعَهْدِكُمْ ۚ وَاِيَّاىَ فَارْهَبُوْنِ ﴿۴۰﴾ وَاٰمِنُوْا بِمَآ اَنْزَلْتُ مُصَدِّقًا لِّمَا مَعَكُمْ وَلَا تَكُوْنُوْٓا اَوَّلَ كَافِرٍۢ بِهٖ ۖ وَلَا تَشْتَرُوْا بِاٰيٰتِىْ ثَمَنًا قَلِيْلًا ۫ وَّاِيَّاىَ فَاتَّقُوْنِ ﴿۴۱﴾ وَلَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوا الْحَقَّ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿۴۲﴾ وَاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ وَارْكَعُوْا مَعَ الرّٰكِعِيْنَ ﴿۴۳﴾ اَتَاْمُرُوْنَ النَّاسَ بِالْبِرِّ وَتَنْسَوْنَ اَنْفُسَكُمْ وَاَنْتُمْ تَتْلُوْنَ الْكِتٰبَ ۗ اَفَلَا تَعْقِلُوْنَ ﴿۴۴﴾ وَاسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ ۗ وَاِنَّهَا لَكَبِيْرَةٌ اِلَّا عَلَى الْخٰشِعِيْنَ ﴿۴۵﴾ الَّذِيْنَ يَظُنُّوْنَ اَنَّهُمْ مُّلٰقُوْا رَبِّهِمْ وَاَنَّهُمْ اِلَيْهِ رٰجِعُوْنَ ﴿۴۶﴾

**અય યાકૂબની ઔલાદ[૬૯] ! યાદ કરો મારૂં તે એહસાન જે મેં તમારા પર કર્યું[૭૦] અને મારો વાયદો પૂરો કરો હું તમારો વાયદો પૂરો કરીશ[૭૧] અને ખાસ મારો જ ડર રાખો[૭૨] (૪૦) અને ઇમાન લાવો તેના પર જે મેં ઉતાર્યું તેને સાચુ ઠેરવતું જે તમારી સાથે છે અને સર્વપ્રથમ એને નકારનાર ન બનો.[૭૩] અને મારી આયતોને બદલે થોડું વળતર ન લો.[૭૪] અને મારાથી જ ડરો (૪૧) અને સત્ય સાથે જૂઠ ન ભેળવો અને જાણી**

**જોઇને સત્ય ન છુપાવો (૪૨) અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો અને રૂકૂઅ કરનારાઓ સાથે રૂકૂઅ કરો[૭૫] (૪૩) શું લોકોને હુકમ કરો છો ભલાઇનો અને પોતાની જાતોને ભૂલો છો, તમે કિતાબ પઢો છો છતાં, તો શું તમને અક્કલ નથી[૭૬] (૪૪) અને સબ્ર અને નમાઝથી મદદ ચાહો, અને બેશક ! નમાઝ જરૂર ભારે છે પણ તેઓ પર (ભારે નથી) જેઓ દિલથી મારા તરફ નમે છે[૭૭] (૪૫) જેઓને યકીન છે કે તેમને પોતાના રબને મળવું છે અને તેના જ તરફ પરત થવું (છે)[૭૮]**

૬૯. **يٰبَنِىْٓ اِسْرَآئِيْل** અર્થાત અય યાકૂબની ઔલાદ ! ઇસરાઇલનો અર્થ અબ્દુલ્લાહ થાય છે, હિબ્રુ ભાષાનો શબ્દ છે, અને હઝરત યાકૂબ علیہ السلامનો લકબ છે.

કલ્બી મુફસ્સિરે કહ્યું, પ્રથમ અલ્લાહ પાકે **يٰٓاَيُّهَا النَّاسُ اعْبُدُوْ** (ત્રીજો રૂકૂઅ) અર્થાત અય લોકો ! અલ્લાહની ઇબાદત કરો ! ફરમાવીને તમામ મનુષ્યોને સામાન્ય રીતે તેની ઇબાદત કરવાનું નિમંત્રણ આપ્યું. પછી **وَاِذْ قَالَ رَبُّكَ** (ચોથો રૂકૂઅ) અર્થાત આદમ علیہ السلامની પેદાઇશનું બયાન કરીને ઇન્સાનોના જન્મનું બયાન કર્યું. અને ત્યાર બાદ અહીં **يٰبَنِىْٓ اِسْرَآئِيْل** ફરમાવીને ખાસ કરીને બની ઇસરાઇલને ઇસ્લામ સ્વીકારવાની દાવત આપી, એ લોકો યહૂદી છે, અને અહીંથી **سيقول** સુધી એમને જ સંબોધન કરવામાં આવ્યું છે, કદીક નરમીથી ઇન્આમો યાદ અપાવીને દાવત આપવામાં આવે છે, કદીક ડરાવવામાં આવે છે, કદીક દલીલ કાયમ કરવામાં આવે છે, કદીક તેમના ખરાબ કૃત્યો માટે

ધમકાવવામાં આવે છે. કદીક જે સજાઓ તેમને પહેલાં મળી હતી તેની ચર્ચા કરવામાં આવે છે.

૭૦. યાદ કરો મારૂં તે એહસાન જે મેં તમારા પર કર્યુ, કે તમારા પૂર્વજોને ફિરઔનથી છૂટકારો આપ્યો, નદીમાં તિરાડો પાડી, વાદળને છાંયડો આપનાર કર્યું, એ સિવાય બીજા ઉપકારો જે આગળ આવે છે તે યાદ કરો, અને યાદ કરવું એ છે કે ખુદાની ઇતાઅત અને બન્દગી કરીને તેનો આભાર પ્રદર્શિત કરો. કારણ કે કોઇ નેઅમતનો આભાર ન માનવો એ જ તેને ભૂલી જવા જેવું છે.

૭૧. અને મારો વાયદો પૂરો કરો હું તમારો વાયદો પૂરો કરીશ, અર્થાત તમે ઇમાન લાવીને અને હુકમને માન આપીને મારો વાયદો પૂરો કરો, હું બદલો તેમજ સવાબ આપીને મારો વાયદો પૂરો કરીશ, આ વાયદાનું બયાન وَلَقَدْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ بَنِىْٓ اِسْرَآئِيْلَ વાળી આયતમાં છે.

૭૨. અને ખાસ મારો જ ડર રાખો,

**મસઅલો :** આ આયતમાં નેઅમતનો શુક્ર કરવો તેમજ વાયદો વફા કરવો એ વાજિબ હોવાનું બયાન છે. અને એ વાતનું પણ કે મોમિને ખુદા સિવાય કોઇથી પણ ડરવું જોઇએ નહીં.

૭૩. અને સર્વ પ્રથમ એને નકારનાર ન બનો, એટલે કે કુરઆને પાક પર અને તવરાત તથા ઇન્જીલ પર જે તમારી સાથે છે તેના પર ઇમાન લાવો, અને અહલે કિતાબમાં પ્રથમ કાફિર ન બનો, કે જેથી તમારા અનુકરણમાં જે કાફિર બને તેનો ભાર તમારા માથે આવે.

૭૪. અને મારી આયતોને બદલે થોડું વળતર ન લો, આ આયતોથી તવરાત અને બાઇબલની તે આયતો મુરાદ છે જેમાં હુઝૂર ﷺના વખાણ અને ગુણોનું બયાન છે, મતલબ એ છે કે હુઝૂરના વખાણ દુનિયાની દોલત ખાતર ન છુપાવો, કારણ કે દુનિયવી દોલત આખિરતની નેઅમતો સામે ઘણી જ થોડી છે.

**શાને નુઝૂલ :** આ આયત કઅબ બિન અશરફ અને યહૂદીઓના બીજા સરદારો અને આલિમો વિશે ઉતરી, જેઓ પોતાની કોમના જાહિલો અને નાલાયકો પાસેથી પૈસા મેળવતા હતા, અને તેઓએ તેમના માલો, ફળો તેમજ રોકડમાં પોતાના સાલીયાણા અને ચોક્કસ ભાગો નક્કી કરી રાખ્યા હતા, તેઓને લાગ્યું કે તવરાતમાં હુઝૂર ﷺની જે તારીફ છે તેને જો જાહેર કરીશું તો લોકો હુઝૂર પર ઇમાન લઇ આવશે, અને પોતાને કોઇ પૂછનાર રહેશે નહીં, અને આ બધા લાભો જતા રહેશે, એટલા માટે તેઓએ પોતાની કિતાબોમાં ફેરફાર કરી નાખ્યા અને હુઝૂર ﷺની તારીફને બદલી નાખી, જ્યારે લોકો તેમને પૂછતા કે તવરાતમાં હુઝૂર ﷺની શું તારીફ છે ? ત્યારે તે લોકો એને છુપાવતા અને હરગિઝ જાહેર કરતા ન હતા, ત્યારે આ આયત ઉતરી. (ખાઝિન, વિ.)

૭૫. અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો અને રૂકૂઅ કરનારાઓ સાથે રૂકૂઅ કરો, આ આયતમાં નમાઝ અને ઝકાત ફર્ઝ હોવાનું બયાન છે, અને એ તરફ પણ ઇશારો છે કે નમાઝને તેના અરકાનની હિફાઝત તેમજ તેના હક્કોની દેખભાળ સાથે અદા કરો, અને જમાઅત તરફ પણ ધ્યાન દોર્યું છે.

**મસઅલો** : હદીષ શરીફમાં છે કે જમાઅત સાથે નમાઝ પઢવી એકલા નમાઝ પઢવા કરતાં સત્તાવીસ ગણો સવાબ ધરાવે છે.

૭૬. તો શું તમને અક્કલ નથી ?

**શાને નુઝૂલ :** યહૂદી આલિમોને તેમના મુસલમાન સગાસંબંધીઓએ ઇસ્લામ ધર્મ વિશે પૂછપરછ કરી, તો તેમણે કહ્યું કે તમે એ ધર્મ પર કાયમ રહો, હુઝૂર ﷺનો ધર્મ બરહક અને કલામ સત્ય છે, ત્યારે આ આયત ઉતરી.

એક મંતવ્ય એવું છે કે આ આયત તે યહૂદીઓ વિશે ઉતરી જેઓએ મક્કાના મુશ્રિકોને હુઝૂર ﷺના જાહેર થવાની ખબર આપી હતી, અને હુઝૂરની ફરમાંબરદારી વધુ પેજ નં. ૨૨....પર

દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ :** ***બયતુલ ખલા (જાજરૂ)ના આદાબ[૧] : (પ્રથમ વિભાગ)*** *અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમે જાજરૂ (Toilet) જાવ તો કિબ્લાની તરફ મોઢું ન કરો, અને ન પીઠ. પરંતુ ક્યાં તો પૂર્વની તરફ થઈ જાવ અથવા પશ્ચિમની તરફ[3]. (મુસ્લિમ, બુખારી)*

*શયખ મોહયુસ્સુન્નહ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે આ હદીષ જંગલના સંબંધે છે પરંતુ વસ્તીમાં કાંઈ વાંધો નથી. એટલા માટે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી મરવી છે, ફર્માવે છે કે હું હઝરત હફ્સાના ઘર પર કોઈ કામસર ચઢયો તો મેં રસૂલુલ્લાહ ﷺ ને જોયા કે આપ કિબ્લા તરફ પીઠ, શામ (સીરિયા) તરફ મોઢું કરીને કઝાએ હાજત કરી રહ્યા છે[૪]. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત સલ્માન رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમને રસૂલુલ્લાહ ﷺ એ એનાથી મના ફર્માવ્યું કે અમે પેશાબ પાખાના વખતે કિબ્લા તરફ મોઢું ન કરીએ, અથવા જમણા હાથે ઈસ્તિંજા કરીએ (ખરુ કરવું કે ધોવું) અથવા ત્રણ પથ્થરોથી ઓછાથી ઈસ્તિંજા કરીએ[૫] અથવા ગોબેરુ અથવા હાડકા વડે ઈસ્તિંજા કરીએ. (મુસ્લિમ)*

*હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે પાખાના (જાજરૂ)માં પ્રવેશતા તો ફર્માવતા કે* **اَللّٰهُمَّ اِنِّىۡ اَعُوۡذُ بِكَ مِنَ الۡخُبۡثِ وَالۡخَبَائِثِ** *"હે અલ્લાહ ! હું ખબીષ જિન્નાત તથા ખબીષા જિન્નાતનીઓથી તારી પનાહ માગુ છું[૬]." (મુસ્લિમ, બુખારી)*

### -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** "ખલા" શબ્દકોશમાં ખાલી જગાને કહે છે. શરઈ ઈસ્તેલાહ (બોલી)માં જાજરૂને કહે છે, કેમ કે આ કામ એકાંતમાં થાય છે એટલા માટે એને "ખલા" કહે છે.

**૨.** આપનુ નામ ખાલિદ બિન ઝયદ છે, અન્સારી છે, ખઝરજી છે. બયઅતે ઉકબામાં હાજર હતા. સર્વ ગઝવાત (હુઝૂર ﷺ ની હાજરીવાળી જંગો)માં હુઝૂર ﷺ ની સાથે રહ્યા. હુઝૂરે હિજરતના દિવસે સૌ પ્રથમ તેમના જ ઘરે રોકાણ કર્યું. સહાબીઓ વચ્ચેના મતભેદના સમયે હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ની સાથે સર્વ જંગોમાં સામેલ રહ્યા. યઝીદ બિન મુઆવિયહની સરદારીમાં રોમ પર જે જેહાદ થયા એમાં આપ ગાઝીની જેવી શાનની સાથે સામેલ હતા. કુસ્તુન્તુનિયા પર હુમ્લાના સમયે બીમાર થઈ ગયા. વસિયત કરી કે આ જેહાદમાં મારી મૈયત તમારી સાથે રાખજો અને કુસ્તુન્તુનિયા ફતહ થઈ જાય તો મુજાહિદોના કદમોની નીચે મને દફન કરજો. જેથી આપ કુસ્તુન્તુનિયાની દીવાલની નીચે દફન થયા છે. આપની કબ્ર આમ તથા ખાસ લોકો માટે ઝિયારતગાહ છે. બીમારો તેમની કબ્રની માટીથી શિફા પામે છે. *(મિર્આત વ અકમાલ)*

**૩.** એટલે કે **પેશાબ તથા જાજરૂ કરતી વખતે કિબ્લા તરફ મોં કે પીઠ કરવી હરામ છે.** કેમ કે મદીના મુનવ્વરામાં કિબ્લો દક્ષિણ દિશામાં છે અને શામ એટલે બયતુલ મુકદસ ઉત્તર દિશામાં છે, જેથી

ત્યાંના લેહાઝથી ફર્માવવામાં આવ્યું કે પૂર્વ કે પશ્ચિમ મોઢું કરી લો. અને આપણે ત્યાં (ઈન્ડિયામાં) કિ઼બ્લો પશ્ચિમ દિશામાં છે, જેથી આપણે લોકો દક્ષિણ કે ઉત્તર દિશામાં મોઢું રાખીશું. યાદ રાખશો કે આ હદીષમાં જંગલ કે આબાદીની કોઈ શર્ત નથી, દરેક સંજોગોમાં કિ઼બ્લા તરફ મોઢું કે પીઠ કરીને ઈસ્તિંજા કરવો હરામ છે. હનફીઓનો આ જ મઝહબ છે.

**૪.** ઈમામ મોહયુસ્સુન્નહના આ ફર્માનમાં વિવિધ રીતની ચર્ચા છે : **એક** એ કે મનાઈની હદીષમાં જંગલ કે આબાદીની શર્ત નથી. જેથી બિનશર્તીને તેની સ્થિતિ પર રાખવું જરૂરી છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہની આ રિવાયત હુઝૂર صلی اللہ علیہ وسلمનો એક ફેઅલ શરીફ (અમલ) વર્ણન કરી રહી છે અને જ્યારે ફેઅલ તથા ક઼ૌલ (કથન)માં તેમજ મનાઈ તથા મુબાહ હોવામાં ટકરાવ માલૂમ પડે તો ક઼ૌલી (વાણી થકી) હદીષને તથા ફેઅલ અને મનાઈને મુબાહ હોવા પર અગ્રતા આપવામાં આવે છે, કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلمના અમુક મુબારક ફેઅલો (અમલો) આપની વિશિષ્ટતાઓમાંથી હોય છે. **બીજુ** એ કે હુઝૂરનો અમલ મનાઈથી પહેલાંનો હશે, જેથી એ મન્સૂખ છે અને મનાઈની હદીષ નાસિખ (રદ કરનારી) છે. **ત્રીજુ** એ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી જોવામાં ગલતી થઈ હોય, હુઝૂર થોડા સરખા કિ઼બ્લાથી હટી ગયા હશે જેને જલ્દીમાં ઈબ્ને ઉમર ન જોઈ શક્યા, કેમ કે આવા  પ્રસંગે માણસ જલ્દીથી આંખો બંધ કરીને પરત થઈ જાય છે અને તેહકી઼ક઼ તથા ધ્યાનપૂર્વક જોતો નથી. **ચોથુ** એ કે સહાબાએ કિરામનો પણ એ જ મઝહબ હતો કે આબાદીમાં પણ એ દિશામાં પેશાબ જાજરૂ ન કરે. જેમ કે મુસ્લિમ, અબૂ દાઊદ, અહમદ, બુખારી, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી તથા તિર્મિઝીએ હઝરત અબૂ દાઊદ અન્સારીથી રિવાયત કરી છે કે જ્યારે અમે શામ (સીરિયા)માં પહોંચ્યા તો અમે ત્યાંના જાજરૂઓને કિ઼બ્લા રૂખ બનેલાં પામ્યાં તો અમે ઈસ્તિગફાર પઢતા હતા અને એમાં ફરીને બેસતા હતા. તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ અહસન તથા અસ્સહ છે. **પાંચમું** એ કે કિ઼બ્લાના આદાબ આબાદી તથા જંગલ બંનેમાં સમાન છે. કિ઼બ્લાની તરફ થૂંકવું અથવા પગો લાંબા કરવા જંગલમાં પણ હરામ છે અને વસ્તીમાં પણ હરામ છે. જેથી પેશાબ તથા જાજરૂનો હુકમ પણ બંને જગાએ સમાન હોવો જોઈએ.

**૫.** આપની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. ઈરાનના શહેર ઈસ્ફહાનના આસપાસમાં હાજિન આબાદીના રહેવાસી હતા. દીનની તલાશમાં ફરતા હતા. ૧૪ જગાએ વેચાયા, ત્યાં સુધી કે શોધતાં ખોળ તાં હુઝૂર સુધી મદીના પહોંચી ગયા. સાડા ત્રણસો વરસની ઉમર પામ્યા. હઝરત ઈસા علیہ السلامના તાબઈ અને હુઝૂર صلی اللہ علیہ وسلمના સહાબી છે. હિ.સ. ૫૩માં મદાઈનમાં વફાત પામ્યા. (મિર્ક઼ાત) અમુક ઈતિહાસકારોએ લખ્યું છે કે ઈસા علیہ السلامના હવ્વારીઓ પાસેથી આપે હુઝૂર صلی اللہ علیہ وسلمનાં ગુણો સાંભળ્યા તો આપની શોધમાં નીકળ્યા.

**૬.** યાદ રાખશો કે કિ઼બ્લા તરફ મોઢું કરીને પેશાબ જાજરૂ કરવું મકરૂહે તહરીમી છે. જમણા હાથ વડે નાનો કે મોટો ઈસ્તિંજા મકરૂહે તન્ઝીહી અને ત્રણ ઢેલા મોટા ઈસ્તિંજા માટે સામાન્ય સંજોગોમાં મુસ્તહબ છે, જો એનાથી વધારે કે ઓછામાં સફાઈ થાય તો કરી લે, આ જ હનફી મઝહબ છે. ઈમામ શાફઈને ત્યાં ઢેલાં વાજિબ છે.

**૭.** કેમ કે હાડકાં જિન્નાતનો ખોરાક છે અને ગોબર તેમના જાનવરોનો, તેમજ ગોબર (છાણ) ખૂદ નાપાક છે તો એનાથી પાકી કઈ રીતે હાંસલ થશે ? અને હાડકુ ક્યાંક અણીદાર ક્યાંક ચીકણુ હોય છે, ચીકણા હાડકાથી સફાઈ ન થશે અને અણી તરફથી ઝખ્મ થવાનો અંદેશો છે.

**૮.** આ દુઆ જાજરૂમાં પ્રવેશતા પહેલાં પઢી લેવામાં આવે કેમ કે ગંદી જગાએ અલ્લાહનું ઝિક્ર મના છે અને નગ્ન થઈને વાત કરવી પણ મના છે. કેમ કે જાજરૂમાં ખબીષથી જિન્નાત રહે છે એટલા માટે આ દુઆ પઢવી જોઈએ. ખુબષ તથા ખબાઈષના ઘણા અર્થો છે, અહીં એ જ અર્થ યોગ્ય છે જે અમે કર્યો છે.

# હદાઇકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

**હૈ લબે ઈસાસે જાં બખ્શી નિરાલી હાથમેં**
**સંગરેઝે પાતે હૈં શીરીં મક઼ાલી હાથમેં**

*(લબે ઈસા = હઝરત ઈસા علیہ السلام ના હોટ મુબારક, જાં બખ્શી = જાન અતા કરવાની ખૂબી, નિરાલી = અનોખી, સંગરેઝે = નાના નાના પથ્થર, કાંકરીઓ, શીરીં મક઼ાલી = મીઠી બોલી)*

**અર્થ :** હઝરત ઈસા علیہ السلام ની શાન નિરાલી છે કે આપ હોઠથી 'કુમ બિઈઝ્નિલ્લાહ !' કહેતા તો મુડદાં જીવંત થઈ જતાં હતાં, પણ મુસ્તફા ﷺ ની શાન એનાથી અનોખી છે કે હુઝૂર ફક્ત હાથ લગાડી દે છે તો મુડદાં જીવંત થઈ જાય છે અને પથ્થર કલ્મો પઢવા લાગે છે.

આ શેઅરમાં ઘણા મો'જિઝાઓ તરફ ઈશારો કરવામાં આવ્યો છે. હઝરત જાબિર رضی اللہ عنہ ના ઘરે દા'વત ખાધા પછી હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ખાધેલાં બકરીનાં હાડકાં પર હાથ ફેરવ્યો તો બકરી જીવંત થઈ ગઈ. હુઝૂર ﷺ ના હાથમાં કાંકરીઓએ તસ્બીહ પઢી. *(તિબ્રાની, બયહકી, મવાહિબે લદુન્નિયા)*

અબૂ જહલના હાથમાં પથ્થરોએ કલ્મો પઢયો. *(મષ્નવી શરીફ)*

હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે, હું હુઝૂર ﷺ સાથે મક્કાના એક રસ્તા પર જઈ રહ્યો હતો તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની સામે જે પણ પહાડ કે ઝાડ આવતું તે હુઝૂર ﷺ ને સલામ પેશ કરતું હતું. *(તિર્મિઝી શરીફ)*

**બે નવાઓં કી નિગાહેં હૈં કહાં તહ઼રીરે દસ્ત**
**રહ ગઇં જો પાકે જૂદે લાયઝાલી હાથમેં**

*(બેનવાંઓ = ગરીબો, તહરીરે દસ્ત = હાથનું લખાણ, રેખાઓ, જૂદ = સખાવત, લા યઝાલી = હમેશાં રહેનાર)*

**અર્થ :** બેનવાઓં ફકીરોની નિગાહો જોવા માટે તરસી રહી છે કે મુબારક હાથની રેખાઓ ક્યાં છે જેમાં હમેશાં માટે સખાવત લખેલ છે.

**ક્યા લકીરોં મેં યદુલ્લાહ ખત્તે સર્વ આસા લિખા**
**રાહ યૂં ઈસ રાઝ લિખને કી નિકાલી હાથ મેં**

*(લકીરો = રેખાઓ, યદુલ્લાહ = અલ્લાહનો હાથ, ખત્તે સર્વ = સીધુ લખાણ, આસા = જેવું)*

**અર્થ :** હે પ્યારા નબી ! ﷺ આપના યદુલ્લાહવાળા હાથમાં સર્વ ઝાડની જેમ સીધી રેખાઓ કુદરતનું રાઝ (ભેદ) છે. જેને અલ્લાહ તબારક વ તઆલાએ રેખાઓના (કોડ વર્ડ)ના અનોખા અંદાઝમાં લખ્યું છે.

અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને પાકમાં હુઝૂર ﷺ ના હાથને 'યદુલ્લાહ'થી સંબોધન કર્યું છે :–

''હે નબી ! જે આપના હાથમાં બયઅત કરી રહ્યા છે તે હકીકતમાં અલ્લાહથી બયઅત કરી રહ્યા છે

(તારા હાથના સ્વરૂપમાં) તેઓના હાથ પર અલ્લાહનો હાથ છે.'' *(સૂરએ ફતહ, પારા : ૨૬, રુકૂઅ : ૧)* ''હે મહબૂબ ! (હિજરતની રાતે) જે કાંકરીઓ તમે તારા હાથથી ફેંકી હતી તે તમે નહીં અલ્લાહે ફેંકી હતી.'' *(કુર્આન, પારા : ૯)*

**જૂદે શાહે કૌષર અપને પ્યાસોં કા જોયા હૈ આપ**
**ક્યા અજબ ઉળ કર જો આપ આએ પ્યાલી હાથમેં**

*(જૂદ = સખાવત, શાહે કૌષર = કૌષર જન્નતની નહેરના માલિક, જોયા = ઢુંઢનાર, આપ = ખૂદ, અજબ = નવાઈ)*

**અર્થ :** માલિકે કૌષર હુઝૂર عليه الصلوة والسلامની સખાવત પોતાના પ્યાસાઓને ખૂદ શોધે છે, કોઈ નવાઈની વાત નથી કે પ્યાલા ઉડી ઉડીને હુઝૂર ﷺના ગુલામોના હાથમાં પહોંચી જાય.

**અબ્રે નીસાં મો'મિનોં કો તેગે ઉર્યાં કુફ્ર પર**
**જમા હૈં શાને જમાલી વ જલાલી હાથમેં**

*(અબ્ર = વાદળ, નીસાં = રૂમીઓની માન્યતા મુજબ તેમનો સાતમો મહીનો જેમાં ખૂબ વરસાદ થાય છે, તેગે ઉર્યાં = ખુલ્લી તલ્વાર, જમાલી = રહમતભરી સિફત, જલાલી = ગઝબભરી સિફત)*

**અર્થ :** હુઝૂર ﷺના મુકદ્દસ હાથ તો મો'મિનો માટે, હુઝૂર ﷺના ગુલામો માટે રહમતનો વરસાદ વરસાવે છે કે મો'મિનો આપના મુકદ્દસ હાથોથી બંનેવ જહાનની નેઅમતો પ્રાપ્ત કરે છે અને હુઝૂર ﷺના મુબારક હાથ કુફ્ર માટે ખુલ્લી તલ્વાર છે. હુઝૂર ﷺના હાથની શું નિરાલી શાન છે કે જમાલી અને જલાલી બંનેવ સિફતો આપના મુબારક હાથમાં ભેગી છે.

**માલિકે કૌનૈન હૈં ગો પાસ કુછ રખતે નહીં**
**દો જહાં કી નેઅમતેં હૈં ઉનકે ખાલી હાથ મેં**

*(માલિકે કૌનૈન = બંનેવ જહાનના માલિક, ગો = જો કે)*

**અર્થ :** હુઝૂર ﷺ સરાપા નૂર બંનેવ જહાનના, દુનિયા અને આખિરતના માલિક છે જો કે પાસે કશું રાખતા નથી, આપના બંનેવ ખાલી હાથમાં અલ્લાહ તબારક વ તઆલા પાસે બંનેવ જહાનની નેઅમતો અતા ફર્માવી છે. હુઝૂર ﷺના માલિકે કૌનૈન હોવા પર અમુક હદીષો :–

**(૧)** ''સાતેવ જમીનના તમામ ખજાનાઓની ચાવીઓ મને આપવામાં આવી અને મારા હાથમાં મૂકવામાં આવી.'' *(બુખારી : ૨/૧૦૪૨, મુસ્લિમ : ૨/૨૪૪)* **(૨)** ''મને બે ખજાના લાલ અને સફેદ અતા કરવામાં આવ્યા.'' (મુરાદ સોના, ચાંદી) *(મિશ્કાત શરીફ, પેજ : ૫૧૨)* **(૩)** ''મને દરેક વસ્તુની ચાવીઓ આપવામાં આવી.'' *(તિબ્રાની, મુસ્નદે અહમદ, ખસાઈસે કુબ્રા, ૧/૧૯૫)* **(૪)** હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ ફર્માવે છે, ''મને બધી જ દુનિયાની ચાવીઓ આપવામાં આવી છે.'' *(ખસાઈસે કુબ્રા, ૨/૧૯૫, શર્હે મવાહિબ)* **(૫)** હઝરત આમિના رضی اللہ عنہا ફર્માવે છે કે, હુઝૂરની વિલાદત (પયદાઈશ) પછી એક કહેનાર કહી રહ્યો હતો, ''મુહમ્મદ (ﷺ)એ નુસ્રત અને નફાની ચાવી પર કબ્જો કરી લીધો, કોઈ મખ્લૂક એવી નથી જે આપના કબ્જામાં ન આવી હોય.'' *(ખસાઈસે કુબ્રા, ૧/૪૮)*

આ વિષય પર વધુ જાણકારી માટે અલ્ અમ્નુ વલ ઉલા, સલ્તનતે મુસ્તફા, ખઝાઈનુલ્લાહિ ફી યદી હબીબિલ્લાહ...વગેરે કિતાબોનો અભ્યાસ કરો.

**સાયા અફગન સર પે હો પરચમે ઈલાહી ઝુમકર**
**જબ લિવાઉલ હમ્દ લે ઉમ્મત કા વાલી હાથમેં**

*(સાયા અફગન = સાયો કરનાર, પરચમે ઈલાહી = અલ્લાહ પાકનો ઝંડો, લિવાઉલ હમ્દ = હમ્દનો ઝંડો જે મેદાને મેહશરમાં હુઝૂર ﷺને આપવામાં આવશે.)*

**અર્થ** : કયામતના દિવસે અલ્લાહ તબારક વ તઆલા શાને કહ્હારી સાથે મખ્લૂકને મેદાને મેહશરમાં ભેગી કરશે અને ઉમ્મતો બધા જ નબીઓ પાસે શફાઅતની દરખાસ્ત કરશે પરંતુ દરેક જગ્યાએ જવાબ મળશે, બીજા પાસે જાવ ! જ્યારે હુઝૂર ﷺની બારગાહમાં દરખાસ્ત કરશે તો હુઝૂર લિવાઉલ હમ્દ હાથમાં લઈ શફાઅત ફર્માવશે. તો જ્યારે ઉમ્મતના વાલી લિવાઉલ હમ્દ લેશે તો રહમતે ઈલાહીનો પરચમ ઝુમી ઝુમીને ઉમ્મતો પર સાયો કરવા લાગશે.

**હર ખતે કફ હૈ યહાં અય દસ્તે બૈઝાએ કલીમ**
**મોજઝન દરયાએ નૂરે બેમિષાલી હાથમેં**

*(ખતે કફ = હથેળીની રેખા, દસ્તે બૈઝા = ચમકદાર હાથ, કલીમ = હઝરત મૂસા علیہ السلامનો લકબ, મોજઝન = મોજા મારનાર, નૂરે બેમિષાલી = અજોડ રોશની)*

**અર્થ** : હઝરત મૂસા કલીમુલ્લાહ علیہ السلامનો મો'જિઝો હતો કે આપ પોતાનો હાથ બગલમાં નાખી બહાર કાઢતા તો ચમકવા લાગતો હતો, જેને "યદે બૈઝા" કહેવામાં આવે છે. નિઃશંક ! આ હઝરત મૂસા علیہ السلامનો કમાલ છે કે હાથ ચમકતો હતો, પરંતુ મારા પ્યારા નબી ﷺના મુબારક હાથની દરેક લકીરમાંથી અજોડ નૂરના દરિયા મોજાં મારે છે કે હુઝૂર ﷺનો મુબારક હાથ જેને ઈચ્છતા સ્પર્શ કરીને તે વસ્તુને ચમકાવી દેતા. જેવું કે હદીષે પાકમાં છે કે હઝરત કતાદા رضی اللہ عنہને હુઝૂર ﷺએ પોતાના હાથથી સ્પર્શીને એક લાકડી આપી જે હઝરત કતાદા رضی اللہ عنہની દસ હાથ આગળ અને દસ હાથ પાછળ પ્રકાશ આપતી હતી. (શિફા શરીફ) આ જ પ્રકારની હદીષો બુખારી, મિશ્કાત, હુજ્જતુલ્લાહ, ખસાઈસે કુબ્રા...વગેરે કિતાબોમાં મૌજૂદ છે.

**વહ ગિરા સંગી કદરે મિસ વો અરઝાનીયે જૂદ**
**નવઈયહ્ બદલા કિએ સંગો લાલી હાથ મેં**

*(ગિરા સંગી = ભારી પથ્થર જેવી સખત, કદર = જેટલી, મિસ = તાંબુ, અરઝાની = સસ્તાઈ, જૂદ = સખાવત, નવઈયહ્ = પ્રકાર, સંગ = પથ્થર, લાલી = મોતીઓ)*

**અર્થ** : હુઝૂર ﷺના હાથની કમાલ તો જુઓ કે હિજરતની રાતે કાંકરીઓને હુઝૂર ﷺએ પોતાના હાથમાં લીધી તો તે તાંબા જેવી સખત અને ભારે થઈ ગઈ કે દુશ્મનો આંધળા થઈ ગયા અને જે મુબારક હાથની સખાવતથી મિસ્કીનો માલામાલ થઈ ગયા. આપના હાથમાં પથ્થર અને મોતી પોતાના પ્રકાર બદલી નાખે છે.

**દસ્તગીરે હર દો આલમ કર દિયા સિબ્તૈન કો**
**અય મૈં કુર્બાન જાને જાં અંગુશ્ત કયા લી હાથ મેં**

*(દસ્તગીર = મદદગાર, દો આલમ = બે જગત, સિબ્તૈન = બેનવાસા, અંગુશ્ત : આંગળી, કયા = શું, લી = પકડી)*

**અર્થ** : નબી ﷺના પ્યારા નવાસા હઝરત ઈમામ હસન અને હુસૈન رضی اللہ عنہماએ પ્યારા નબીની આંગળી બાળપણમાં શું પકડી કે મુખ્તારે કાઈનાત નાનાજાન ﷺએ બંનેવ જહાનમાં દસ્તગીર

(મદદગાર) બનાવી દીધા.

**આહ વહ આલમ કે આંખે બંદ ઔર લબ પર દુરૂદ**
**વક્ફે સંગે દર જબીં રૌઝે કી જાલી હાથ મેં**

*(આહ = અફસોસ, આલમ = હાલત, વક્ફ = મૂકવુ, સંગેદર = હુઝૂર ﷺની ચોખટનો પથ્થર, જબીં = પેશાની, રોઝા = હુઝૂર ﷺનો મઝાર મુબારક, જાલી = હુઝૂર ﷺની સોનેરી જાળી)*

**અર્થ :** આહ ! તે સમય ક્યારે આવશે જ્યારે હુઝૂર ﷺની બારગાહમાં હાજરી થશે, રોઝએ મુબારક પર આંખો બંધ, હોઠો પર દુરૂદ શરીફ હશે અને પેશાની હુઝૂર ﷺની ચોખટ પર વક્ફ થશે અને સોનેરી જાળી હાથમાં હશે.

**જિસને બયઅત કી બહારે હુસ્ન પર કુર્બાં રહા**
**હૈં લકીરેં નક્શે તસ્ખીરે જમાલી હાથ મેં**

*(બયઅત કી = મુરીદ થયા, બહારે હુસ્ન = હુસ્નની સુંદરતા, કુર્બાન રહા = ફિદા થયો, નક્શ = લખવું, તસ્ખીર = તાબે કરવું, જમાલી = ખૂબસૂરત)*

**અર્થ :** પ્યારા નબી ﷺઆપના હાથ પર જેણે પણ બયઅત કરી (મુરીદ બન્યો) તે આપ ના હુસ્ન પર સદા કુર્બાન થયો, કારણ કે આપના મુબારક હાથની લકીરોમાં આપના હુસ્નના તાબે કરવાની તાકત છે.

**કાશ ! હો જાઉં લબે કૌષર મેં યૂં વારફ્તા હોશ**
**લેકર ઉસ જાને કરમ કાઝૈલે આલી હાથમેં**

*(કાશ = ખુદા કરે, લબે કૌષર = હૌઝે કૌષરનો કિનારો, વારફ્તા હોશ = બેખબર, ઝૈલે આલી = ઊંચા મકામવાળો દામન)*

**અર્થ :** હે કાશ ! કૌષરના કિનારા પર હુઝૂર ﷺના મુબારક દામનને પકડી હુઝૂર ﷺની મહોબ્બતનો મદહોશ થઈ જાઉં !

**આંખ મહ્વે જલ્વએ દીદાર દિલ પુર જોશે વજ્દ**
**લબ પે શુક્રે બખ્શિશે સાકી પ્યાલી હાથ મેં**

*(મહ્વ = ખોવાયેલ, જલ્વએ દીદાર = દીદારની રોનક, જોશે વજ્દ = બેખબરીનો જોશ, બખ્શિશે સાકી = પીવડાવનારની સખાવત)*

**અર્થ :** (ઉપરના શેઅર સાથે મિલાવી) આંખો હુઝૂર ﷺના જલ્વાના દીદારમાં ખોવાયેલ હોય, દિલ વજ્દમાં ઝુમી રહ્યું હોય, હુઝૂર علیہ الصلوٰۃ والسلامના મુબારક હાથોથી આપેલ કૌષરનો પ્યાલો હાથમાં હોય અને હોઠો પર હુઝૂર ﷺની સખાવતના શુક્રિયાના શબ્દો હોય.

**હશ્રમેં ક્યા ક્યા મઝે વારફ્તગી કે લૂં 'રઝા'**
**લૌટ જાઉં પાકે વો દામાને આલી હાથમેં**

*(વારાફ્તગી = બેખૂદી, લૌટ જાઉં = મચલી જાઉં, દામાને આલી = ઊંચો દામન)*

**અર્થ :** હે અહમદ રઝા ! (رحمۃ اللہ علیہ) મેદાને મેહશરમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દીદારની બેખૂદીમાં શું શું મજા લઉં ?! બસ ! હું તો હુઝૂર ﷺના મુબારક દામનને પકડી મચલી જાઉં !

# દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

***(મજલિસ : ૯)***

***(દલીલુલ આરિફીન : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)***

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

### ★ રાહે સુલૂક વિશે ચર્ચા ★

જ્યારે કદમબોસીની દૌલત નસીબ થઈ તો એ સમયે શૈખ અવહદ કિર્માની, શૈખ વાહિદ બુરહાન ગઝનવી, ખ્વાજા સુલૈમાન અબ્દુર્રહમાન તથા અન્ય અમુક દરવેશો ખિદમતમાં હાજર હતા. સુલૂકના બારામાં વાત શરૂ થઈ. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મશાઈખે સુલૂકના સો દરજ્જા નક્કી કર્યા છે એમાંથી સત્તરમો મર્તબો કશ્ફો કરામતનો છે, તો જે શખ્સ આ સત્તરમા દરજામાં પોતે પોતાને જાહેર કરી આપે તો બાકીના ત્યાસી દરજા કઈ રીતે હાંસલ કરશે ? સાલિકે (સુલૂકના માર્ગે ચાલનારે) જોઈએ કે જ્યાં સુધી સો (૧૦૦)મા મર્તબે ન પહોંચી જાય ત્યાં સુધી પોતે પોતાને જાહેર ન કરે.

પછી ફર્માવ્યું કે ખ્વાજગાને ચિશ્તના ખાનદાનમાં અમુક પંદર દરજા નિશ્ચિત કર્યા છે જેમાં પાંચમો કશ્ફો કરામતનો છે. અમારા ખ્વાજગાન ફર્માવે છે કે જ્યાં સુધી પંદરમાં દરજે ન પહોંચી જાય ત્યાં સુધી પોતાના તરફથી જાહેર ન કરે તો કામિલ થશે.

તેમજ ફર્માવ્યું કે સુલૂકના સંબંધે લખ્યું છે કે એકવાર ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે આપ દીદાર કેમ નથી ચાહતા ? જો ચાહો તો જરૂર મળી જાય. ફર્માવ્યું, હું એક ચીજ નથી ચાહતો તે એ છે કે જે મૂસા علیہ السلامએ માગી હતી (અલ્લાહનો દીદાર) અને તેમને નસીબ થઈ ન હતી, પરંતુ રસૂલુ ખુદા صلی اللہ علیہ وسلمને વણ માગ્યે મળી. તો પછી બંદાને ખ્વાહિશથી શો વાસ્તો ?! જો તે એના લાયક હશે તો હિજાબ ઉઠાવી લેશે અને તજલ્લી થઈ જશે, તો શું જરૂરત છે કે આપણે ખ્વાહિશ કરીએ ?!

### ★ ઈશ્કના બારામાં ચર્ચા ★

ત્યારબાદ ઈશ્કના બારામાં ચર્ચા શરૂ થઈ તો ફર્માવ્યું કે, ''આશિકનું દિલ મહોબ્બતનો આતિશકદા (ભઠ્ઠો) હોય છે, જે એમાં જાય તેને સળગાવી નાખે અને નાચીઝ કરી આપે છે, કેમ કે ઈશ્કની આગથી બચવાને કોઈ આગ તેજ નથી.''

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ મકામી કુર્બમાં પહોંચ્યા તો ગયબથી અવાજ આવ્યો કે હે બાયઝીદ ! આજે તારી દરખાસ્ત અને અમારી બખ્શિશનો સમય છે, જે ચાહે માગ ! અમે આપીશું ! ખ્વાજા બાયઝીદ رحمۃ اللہ علیہએ સજદામાં માથુ રાખીને અર્ઝ કરી કે બંદાને ખ્વાહિશથી શો સંબધ ! જે કાંઈ બાદશાહથી અતા થશે એના પર રાજી છે. અવાજ આવ્યો, હે બાયઝીદ ! અમે તને આખેરત આપી ! અર્ઝ કરી કે તે દોસ્તાનાએ ઈલાહીનું કૈદખાનુ છે. પછી અવાજ આવ્યો, હે બાયઝીદ ! જન્નત, દોઝખ, અર્શ, કુર્સી અને જે અમારી મિલ્કિયત છે સર્વ કાંઈ તને આપ્યું ! અર્ઝ કરી, નહીં ! અવાજ આવ્યો કે, તો પછી તારો શો હેતુ છે ? અર્ઝ કરી, પરવરદિગાર ! તને ખૂદ માલૂમ છે. અવાજ આવ્યો, હે બાયઝીદ ! શું તુ મને તલબ કરે છે ?! જો હું તને તલબ કરું તો પછી શું કરે ? આ અવાજ સાંભળતાં જ અર્ઝ કરી કે મને તારી કસમ ! જો તું મને તલબ કરે તો કયામતના દિવસે જ્યારે મારો હશ્ર થાય તો દોઝખની પાસે ઉભો થઈને એક જ આહ વડે દોઝખની આગને નાબૂદ કરી દઉં. કેમ કે

મહોબ્બતની આગના સામે દોઝખની આગની કાંઈ હકીકત નથી. જ્યારે આ કસમ ખાધી તો અવાજ આવ્યો, હે બાયઝીદ ! જે કાંઈ તું ચાહે છે તે તને મળી ગયું.

પછી એ મોકાને અનુરૂપ આ હિકાયત વર્ણન કરી કે રાબિઆ બસરી એક રાતે શોખ તથા ઈશ્તિયાકના કારણે ''અલ્હરીક ! અલહરીક !'' પોકારતી હતી. બસરાવાસીઓ, આ ફરિયાદ સાંભળીને બહાર નીકળ્યા જેથી આગ ઓલવી નાખે. એમનામાં એક શખ્સ વાસિલે ખુદા હતો તેણે કહ્યું, કેવા બેવકૂફ છે કે રાબિઆની આગ ઓલવવા આવ્યા છે ! એમના તો સીનામાં ઈશ્કની આગ ભડકેલી છે એ દોસ્તના વિસાલ સિવાય ઓલવાશે નહીં.

પછી ફર્માવ્યું કે મન્સૂર હલ્લાજને પૂછવામાં આવ્યું કે દોસ્તના ઈશ્કમાં કમાલિયત કઈ ચીજનું નામ છે ? ફર્માવ્યું, જ્યારે માશૂક સિયાસત કરવા ચાહે અને આશિકનું સર કાપવા ચાહે તો ચૂં કે ચા ન કરે અને માશૂકની રઝા માટે તત્પર રહે અને તેના મુશાહિદા (દીદાર)માં એવો ડૂબેલો રહે કે તેને બંધાવા કે ખુલવાની રજમાત્ર ખબર ન પડે. પછી ખ્વાજા મોઈનુદ્દીન رحمۃ اللہ علیہએ અશ્રુમય આંખે આ શેઅર પઢયો.

**ખૂબરૂયાં ચૂં બંદા ગીરંદ**
**આશિકાં પેશે શાં ચુનીં મીરંદ**

**(ભાવાર્થ)** : *''હુસ્નવાળા જ્યારે કોઈને કેદી બનાવે છે તો આશિકો તેમના સમક્ષ આમ જ (જોતજોતાંમાં) જાન આપી દે છે.''*

ત્યારબાદ એ જ મોકાસર ફર્માવ્યું કે બગદાદમાં એક આશિકને હજાર કોરડા લગાડવામાં આવ્યા છતાં ન તો તેણે હાથ ઉઠાવ્યો અને ન તેના પગો ડગમગ્યા. એક વાસિલે તેને પૂછયું, શું હાલત છે ? કહ્યું, મારો માશૂક મારી સામે હતો તેના દીદારની શક્તિ વડે મને રજમાત્ર તકલીફ ન થઈ બલ્કે ખબર પણ ન થઈ !

ઈમામ મુહમ્મદ ગિઝાલી ફર્માવે છે કે એકવાર બગદાદમાં કોઈ મુજરિમના હાથ પગો કાપવામાં આવ્યા તો તે હસતો હતો. એક જણે તેને હસવાનો સબબ પૂછયો તો કહ્યું, મારો મહબૂબ આંખોની સામે છે તેના દીદારની શક્તિના કારણે મને તેના દર્દની ખબર ન થઈ ! હું એવો ડૂબેલો હતો કે મને પગો કપાવવાની ખબર જ નથી ! ખ્વાજા સાહબે અશ્રુમય આંખે આ શેઅર પઢયો :–

**ઊ બરસરે કત્લ વ મન દર્વે હૈરાનમ્**
**કાં રાન્દન તબ્અશ ચે નેકો મિઆદ**

**(ભાવાર્થ)** : *''એ કત્લ કરવા ચાહે છે અને હું એમાં ખોવાયેલો છું કે આ અનુસરણ એના પાછળ કેટલુ સારું લાગે છે.''*

## ★ અહલે સુલૂક અને આરિફો વિશે ★

ત્યારબાદ અહલે સુલૂક અને આરિફોના અહવાલ સંબંધી ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہએ મુનાજાત (દુઆ)ના સમયે આ શબ્દો કહ્યા : ''યા અલ્લાહ ! તારી તરફ (રાહે સુલૂક) કઈ રીતે પ્રાપ્ત થશે ?'' અવાજ આવ્યો, ''હે બાયઝીદ ! પ્રથમ તારી જાતથી ત્રણ તલાક આપ, અને પછી અમારી વાત કર.''

ત્યારબાદ ખ્વાજા સાહબે ફર્માવ્યું કે જ્યાં સુધી માણસ રાહે સુલૂકમાં પ્રથમ દુનિયા તથા તેમાં જે કાંઈ છે તે, અને પછી પોતાની જાતને ન છોડે તો અહલે સુલૂકમાં પ્રવેશી જ નથી શકતો, અને ન એમનામાંનો થાય છે. તો જો એની આવી હાલત ન હોય તો સમજો કે જૂઠો છે.

ત્યારબાદ ફર્માવ્યું કે એક તરીકતના બુઝુર્ગે જે ઈશ્કવાળાઓમાંથી હતા એકવાર મુનાજાતમાં કહ્યું કે, તું તો મારાથી સિત્તેર સાલનો હિસાબ પૂછીશ, પરંતુ હું તો સિત્તેર હજાર સાલનો પૂછીશ ! કેમ કે સિત્તેર એંસી હજાર વરસનો અરસો થયો તેં ''અલસ્તુ બિરબ્બિકુમ !'' (શું હું તમારો રબ નથી !) કહીને આખા જહાનમાં શોર મચાવી આપ્યો ! આ શોર જે જમીન તથા આસમાનમાં મચેલો છે એ સૌ ''અલસ્તુ''ના શોખના કારણે છે. જેથી એ બુઝુર્ગે આ વાત કહી, અવાજ આવ્યો કે જવાબ સાંભળ ! તારી આરઝૂ તને મળી જશે, એટલે હું તારા વુજૂદને રજકણ રજકણ કરીને દરેક રજકણને દીદાર દેખાડીશ અને કહીશ, આ છે સિત્તેર હજાર સાલ ! અને બાકી અલગ રાખી દઈશ.

પછી એ મોકાને અનુરૂપ ફર્માવ્યું કે આરિફ દરરોજ એ વાત કહ્યા કરે છે કે એક શખ્સ કોઈ ચીજની તરફ આકર્ષિત થાય છે પણ હું કોઈ ચીજ પ્રતિ આકર્ષિત નથી થતો. તો એકવાર પણ મેં ફિદા ન કર્યું ચાહે સાતેવ આસ્માન ઉલટ પુલટ થઈ જાય, હું કદી મારા માટે ન તલબ કરીશ. પછી શોખના ગલ્બા હેઠળ કહ્યું, કે એણે મને જોવા ચાહ્યું પરંતુ અમે એને જોવા ન ચાહ્યું, એટલે બંદાને મુરાદ તથા ખ્વાહિશથી શું કામ ?!

# ગલતફહમીઓ
## તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

### મામૂલી ઈખ્તિલાફાત (સામાન્ય મતભેદો)ને ઝઘડાઓનું કારણ બનાવવું

કેટલાક ફૂરૂઈ (અમલી) અને નવા ઉદ્‌ભવેલ મસાઈલ જેનો ઝિક્ર ખુલ્લા શબ્દોમાં કુર્આન, હદીષ અને ફિક્હની આધારભૂત કિતાબોમાં મળતો નથી, તેવા મસાઈલ બાબત ક્યારેક ક્યારેક આલિમોનાં મંતવ્યો પણ અલગ અલગ થઈ જાય છે, ખાસ કરીને આજે વિજ્ઞાન અને ટેકનોલોજીના જમાનામાં નીત નવી શોધોને કારણે આવા મસાઈલ ઘણી સંખ્યામાં સામે આવી રહ્યા છે. તો કેટલાક લોકો ઓલમાના ઈખ્તિલાફ (ભિન્ન મંતવ્યો)ને લડાઈ, ઝઘડા, ગાળા ગાળી અને ભલુ બુરુ બોલવાનું નિમિત્ત બનાવી દે છે અને આપસમાં જૂથબંધી કરી લે છે, આ તેમની મહાન ગલતફહમી છે.

ફુરૂઈ (અમલને લગતા) મસાઈલમાં મતભેદને કારણે જૂથબંધી ક્યારેય કરવી ન જોઈએ અને ન તો એકબીજાને સારું ખરાબ કહેવું (ભાંડવું) જોઈએ બલ્કે જે વાત તમને સત્ય અને દુરુસ્ત લાગે તે બીજાઓને પણ સમજાવી દેવી એ પૂરતું છે. જો (સામાવાળો) માની જાય તો ઠીક છે નહિતર તેને તેની હાલત (માન્યતા) ઉપર છોડી દેવો જોઈએ અને તેને પોતાનો મુસલમાન ભાઈ જ સમજવો જોઈએ. પરંતુ આજકાલ નાની નાની વાતોમાં આપસમાં લડાઈ ઝઘડા અને ફસાદ કરવું અને પાર્ટીઓ (જૂથબંધી) બનાવી લેવાની મુસલમાનોમાં બીમારી પેદા થઈ ગયેલ છે. આવું એટલા માટે પણ થયેલ છે કે આજકાલ લોકો નમાઝ, ઈબાદત અને કુર્આને કરીમની તિલાવત અને દીની કિતાબોનું વાંચન વગેરેમાં મશ્ગૂલ નથી રહેતા, ખાલી (બેકાર અને નવરા) રહે છે એટલે જ તેઓને ખુરાફત (વ્યર્થ અને બેકાર વાતો) સૂઝે છે અને આવી બિન જરૂરી વાતોમાં લડાઈ ઝઘડા કરે છે.

કેટલાક લોકો આ ફુરૂઈ (અમલી) મતભેદને ઓલમાએ દીનની શાનમાં ગુસ્તાખી કરવાનું અને તેમને સારું નરસું કહેવાનુ બહાનુ બનાવી લે છે. આવા લોકો ગુમરાહ અને બદદીન છે, તેઓથી મિત્રતા એ ઈમાનની મૌત છે, કેમ કે **દીન (મઝહબ)ના ઓલમાની શાનમાં ગુસ્તાખી અને મોલ્વીઓને સાચુ ખોટુ કહેવું બદમઝહબી છે. ગુમરાહો (ભટકી ગયેલાઓ)ની ગુમરાહીની શરૂઆત અહીંયાથી થાય છે.**

ઈલ્મો ફઝ્લવાળાઓ (મઝહબે ઈસ્લામના જાણકાર આલિમ વિદ્વાનો)માં દયાનત અને અમાનતમાં જો કોઈ મુદ્દા ઉપર મતભેદ થઈ જાય તો સામાન્ય લોકોએ જોઈએ કે ખુદાએ તઆલાની તૌફીક્થી જ્યાં મગજનો ઝુકાવ (દિલ ગવાહ) થઈ જાય તેની વાત ઉપર અમલ કરવું જોઈએ પરંતુ બીજાઓની શાનમાં પણ ગુસ્તાખી (બેઅદબી) ન કરે, તેઓનું પણ માન જાળવવું જોઈએ અને ખુદાએ તઆલાથી તૌફીકે ખૈર (સાચી સમજ) અને સીધા રસ્તા (સત્યના માર્ગ) ઉપર ક઼ાયમ રહેવાની રડી રડીને દુઆ કરતા રહેવું જોઈએ.

હદીષમાં છે કે રસૂલે પાક ﷺ જ્યારે જંગે ખંદક પછી પાછા મદીના શરીફમાં તશરીફ લાવ્યા અને તરત જ યહૂદીઓના ક઼બીલા બનૂ કુરૈઝા પર ચઢાઈ કરવાનો ઈરાદો ફર્માવ્યો ત્યારે સહાબાએ કિરામને હુકમ ફર્માવ્યો કે "બનૂ કુરૈઝામાં જઈને અસરની નમાઝ પઢવામાં

આવે." પરંતુ રસ્તામાં જ નમાઝનો સમય થઈ ગયો તો અમુક સહાબાએ કિરામે નમાઝનો વખત નીકળી જવાના ભયથી (નમા ઝ કઝા થવાના ભયથી) રસ્તમાં જ નમાઝ પઢી લીધી અને તેમનું માનવું એમ હતું કે "હુઝૂર ﷺનો કહેવાનો આશય એવો ન હતો કે નમાઝનો વખત નીકળી જાય તો પણ નમાઝ બનૂ કુરૈઝામાં જ પઢવામાં આવે." અને કેટલાક લોકોએ (સહાબાએ કિરામે) નમાઝનો વખત નીકળી જવાની પરવા ન કરી અને નમાઝ બનૂ કુરૈઝામાં જઈને જ પઢી. હુઝૂર ﷺની સામે જ્યારે આ બાબતનું વર્ણન કરવામાં આવ્યું તો આપે બંને ગૃપને સાચા અને દુરસ્ત ફર્માવ્યા. *(સહીહ બુખારી, જિ–૧, બાબુસ્સલાતુલ તાલિબ વલ મત્લુબ, પેજ–૧૨૯)*

એક બીજી હદીષમાં છે કે હુઝૂર ﷺના બે સહાબા સફર (પ્રવાસ)માં ગયા. રસ્તામાં પાણી ન મળવાથી બંનેએ પાક માટીથી તયમ્મુમ કરીને નમાઝ પઢી. પછી આગળ વધ્યા તો પાણી મળી ગયું અને નમાઝનો સમય બાકી હતો. એક સહાબાએ વુઝૂ કરીને નમાઝને દોહરાવી લીધી પરંતુ બીજા (સહાબી)એ દોહરાવી નહીં. પાછા ફર્યા પછી હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈને બનાવનું વર્ણન કર્યું. તો હુઝૂરે ﷺ એ નમાઝ ન દોહરાવનાર સહાબીને ફર્માવ્યું કે "તમે સુન્નતના પ્રમાણે કામ કર્યું." અને દોહરાવનાર સહાબીથી ફર્માવ્યું, "તમારા માટે બે ગણો સવાબ છે." *(નિસાઈ, અબૂ દાઊદ, મિશ્કાત, બાબુત્તયમ્મુમ, પેજ–૫૫)*

એટલે કે હુઝૂર ﷺએ બંનેને હક્ક (સાચા) અને દુરસ્ત (વાજબી) ફર્માવ્યા. આ હદીષોથી સાબિત થાય છે કે ફુરૂઈ ઈખ્તિલાફાત (અમલી મતભેદ) પછી પણ બે જૂથો (પક્ષો) હક્ક (સત્ય) ઉપર હોય શકે છે જ્યારે કે બંનેની નિય્યત સાચી હોય. આ હદીષ પરથી તેમણે પણ બોધ લેવો જોઈએ જેઓ એવું કહે છે કે, "ઈખ્તિલાફાત (મતભેદો) હોવા છતાં ચારે મસ્લક હન્ફી, શાફઈ, માલિકી અને હમ્બલી કઈ રીતે સચ્ચાઈ પર કહેવાય ?"

હઝરત મૌલાએ કાએનાત સૈયેદના વ મૌલાના હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ અને સૈયદેના અમીર મુઆવિયહ رضی اللہ عنہની વચ્ચે જંગો જદાલ (યુધ્ધ) થયા હોવા છતાં બંનેનું એહતેરામ (માન સન્માન) કરવામાં આવે છે અને બંનેમાંથી કોઈને પણ ભલુ બુરુ કહેવું (ટીકા કરવી) સદંતર ગુમરાહી અને જહન્નમનો રસ્તો છે.

આનું દષ્ટાંત આ પ્રમાણે સમજવું જોઈએ કે જે પ્રમાણે મા અને બાપની વચ્ચે જો ઝઘડો થઈ જાય, તો ઔલાદ જો માને મારે પીટે ગાળો આપે તો પણ બદનસીબ અને મહરૂમ, અને જો બાપની સાથે આવું વર્તન કરે તો પણ (બદનસીબ અને મહરૂમ). એટલે કે ઔલાદને આ ઝઘડામાં છૂટ નથી કે એકનો પક્ષ લઈને બીજાની શાનમાં બેઅદબી કરે. બલ્કે બંને (પક્ષો)નું સન્માન જરૂરી છે. એ જ રીતે કોઈ વિદ્યાર્થીના બે ઉસ્તાદો (શિક્ષકો)ની વચ્ચે ઝઘડો થઈ જાય તો વિદ્યાર્થી માટે બંનેમાંથી કોઈ એક પક્ષની સાથે બેહૂદગી (બેશરમી) અને બદતમીઝી (અયોગ્ય વર્તન)ની ઈજાઝત નથી.

મતલબ એ જ કે મોટાઓ (વડીલો)ના ઝઘડામાં નાનાઓએ ઘણી જ એહતેયાત (સાવધાની) અને હોશિયારીની જરૂરત છે.

આ શિર્ષક (વિષય) અન્વયે અમોએ જે કાંઈપણ લખ્યું છે તે બધાનો તાત્પર્ય એ જ છે કે **જ્યાં સુધી કોઈ પણ વ્યક્તિ જરૂરિયાતે દીનનો મુન્કિર (ઈન્કાર કરનાર) અને અકીદામાં ખરાબીને કારણે તે સ્થાને ન પહોંચી જાય કે તેને ઈસ્લામમાંથી ખારિજ (બહાર) અને કાફિર કહી શકીએ, ત્યાં સુધી તેની સાથે નમ્રતાપૂર્વકનું વર્તન કરવું જોઈએ અને સમજાવવાની કોશિશ ચાલુ રાખવી જોઈએ અને ખુદા તઆલાની પાસે તેની હિદાયત માટેની દુઆ કરતા રહેવું જોઈએ.**

હા ! તે લોકો જે જરૂરિયાતે દીનના મુન્કિર હોય, કુર્આન અને હદીષથી સાબિત થયેલ સહીહ (સ્પષ્ટ અને સત્ય) બાબતોને સ્વીકારતા ન હોય અથવા અલ્લાહ તઆલા અને તેના મહબૂબ ﷺ અને બીજા અંબિયાએ

કિરામ અને ઔલિયાએ ઈઝામ અને માનનીય ઓલમાએ કિરામની શાનમાં તૌહીન અને ગુસ્તાખી કરતા હોય અથવા રસૂલલ્લાહ ﷺના ગુસ્તાખોની ટોળકીઓ અને જમાઅતોમાં જાણી બુઝીને જોડાયેલા હોય અને તેઓની પ્રશંસા અને વખાણ કરતા હોય, તેઓ બેશક ! આને લાયક નથી, બલ્કે તેઓથી જેટલી નફરત કરવામાં આવે ઓછી છે, કેમ કે અલ્લાહ અને અલ્લાહવાળાઓની શાનમાં ગુસ્તાખી અને બેઅદબી કરવી એ ઈસ્લામમાં સૌથી મોટો ગુનાહ છે અને એવા લોકોની દોસ્તી ઈમાનને માટે ઝેરીલો સાપ છે.

ઓલમાએ એહલે હક્કની વચ્ચે ફુરૂઈ ઈખ્તેલાફ (અમલી મતભેદ)ની સ્થિતિમાં બંને (પક્ષો) તરફ સન્માન અને અદબ રાખવાનો જે મશ્વરો અમોએ આપને આપેલ છે તે એ લોકો માટે જ છે જે ખરેખર આલિમ છે, ફકીહ અને મોહદ્દિષ છે. નહિતર આજકાલના તે કેટલાક અભણ લોકો જેઓ બે ચાર ઉર્દૂની કિતાબો પઢીને આલિમ બની જાય છે અથવા ફક્ત તકરીરો કરીને સ્ટેજો ઉપર "અલ્લામા" કહેવડાવે છે, કુર્આન અને હદીષમાં અટકળો લગાવે છે, મસાઈલમાં ઓલમાથી ટકરાય છે, પોતાની દુકાન અલગ રીતે સજાવે છે, તેઓ આ (મશ્વરા)માં દાખલ નથી બલ્કે આ લોકો તો મુસ્લિમ ઉમ્મતોમાં ફસાદ ફેલાવનારા અને ફિત્નાખોરો છે.

એ જ પ્રમાણે તે મુન્કિરો (ઈન્કાર કરવાવાળાઓ) જે ચારેય ઈમામોથી અલગ રસ્તો કાઢે છે અને (પોતાની જાતને) એહલે હદીષ કહેવડાવે છે, તે બધા એ લોકો છે જેના વિશે હદીષમાં આવેલ છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે : "જ્યારે તમે એકની ઈત્તેબા (અનુસરણ) પર મુત્તફિક (સહમત) થઈ જાવ અને જો કોઈ વ્યક્તિ તમારી લાઠી ચીરવા ઈચ્છે (આપસમાં લડાવવાની કોશિશ કરે) તો તેને ખત્મ કરી દો." *(મિશ્કાત, પેજ–૩૨૦)*

સૈયદી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જ્યાં અમલી (મસાઈલમાં) મતભેદ હોય, જેમ કે હન્ફી અને શાફઈનો મતભેદ, એહલે સુન્નતમાં ત્યાં (ખબરદાર) હરગિઝ એક બીજાને ખોટુ કહેવું જાઈઝ નથી." *(અલ્મલ્ફૂઝ, ભાગ–૧, પેજ–૫૧)*

પેજ નં.**૧૧**નું ચાલુ...

કરવાનો ઉપદેશ આપ્યો હતો, પછી જ્યારે હુઝૂર ﷺ જાહેર થયા ત્યારે આ ઉપદેશ આપનાર પોતે જ ઇર્ષાથી કાફિર થઇ ગયા, ત્યારે એમને આ આયતથી ધમકાવવામાં આવ્યા. (ખાઝિન, મદારિક)

૭૭. અને સબ્ર અને નમાઝથી મદદ ચાહો, એટલે કે પોતાની હાજતોમાં સબ્ર અને નમાઝથી મદદ ચાહો. સુબ્હાનલ્લાહ ! કેવી પવિત્ર તાલીમ છે, સબ્ર એટલે કે ધીરજ, મુસીબતોનો અખલાકી મુકાબલો (સંસ્કારિક સંઘર્ષ) છે, મનુષ્ય ન્યાય, સંકલ્પ અને સત્ય પર અટલ રીતે એના વગર જામેલો રહી શકતો નથી, સબ્રના ત્રણ પ્રકાર છે, (૧) દુ:ખ અને મુસીબત ટાણે પોતાની જાતને એ બાબત જાહેર કરવાથી રોકવી (૨) અલ્લાહની ફરમાંબરદારી અને ઇબાદતના કષ્ટો વેઠવામાં અટલ રહેવું (૩) ગુનાહના કાર્ય તરફ આકર્ષવાથી સ્વભાવને રોકવો.

અમુક તફસીર કરનારાઓએ અહીં સબ્રનો મતલબ રોઝા બયાન કર્યા છે, એ પણ સબ્રની જ શાખા છે. આ આયતમાં સંકટ સમયે નમાઝથી મદદ લેવાની તાલીમ પણ આપી છે, કારણ કે નમાઝમાં શરીર અને નફસ દ્વારા થતી ઇબાદતોનું એકત્રીકરણ થયું છે, અને નમાઝમાં અલ્લાહની નજદીકી પ્રાપ્ત થાય છે, હુઝૂર ﷺ અગત્યના કાર્યોના આગમન સમયે નમાઝમાં મશ્ગૂલ થઇ જતા હતા, આ આયતમાં એ પણ બતાવવામાં આવ્યું છે કે સાચા મોમિનો સિવાય બીજાઓને નમાઝ એક ભારરૂપ લાગે છે.

૭૮. જેઓને યકીન છે કે તેઓને પોતાના રબને મળવું છે, અને તેના જ તરફ પરત થવું છે, તેઓને આ આયતમાં ખુશખબર છે કે મોમિનોને આખેરતમાં દીદારે ઇલાહીની દોલત નસીબ થશે.

# અહલે સુન્નતના અક઼ીદા કુ઼ર્આનની રોશનીમાં

લેખક : **મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)*
અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## તા'ઝીમે રસૂલ ﷺ

**★ બારગાહે રિસાલત મઆબ ﷺની બેઅદબી પર દર્દનાક અઝાબ ★**

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ لَا تَقُولُوا۟
رَٰعِنَا وَقُولُوا۟ ٱنظُرْنَا وَٱسْمَعُوا۟ ۗ
وَلِلْكَٰفِرِينَ عَذَابٌ أَلِيمٌ ۝

"હે ઈમાનવાળાઓ ! 'રાઈના' ન કહો અને એવી વિનંતિ કરો કે હુઝૂર અમારા તરફ જુઓ અને પ્રથમથી જ ધ્યાપૂર્વક સાંભળો અને કાફિરો માટે દુ:ખદાયક અઝાબ છે." *(સૂરએ બક઼રહ, ૧/૧૦૪)*

**★ રસૂલ ﷺ જ્યારે બોલાવે હાજર થવું જરૂરી છે ભલે જે કામમાં હોવ ★**

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ ٱسْتَجِيبُوا۟
لِلَّهِ وَلِلرَّسُولِ إِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيكُمْ ۖ

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને રસૂલના બોલાવવા પર હાજર થઈ જાવ. જ્યારે રસૂલ તમને જીવન આપનાર વસ્તુ તરફ બોલાવે." *(સૂરએ અન્ફ઼ાલ, ૯/૨૪)*

لَّا تَجْعَلُوا۟ دُعَآءَ ٱلرَّسُولِ بَيْنَكُمْ
كَدُعَآءِ بَعْضِكُم بَعْضًا ۚ

"રસૂલને પોકારવાને આપસમાં એવું ન ઠરાવી લો જેવી રીતે કે તમારામાં એકબીજાને પોકારે છે." *(સૂરએ નૂર, ૧૮/૬૩)*

**★ નબીએ આ'ઝમ ﷺના ઘરમાં પોતાની ઈચ્છાથી નથી જઈ શકતા ★**

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ لَا تَدْخُلُوا۟
بُيُوتَ ٱلنَّبِىِّ إِلَّآ أَن يُؤْذَنَ لَكُمْ

"હે ઈમાનવાળાઓ ! નબીના ઘરોમાં હાજર થાવ નહીં જ્યાં સુધી કે રજા મેળવો નહીં. *(સૂરએ અહ઼ઝાબ, ૨૨/૫૩)*

**★ ઈમાન પછી પ્રથમ ફ઼ર્ઝ તા'ઝીમે રસૂલ ﷺ ★**

لِّتُؤْمِنُوا۟ بِٱللَّهِ وَرَسُولِهِۦ وَتُعَزِّرُوهُ
وَتُوَقِّرُوهُ وَتُسَبِّحُوهُ بُكْرَةً وَأَصِيلًا ۝

"જેથી તમે હે લોકો ! અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવો અને રસૂલની ઈજ્જત અને સન્માન કરો અને સવાર સાંજ અલ્લાહની પવિત્રતા જપો." *(સૂ. ફ઼તહ, ૨૬/૯)*

فَٱلَّذِينَ ءَامَنُوا۟ بِهِۦ وَعَزَّرُوهُ وَنَصَرُوهُ
وَٱتَّبَعُوا۟ ٱلنُّورَ ٱلَّذِىٓ أُنزِلَ مَعَهُۥٓ ۙ
أُو۟لَٰٓئِكَ هُمُ ٱلْمُفْلِحُونَ ۝

"તો જેઓ તેના પર ઈમાન લાવે અને તેની તા'ઝીમ કરે અને તેની મદદ કરે અને તેની સાથે જે નૂર ઉતર્યું તેને અનુસરે તેઓ જ સફળ થયા." *(સૂરએ અઅ્રાફ઼, ૯/૧૫૭)*

**★ કોઈપણ બાબતમાં નબીએ કરીમ ﷺથી પહેલ કરવાની મનાઈ ★**

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ لَا تُقَدِّمُوا۟ بَيْنَ يَدَىِ ٱللَّهِ

وَرَسُوْلِهٖ وَاتَّقُوا اللّٰهَ إِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ۝

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને તેના રસૂલની આગળ વધો નહીં, અને અલ્લાહથી ડરો, બેશક ! અલ્લાહ સાંભળતો જાણતો છે." *(સૂરએ હુજુરાત, ૨૬/૧)*

**★ બારગાહે રિસાલત ﷺમાં મોટા અવાજથી વાત કરવી ઈમાનન બર્બાદી છે ★**

يٰٓأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْٓا أَصْوَاتَكُمْ
فَوْقَ صَوْتِ النَّبِيِّ وَلَا تَجْهَرُوْا لَهٗ
بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ أَنْ
تَحْبَطَ أَعْمَالُكُمْ وَأَنْتُمْ لَا تَشْعُرُوْنَ ۝

"હે ઈમાનવાળાઓ ! એ ગૈબ કહેનાર (નબી)ના અવાજ કરતાં પોતાના અવાજને ઊંચો કરો નહીં અને ન તેમના સમક્ષ બૂમો પાડીને વાત કરો જેવા કે પરસ્પર એકબીજા સામે બૂમો પાડો છે, કે ક્યાંક તમારા અમલ વ્યર્થ થઈ જાય નહીં અને તમને જાણ (પણ) થાય નહીં." *(સૂરએ હુજુરાત, ૨૬/૨)*

**★ જે રસૂલ ﷺના અદબમાં અવાજ ધીમો રાખે તે નજાતનો હક્કદાર અને તક્વાવાળો છે ★**

إِنَّ الَّذِيْنَ يَغُضُّوْنَ أَصْوَاتَهُمْ عِنْدَ رَسُوْلِ
اللّٰهِ أُولٰٓئِكَ الَّذِيْنَ امْتَحَنَ اللّٰهُ قُلُوْبَهُمْ
لِلتَّقْوٰى لَهُمْ مَّغْفِرَةٌ وَّأَجْرٌ عَظِيْمٌ ۝

"બેશક તેઓ જે રસૂલુલ્લાહ પાસે પોતાના અવાજ ધીમા કરે છે તેઓ તે છે જેમના હૃદયો અલ્લાહે પરહેઝગારી માટે પારખી લીધાં છે તેમના માટે માફી અને મહાન સવાબ છે." *(સૂરએ હુજુરાત, ૨૬/૩)*

**★ જે આક઼ાએ કરીમ ﷺને બહારથી અવાજ આપે તે બેઅક઼લ છે ★**

إِنَّ الَّذِيْنَ يُنَادُوْنَكَ مِنْ وَّرَآءِ
الْحُجُرٰتِ أَكْثَرُهُمْ لَا يَعْقِلُوْنَ ۝

"બેશક ! તેઓ જે આપને ઓરડાઓની બહારથી બૂમો પાડે છે તેમાં ઘણા બુદ્ધિવિહોણાં છે." *(સૂરએ હુજરાત, ૨૬/૪)*

## મીલાદે મુસ્તફા જાને રહમત ﷺ

**★ રસૂલુલ્લાહ ﷺના આગમન માટે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ عليه السلامની દુઆ ★**

رَبَّنَا وَابْعَثْ فِيْهِمْ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا
عَلَيْهِمْ اٰيٰتِكَ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ
وَالْحِكْمَةَ وَيُزَكِّيْهِمْ إِنَّكَ أَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝

"હે અમારા રબ ! અને મોકલ એમનામાં એક રસૂલ એમનામાંથી જ કે એમના પર તારી આયતો તિલાવત કરે અને એમને તારી કિતાબ અને પાકુ ઈલ્મ શિખવાડે અને એમને ખૂબ પાક કરે, બેશક ! તું જ ચઢીયાતો હિકમતવાળો." *(સૂરએ બક઼રહ, ૧/૧૨૯)*

**★ આમદે મુસ્તફા ﷺ અલ્લાહ તઆલાનું એહસાન ★**

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ إِذْ بَعَثَ
فِيْهِمْ رَسُوْلًا مِّنْ أَنْفُسِهِمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ
وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ
وَإِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝

"બેશક ! અલ્લાહનુ મોટુ અહેસાન થયું મુસલમાનો પર કે તેમનામાં તેમનામાંથી એક રસૂલ મોકલ્યા જે તેની આયતો પઢે છે અને તેમને પાક કરે છે અને તેમને કિતાબ તેમજ હિકમત શિખવાડે છે અને તેઓ ખચિત એ પહેલાં ગુમરાહીમાં હતાં." *(સૂરએ આલે ઈમરાન, ૪/૧૬૪)*

**★ રઊફો રહીમ આક઼ા ﷺની મીલાદનું વર્ણન ★**

لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ أَنْفُسِكُمْ
عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ ۝

"બેશક ! તમારી પાસે પધાર્યા તમારામાંથી તે રસૂલ જેમના પર તમારું તકલીફમાં પડવું ભારે (અણગમતુ) છે તમારી ભલાઈના ખૂબ ચાહક, મુસલમાનો પર અતિશય મહેરબાન (છે.)" *(સૂરએ તૌબા, ૧૧/૧૨૮)*

**★ રહમતે આલમ ﷺના મીલાદ પર ખુશી પ્રકટ કરવી તથા ખર્ચ કરવાની બરકત ★**

قُلْ بِفَضْلِ اللّٰهِ وَبِرَحْمَتِهٖ فَبِذٰلِكَ

فَلْيَفْرَحُوْا هُوَخَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ ﴿۵۸﴾

"તમો ફર્માવો, અલ્લાહની જ કૃપા અને તેની જ મહેરબાની (અને એના) પર જ હર્ષ કરવો જોઈએ એ તેમના બધા જ ધન દૌલતથી બહેતર છે." *(સૂરએ યૂનુસ, ૧૧/૫૮)*

**★ વિલાદતથી પહેલાં હઝરત ઈસા علیہ السلام દ્વારા રસૂલુલ્લાહ ﷺના આગમનની બશારત ★**

وَاِذْ قَالَ عِيْسَى ابْنُ مَرْيَمَ يٰبَنِيْٓ اِسْرَآءِيْلَ

اِنِّيْ رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ مُّصَدِّقًا لِّمَا بَيْنَ

يَدَيَّ مِنَ التَّوْرٰىةِ وَمُبَشِّرًاۢ بِرَسُوْلٍ يَّاْتِيْ مِنْۢ بَعْدِي اسْمُهٗٓ اَحْمَدُ ﷺ

"અને યાદ કરો જ્યારે મરયમના પુત્ર ઈસાએ કહ્યું; હે બની ઈસરાઈલ ! હું તમારી તરફ અલ્લાહનો રસૂલ છું મારાથી આગલી કિતાબ તૌરાતને ટેકો આપતો અને તે રસૂલની ખુશખબર સંભળાવતો જે મારા પછી પધારશે તેમનું નામ 'અહમદ' છે. *(સૂરએ સફ્ફ, ૨૮/૬)*

هُوَ الَّذِيْ بَعَثَ فِي الْاُمِّيّٖنَ

رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ

وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ

وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿۲﴾

"તે જ છે જેણે અજ્ઞાનીઓમાં તેમનામાંથી જ એક રસૂલ મોકલ્યો કે તેમની સમક્ષ તેની આયતો પઢે છે, અને તેમને પાક કરે છે અને તેમને કિતાબ તેમજ હિકમતનું જ્ઞાન આપે છે અને બેશક ! તેઓ આથી પહેલાં અવશ્ય ખુલ્લી ગુમરાહીમાં હતા. *(સૂરએ જુમઅહ્, ૨૮/૨)*

**★ હુઝૂર રૂહે કાઈનાત ﷺ અલ્લાહની દલીલ બનીને આવ્યા ★**

يٰٓاَيُّهَا النَّاسُ قَدْ جَآءَكُمْ بُرْهَانٌ مِّنْ

رَّبِّكُمْ وَاَنْزَلْنَآ اِلَيْكُمْ نُوْرًا مُّبِيْنًا ﴿۱۷۴﴾

"હે લોકો ! બેશક ! તમારી પાસે અલ્લાહ તરફથી સ્પષ્ટ દલીલ આવી અને અમે તમારી તરફ ઝળહળતુ નૂર ઉતાર્યું." *(સૂરએ નિસાઅ્, ૬/૧૭૪)*

**★ અર્શ પર સૌ પ્રથમ ઝિક્રે આમદે રસૂલ ﷺની મહેફિલ થઈ જેને કુર્આને આ રીતે વર્ણન કરી ★**

وَاِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ النَّبِيّٖنَ لَمَآ

اٰتَيْتُكُمْ مِّنْ كِتٰبٍ وَّحِكْمَةٍ ثُمَّ

جَآءَكُمْ رَسُوْلٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمْ

لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗ قَالَ ءَاَقْرَرْتُمْ

وَاَخَذْتُمْ عَلٰى ذٰلِكُمْ اِصْرِيْ

قَالُوْٓا اَقْرَرْنَا قَالَ فَاشْهَدُوْا

وَاَنَا مَعَكُمْ مِّنَ الشّٰهِدِيْنَ ﴿۸۱﴾

"અને યાદ કરો જ્યારે અલ્લાહે પૈગંબરો પાસેથી એમનું વચન લીધું, જો હું તમને કિતાબ અને હિકમત આપું, પછી તમારી પાસે એ રસૂલ પધારે કે (જે) તમારી કિતાબોની સત્યતા જાહેર કરે તો તમે જરૂર જરૂર તેના પર ઈમાન લાવજો, અને જરૂર જરૂર તેની મદદ કરજો. ફર્માવ્યું, શું તમે સ્વીકાર કર્યો ?! અને એના પર મારી ભારે જવાબદારી લીધી ? બધાએ વિનંતિ કરી, અમે સ્વીકાર કર્યો. ફર્માવ્યું, તો એકબીજા પર સાક્ષી બની જાવ અને હું પોતે તમારી સાથે

સાક્ષીઓમાં છું." *(સૂરએ આલે ઈમરાન, ૩/૮૧)*

**★ નૂરે મુસ્તફા ﷺના આગમનનું વર્ણન ★**

قَدۡ جَآءَكُم مِّنَ ٱللَّهِ نُورٞ وَكِتَٰبٞ مُّبِينٞ ۝١٥

"બેશક ! તમારી પાસે અલ્લાહ તરફથી એક નૂર આવ્યું અને પ્રકાશિત કિતાબ." *(સૂરએ માએદહ, ૬/૧૫)*

**★ હુઝૂર ﷺ અલ્લાહની સૌથી મોટી નેઅમત છે અને નેઅમતની ચર્ચા કરવાનો હુકમ છે ★**

وَأَمَّا بِنِعۡمَةِ رَبِّكَ فَحَدِّثۡ "અને પોતાના રબની નેઅમતનો ખૂબ ઉલ્લેખ કરો."

*–(સૂરએ ઝોહા, ૩૦/૧૧)*

# આલમી તેહરીક "સુન્ની દા'વતે ઈસ્લામી"નો ભરૂચ ખાતે ૧૧ મો વાર્ષિક અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા કામયાબી સાથે સંપન્ન !

ઈમાન તથા અક઼ીદાની પુખ્તગી માટે, ઈશ્કે મુસ્તફા ﷺના જામ આશિક઼ાને મુસ્તફા ﷺને પીવડાવવા, અમલોની ઈસ્લાહ અને સુન્નતોના પ્રચાર માટે તનતોડ કોશિશ કરી રહેલી અહલે સુન્નતના ઉલમાની સરપરસ્તીમાં પ્રગતિ કરી રહેલ તેહરીક **"સુન્ની દા'વતે ઈસ્લામી"**નો બે દિવસીય શાનદાર સુન્ની ઈજતેમા ભરૂચ ખાતે વાદીએ રહમત, સબ જેલ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. તા. ૨૩–૧૧–૨૦૧૩ શનિવારે ઝહોરથી મગરિબ બાદ સુધી બહેનો માટે થયો જેમાં હજારો બહેનોથી ઈજતેમાગાહ પુર થઈ ગઈ હતી. જેમાં જનાબ સૈયદ યાસીન અહમદ સાહબ, જનાબ ઈમ્તિયાઝભાઈ ભીવંડીવાળા, જનાબ ખાલિદભાઈ–મુંબઈ, મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી વગેરેએ નઅત–બયાન પેશ કર્યા હતાં. હઝરત મુફતી મુઝ્ઝમ્મિલ બરકાતી સાહબે સ્ત્રીઓને લગતા દીની સવાલોના જવાબો આપ્યા હતા. અસરની નમાઝ બાદ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (માલેગાંવ)એ સ્ત્રીઓને ફેશન છોડી દીની ગૈરત પેદા કરી શરીઅત મુજબ જીવવા પ્રેરતુ બયાન કર્યુ હતું. મગરિબ બાદ દુઆ ઝિક્ર સલાતો સલામ સાથે ઔરતોનો ઈજતેમા ખત્મ થયો હતો. બીજા દિવસે તા. ૨૪–૧૧–૨૦૧૩ રવિવાર સવારના દસથી રાતના દસ સુધી મર્દો માટેના ઈજતેમામાં જનાબ હાફેઝ અબ્દુર્રહીમ, મૌલાના ઝહીર મિસ્બાહી, હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (માલેગાંવ), જનાબ ખાલિદભાઈ (મુંબઈ), અલ્હાજ ક઼ારી રિઝવાન ખાન સાહબ વગેરેના તરફથી નઅત, તર્બિયત, મસાઈલની સમજ, બયાનો થયાં. તદ્ઉપરાંત બંને દિવસ મક઼ામી મુબલ્લિગો તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના તલબાએ ક઼િરાઅત, નઅત, બયાન પેશ કર્યાં હતાં. અસરથી મગરિબ બાદ સુધી સિરાજુલ ફુક઼હા, મુહક્કિ઼કે મસાઈલે જદીદા હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી (મુબારકપુર) થકી સવાલો જવાબનો શાનદાર પ્રોગ્રામ ચાલ્યો. ઈશા બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરીએ અલ્લાહ વ રસૂલની ઈતાઅત સંબંધે તથા મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાખાં આ'ઝમી સાહબે તૌબા પર શાનદાર બયાન કર્યુ હતું. સાથોસાથ "અંજુમને રઝાએ મુસ્તફા, દયાદરા" પ્રકાશિત બે નવી કિતાબોના રસ્મે ઈજરાના તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીનું દુનિયાની ૫૦૦ ચુનંદા વ્યક્તિઓમાં નામ પસંદ થવાના કારણે તથા અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબનું મહારાષ્ટ્ર ગવર્નમેન્ટ થકી **Best Teacher** તરીકે સિલેક્શન થવા બદલ, બંનેના સન્માનના પ્રોગ્રામો પણ થયા જેની વિગત આ અંકમાં અલગથી દર્શાવેલી છે. છેવટે ઝિક્રો દુઆ સલાતો સલામ સાથે કામયાબીપૂર્વક ઈજતેમા પૂર્ણ થયો હતો.

# ઉમ્મતના મહાન ઈમામો

(ઈમામે આ'ઝમના શાગિર્દો)

## [૩] ઈમામ ઝફર رضی اللہ عنہ

### ★ નામ તથા વંશવાળી ★

નામ ઝફર અને વાલિદનું નામ હઝિલ છે. અરબી નસ્લના છે. કૂફા આપનું વતન હતું, વાલિદે માજિદ ઈસ્ફહાન (ઈરાનનું પ્રાચીન શહેર)ના રહેવાવાળા હતા. આપની વિલાદત હિજરી ૧૧૦માં કૂફામાં થઈ.

### ★ તાલીમ તથા તર્બિયત ★

શરૂઆતની તાલીમ પછી હદીષનો ઈલ્મ હાંસલ કરવામાં મશ્ગૂલ થઈ ગયા પછી તબીઅતે ફિક્હની તરફ ધ્યાન આપ્યું અને ફિક્હની મોટી દર્સગાહ જામેઅ કૂફામાં ઈમામે આ'ઝમ رضی اللہ عنہની ખિદમતમાં હાજર થઈ ગયા અને છેલ્લી ઉમર સુધી આ જ કામ કર્યું. ફિક્હમાં સાહિબૈન એટલે ઈમામ અબૂ યુસૂફ અને ઈમામ મુહમ્મદના સમકક્ષ કહેવામાં આવે છે. અને ઈમામે આ'ઝમના તે ૧૦ સાથીઓમાં છે જેમણે ફિક્હને ભેગું કરવામાં ઈમામે આ'ઝમની મદદ કરી. આપ ઈમામે આ'ઝમ رضی اللہ عنہના પ્રિય શાગિર્દોમાં હતા. આ આપની વિશિષ્ટતા છે કે આપનો નિકાહ ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ પઢાવ્યો. આપની ઉપર ઈમામે આ'ઝમ رضی اللہ عنہને ભરોસો હતો.

હસન બિન ઝિયાદ કહે છે : ઈમામ ઝફર ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની મજલિસમાં સૌથી આગળ બેસતા હતા. ઈમામ ઝફર અને ઈમામ દાઊદ તાઈ એક સાથે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની ખિદમતમાં હદીષ તથા ફિક્હનો દર્સ લેતા હતા, બંનેમાં ભાઈચારો હતો. પછી ઈમામ દાઊદ તાઈ ઈલ્મ હાંસલ કરવામાંથી તસવ્વુફના રસ્તા ઉપર ચાલવા લાગ્યા જ્યારે કે ઈમામ ઝફર ઈલ્મ તથા ઈબાદત બંનેના જામેઅ બન્યા.

### ★ ઝોહદ તથા રિયાઝત ★

હદીષ તથા ફિક્હમાં ઈમામતનો દરજ્જો રાખવાની સાથે સાથે ઝોહદ તથા તક્વા અને ઈબાદત તથા રિયાઝતમાં પણ અજોડ હતા. ઝોહદ તથા તક્વાના કારણે જ આપે જજનો હોદ્દો કૂબૂલ ન કર્યો, જ્યારે કે બે વાર આપને આ કામ માટે મજબૂર કરવામાં આવ્યા. આપે ના પાડી અને વતન છોડીને છુપાઈ ગયા. તે સમયની હુકૂમતે બદલામાં આપનું ઘર સળગાવી દીધું જેથી આપને પોતાનું મકાન બેવાર બનાવવું પડયું.

**વિસાલ :** આ કૂફાના રહેવાસી હતા પણ ભાઈની મીરાષ (વારસા)ના સિલસિલામાં બસરા ચાલ્યા ગયા. બસરાના લોકોએ આગ્રહ કર્યો અને ત્યાં રહેવાનો મશ્વરો આપ્યો અને આપ તેમની દરખ્વાસ્ત ઉપર ત્યાં જ સ્થાઈ થઈ ગયા. આપ હિજરી સન ૧૭૮ માં ખલીફા મુહમ્મદ અલ મહદીના દૌરમાં ત્યાં જ વફાત પામ્યા અને ત્યાં જ દફન કરવામાં આવ્યા.

## [૪] ઈમામ અબ્દુલ્લાહ બિન મુબારક رضی اللہ عنہ

### ★ નામ તથા વંશવાળી ★

નામ અબ્દુલ્લાહ, વાલિદનું નામ મુબારક. કુન્નિયત અબ્દુર્રહમાન છે. હન્ઝલા યમીમી છે. આપના વાલિદ તુર્કી વંશના હતા અને કબીલા બનૂ

રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)*

હન્ઝલા જે એહલે હમદાનથી સંબંધ રાખતો હતો તેના આઝાદ કરેલા ગુલામ હતા. આપનાં વાલિદા ખ્વારઝમીયા હતાં. વાલિદે મોહતરમે વેપારનો ધંધો અપનાવ્યો અને તે મેદાનમાં ખૂબ જ ખ્યાતિ મેળવી.

### ★ વિલાદત તથા તાલીમ ★

આપની વિલાદત હિજરી ૧૧૮માં થઈ. માબાપે પોતાના આ હોનહાર દિકરાની ખૂબ જ સારી રીતે તાલીમ તથા તર્બિયત કરી. સૌથી પ્રથમ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના દર્સના હલ્કામાં સામેલ થયા અને ફિક્હમાં નિપૂણતા હાંસલ કરી. તેના પછી ઈલ્મે હદીષની તલબમાં દૂર દૂરના સ્થળોનો સફર કર્યો અને અગણિત હદીષોના ઈમામો પાસેથી ઈલ્મ હાંસલ કર્યું. આપના ઈલ્મ શીખવાના શોખમાં આ બનાવ મશ્હૂર છે.

એકવાર વાલિદે માજિદે આપને પચાસ હજાર દિરહમ વેપાર કરવા માટે આપ્યા તો બધી રકમ તલબે હદીષમાં ખર્ચ કરીને પાછા આવ્યા, વાલિદે માજિદે દિરહમોની બાબતમાં પૂછયું તો આપે જેટલા હદીષોના કાગળ લખેલા હતા વાલિદની સામે પેશ કરી દીધા અને અર્ઝ કરી, મેં એવો વેપાર કર્યો છે જેનાથી આપણને બંનેને બંને જહાનનો નફો હાંસલ થશે ! વાલિદે માજિદ ખૂબ ખુશ થયા ત્રીસ હજાર દિરહમ બીજા આપી ફર્માવ્યું, જાવ ! ઈલ્મે હદીષ અને ફિક્હની તલબમાં ખર્ચ કરીને પોતાનો વેપાર સંપૂર્ણ કરી લો.

### ★ ઈલ્મ તથા ફઝલ ★

એકવાર બુઝુર્ગોની એક જમાઅત કોઈ જગ્યાએ ભેગી થઈ. કોઈકે કહ્યું : આવો ! હઝરત અબ્દુલ્લાહ બિન મુબારકના કમાલો ભેગા કરીએ, તેઓએ જવાબ આપ્યો, (તે) અગણિત ખૂબીઓના માલિક હતા. ઈલ્મે ફિક્હ, હદીષ, અદબ, નહવમાં મહારત ધરાવતા હતા. ઝોહદ તથા બહાદુરીમાં લાજવાબ હતા. નાઅતગો શાઈર અને અદીબ (વિદ્વાન સાહિત્યકાર) હતા. શબબેદારી (આખી રાત જાગી ઈબાદત કરવું), ઈબાદત, હજ્જ, જેહાદ અને ઘોડેસવારીમાં આપનું દૃષ્ટાંત આપ જ હતા. વ્યર્થ વાતોથી પોતાનો સમય વેડફતા ન હતા. ખૂબ જ ઈન્સાફ પસંદ સ્વભાવ અને રહમ દિલ હતા.

- ★ ઈમામ સુફિયાન ષૌરી رحمۃ اللہ علیہ ફર્માવે છે, હું કેટલીય કોશિશ કરું કે આખા વર્ષમાં એક દિવસ હઝરત અબ્દુલ્લાહ બિન મુબારકની જેમ પસાર કરું તો પસાર નથી કરી શકતો.
- ★ શોએબ બિન હર્બ કહે છે, એક વર્ષ અથવા ત્રણ દિવસ પણ આખા વર્ષમાં હઝરત અબ્દુલ્લાહ બિન મુબારકની જેમ નથી પસાર કરી શકતો.

વધુમાં ફર્માવે છે :–

ઈબ્ને મુબારક જેનાથી પણ મળ્યા (મુલાકાત કરી) તેનાથી અફઝલ જ ષાબિત થયા.

- ★ ઈમામ સુફિયાન બિન ઐનિયા ફર્માવે છે, સહાબાએ કિરામને કોઈપણ શક વગર સહાબિયતનો ફઝ્લ હાંસલ હતો, નહીં તો બીજી વિશેષતાઓમાં આપનો મકામ ખૂબ જ ઊંચો હતો.
- ★ સલામ બિન અબી મુતીઅ કહે છે, પૂર્વ દિશામાં આપની જેવો પછી કોઈ નજર ન આવ્યો.
- ★ ઈમામ ઈબ્ને મુઈન ફર્માવે છે, આપ સહીહ હદીષોના હાફિઝ હતા વીસ હજાર અથવા એકવીસ હજાર હદીષની કિતાબોમાંથી આપ હદીષો રિવાયત કરતા હતા.
- ★ ઈસ્માઈલ બિન અયાશ કહે છે, ઈબ્ને મુબારક જેવો આખી જમીન ઉપર બીજો કોઈ નથી, અલ્લાહ તઆલાએ પૈદા કરેલી બધી ખૂબીઓના સંગમ હતા. ફકીરો ઉપર જ્યારે ખર્ચ કરતા તો એક વર્ષમાં એક લાખ દિરહમ ખર્ચ કરતા હતા.

એકવાર હજ્જ કરવા માટે તશરીફ લઈ જઈ રહ્યા હતા. કાફલાવાળાનું એક પક્ષી મરી ગયું. એક વસ્તીના કચરાના ઢગલામાં લોકોએ તેને ફેંકી દીધું

પછી કાફલો તો આગળ ચાલ્યો ગયો. આપ (ઈબ્ને મુબારક) થોડીકવાર પછી ચાલ્યા, જોયું કે એક છોકરી તે મુર્દાર પક્ષીને ઉપાડી લઈ ગઈ અને જલ્દી જલ્દી ચાલીને એક મકાનમાં દાખલ થઈ ગઈ. આપ તેના ઘરની તરફ તશરીફ લઈ ગયા, હાલ જાણ્યો અને મુર્દા પક્ષી લાવવાની બાબતે પૂછયું, તે છોકરીએ કહ્યું, હું અને મારો ભાઈ અહીંયા રહીંએ છીએ, અમારી પાસે કાંઈ નથી, કેવળ સતર (શરીરનો છુપાવવાનો હિસ્સો) છુપાવવા માટે આ લુંગી છે. અને અમારો ખોરાક કેવળ એ જ રહી ગયો છે કે કચરાના ઢગલામાંથી જે ચીજ પણ મળી જાય. અમારા માટે આ હાલતમાં આ મુરદાર જરૂરત જેટલુ હલાલ છે. અમારા વાલિદ માલદાર હતા. તેમના ઉપર જુલ્મ થયો અને કત્લ કરી દેવામાં આવ્યા અને બધો માલ જાલિમ લઈ ગયા.

ઈમામ ઈબ્ને મુબારક આ સાંભળી ખૂબ જ પ્રભાવિત થયા, પોતાના ખજાનચીથી કહ્યું, અત્યારે રસ્તાના ખર્ચમાં શું બાકી રહ્યું છે, તેણે અર્ઝ કરી, એક હજાર દીનાર, આપે ફર્માવ્યું, વીસ દીનાર લઈ લો કે આપણા વતન સુધી પહોંચવા માટે કાફી છે અને બાકીના ૯૮૦ દીનાર તે મઝલૂમાને આપી દો. આ વર્ષે આપણી હજ્જના બદલામાં આ મદદ બેહતર છે અને ત્યાંથી જ પાછા વતન તશરીફ લઈ આવ્યા.

જયારે હજ્જનો મોસમ આવતો તો પોતાના સાથીઓથી કહેતા, તમારામાંથી આ વર્ષે કોણ હજ્જ માટે જવા માંગે છે, જે ઈરાદો રાખતા હોય તે પોતાના રસ્તાનો ખર્ચો મારી પાસે લાવીને જમા કરાવી લે કે હું રસ્તામાં તેની ઉપર ખર્ચ કરતો ચાલુ. બધાની પાસેથી દિરહમ તથા દીનારની થેલીઓ જમા કરતા, દરેક થેલી ઉપર તેનું નામ લખતા અને એક મોટી પેટીમાં રાખતા જતા.

પછી બધાને સાથે લઈને નીકળતા અને તેમના રસ્તા ખર્ચ કરતા વધારે ખર્ચ કરતા તેમને સાથે લઈ જતા, જયારે હજ્જે બયતુલ્લાહથી ફારિગ થતા તો પૂછતા, તમારા ઘરવાળાએ કાંઈક અહીંયાથી તોહફાઓની માંગણી કરી છે. જેને જેવી તમન્ના થતી તેમને મક્કા અને યમનના તોહફાઓ અપાવી દેતા, પછી મદીના મુનવ્વરા હાજરી દેતા અને ત્યાં પણ આવું જ કરતા. જયારે બધા હાજીઓ પાછા થતા તો તેમને તેમના ઘરે પાછા કરતા અને પોતે પોતાના ઘરે પહોંચીને બધાની દાવત કરતા, જયારે દાવતથી ફારિગ થતા તો તે મોટી પેટી મંગાવતા અને બધાને તેમની થેલીઓ પાછી આપી દેતા, આ લોકો ઘરોમાં તે હાલમાં પાછા થતા કે બધાની ઝબાન ઉપર હમેશાં આપની તારીફ રહેતી.

આપની મહેરબાનીઓનો એ હાલ હતો કે અલગ અલગ પ્રકારનું સ્વાદિષ્ટ ખાણુ અને હલવાઓ સાથે રાખતા પણ પોતે સખત તડકા અને સખત ગરમીમાં રોઝાથી હોતા અને લોકોને ખવડાવતાં પીવડાવતાં સાથે લઈ જતા હતા. ખુલૂસ નિય્યત ઉપર ખૂબ જોર આપતા હતા. આપની ખૂબીઓ અને સારા ગુણોથી કિતાબો ભરેલી પડેલી છે. હિજરી ૧૮૧માં આપ જેહાદના માટે રવાના થયા, ફતહ તથા કામયાબી પછી પાછા આવી રહ્યા હતા એવામાં સૂસ કસ્બામાં આવીને બીમાર થઈ ગયા અને થોડાક દિવસ બીમાર રહ્યા પછી વિસાલ થઈ ગયો.

ફુરાત દરિયાના કિનારે એક ગામ "હય્યત"માં દફન થયા. આપની મઝાર ખાસ તથા આમ લોકો માટે ઝિયારતગાહ છે.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# મીલાદ મનાવવું

## સહાબાથી આજ સુધી અહલે સુન્નતનો તરીક઼ો છે

રજૂકતા : **મૌલાના અલ્તાફ હુસૈન મિસ્બાહી કુરચનવી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ કરવાથી એ વાત સ્પષ્ટ થાય છે કે સહાબાએ કિરામના જમાનાથી આજ સુધી મુસલમાનોની બહુમતિ કુર્આન તથા હદીષ મુજબ સામૂહિક રીતે મીલાદ મનાવવા પર સહમત નજર આવે છે, એટલે કે નબી કરીમ ﷺની મીલાદનું આયોજન કરવું એહલે સુન્નત વ જમાઅતના મામૂલાતમાંથી છે. ભરોસાપાત્ર રિવાયતોથી સાબિત છે કે સહાબાએ કિરામે મેહફિલોનું આયોજન કરી નબી કરીમ ﷺની વિલાદતના પ્રસંગો અને મોઅજિઝાઓનું વર્ણન કર્યા. નબી કરીમ ﷺની સહીહ હદીષ છે :–

''જેણે ઈસ્લામમાં સારો તરીક઼ો પ્રચલિત કર્યો અને ત્યાર પછી એ સારા તરીક઼ા પર અમલ કરવામાં આવ્યો તો એ પ્રચલિત કરનારને એટલો જ સવાબ મળશે જેટલો કે એના ઉપર અમલ કરવાવાળાને મળશે.'' *(મુસ્લિમ શરીફ, મિશ્કાત શરીફ, કિતાબુલ ઈલ્મ)*

આદરણીય વાંચકો ! આ સારા તરીક઼ા (મીલાદ) પર સર્વ મુસલમાનોએ પ્રેમભાવના સાથે અમલ કર્યો. હિજાજ મુકદસમાં મીલાદપાકની મેહફિલોનું આયોજન થતું રહ્યું જેમ કે હઝરત શાહ વલીયુલ્લાહે عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان 'ફ્યુઝૂલ હરમૈન' લખ્યુ છે, મહાન આલિમો તથા મુહદ્દિષોએ મીલાદ શરીફની હક્ક઼નિયત પર કિતાબો લખી, કોઈપણ મોઅતબર આલિમે ઈદે મીલાદનો વિરોધ નથી કર્યો. જ્યારે અલ્લામા ઈબ્ને જવઝી અને ઈબ્ને તૈયમિયહ જેવા વિવેચનના નિષ્ણાત પરીક્ષકોએ ઈદે મીલાદની બરકતોને સ્વીકારી છે તો પછી આપણે બીજા કોઈની ટીકા પર કાન ન ધરવી જોઈએ, ઈબ્ને તૈયમિયહનું મંતવ્ય છે કે ''રસૂલુલ્લાહ ﷺની મેહફિલે મીલાદની તા'ઝીમ અને વાર્ષિક મીલાદનું આયોજન અમુક લોકો કરે છે અને સારા ઈરાદા તથા સદ્ભાવનાથી આ મેહફિલનું આયોજન કરનારાઓ માટે સારી નિય્યતના કારણે ઘણો સવાબ છે અને આમાં રસૂલુલ્લાહ ﷺની તાઝીમ તથા તકરીમ છે.'' *(હિવાલુલ ઈહતિફાલ, પેજ–૨૧, મુહમ્મદ બિન અલ્વી માલિકી)*

### ★ સહાબાએ કિરામ અને મેહફિલે મીલાદ ★

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما એક દિવસે પોતાના ઘરે એક ક઼ૌમને નબી કરીમ ﷺની વિલાદતના પ્રસંગો બયાન કરી રહ્યા હતા. સહાબાએ કિરામ ઘણા તલ્લીન થઈ અલ્લાહ તઆલાની હમ્દ કરી રહ્યા હતા અને નબી કરીમ ﷺ પર દુરૂદો સલામ પઢી રહ્યા હતા, અચાનક નબી કરીમ ﷺ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, તમારા માટે મારી શફાઅત હલાલ થઈ ગઈ. *(અદુર્રુલ મુનઝ઼્ઝમ ફી મવલીદીન્નબિય્યીલ અઅઝમ)*

### ★ સહાબાએ કિરામ અને મીલાદની તાલીમ ★

હઝરત અબૂ દરદા رضی اللہ عنہ ફર્માવે છે કે હું નબી કરીમ ﷺની સાથે હઝરત આમિર અન્સારી رضی اللہ عنہના ઘરે ગયો તો એ પોતાના ઘરમાં પોતાના પુત્રો તથા સંબંધીઓને નબી કરીમ ﷺની વિલાદતના પ્રસંગો વિશે તાલીમ આપી રહ્યા હતા અને કહેતા હતા કે આ જ એ દિવસ છે જેમાં નબી કરીમ ﷺ

પેદા થયા. ત્યાર પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું, બેશક! અલ્લાહ તઆલાએ તમારા માટે રહમતના દરવાજા ખોલી દીધા છે અને બધા ફરિશ્તાઓ તમારી મગફિરતની દુઆઓ માંગી રહ્યા છીએ અને જે વ્યક્તિ તારી જેમ કામ (મેહફિલે મીલાદ) કરશે તો એ તારી જેમ નજાત પામશે. *(હવાલો ઉપર મુજબ)*

નબી ﷺના આશિકો ! ઉપરોકત બંનેવ રિવાયતોથી જાણવા મળ્યું કે મીલાદની મેહફિલોનું આયોજન કરવું સહાબાએ કિરામનો તરીકો છે અને એ પણ સાબિત થયું કે ૧૨ રબીઉલ અવ્વલ શરીફના દિવસે મેહફિલે મીલાદનું આયોજન કરવું સહાબાએ કિરામની સુન્નત છે. હવે હું તમારી સમક્ષ ઈદે મીલાદની મહત્વતા વિશે મહાન ભરોસાપાત્ર આલિમો તથા મુહદ્દિષોના મંતવ્યો પુરાવા રૂપે રજૂ કરું જેથી દરેક મુસલમાનભાઈઓ પોતાનો અકીદો એમના મંતવ્યો મુજબ બનાવે.

**★ અલ્લામા ઈબ્ને જવઝી رحمۃ اللہ علیہનું બયાન ★**

અલ્લામા અબ્દુર્રહમાન ઈબ્ને જવઝી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે "જે નબી કરીમ ﷺના મીલાદની ખુશી મનાવશે તો એ ખુશી જહન્નમની આગ માટે આડ બની જશે અને જે મીલાદે મુસ્તફા પર એક દિરહમ ખર્ચ કરશે હુઝૂર ﷺ એની શફાઅત કરશે. *(મવલદુલ ઉરૂસ, પેજ-૪, પ્રકાશક : બૈરૂત)*

**★ ઈમામ અબૂશામા رحمۃ اللہ علیہનું બયાન ★**

ઈમામ નવવીના ઉસ્તાદ હઝરત ઈમામ અબૂશામા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અમારા જમાનામાં જે શ્રેષ્ઠ નવુ કામ કરવામાં આવે છે તે એ છે કે લોકો દરેક વર્ષે હુઝૂર ﷺની મીલાદના દિવસે ખૈરાત કરે છે અને ખુશી જાહેર કરવા માટે પોતાના ઘરો તથા મહોલ્લાઓને સજાવે છે કેમ કે એમાં ઘણા ફાયદાઓ છે. ફકીરો, મિસ્કીનો સાથે ભલાઈ તથા મદદનો વ્યવહાર થાય છે અને જે વ્યક્તિ આ કામ કરે છે એના દિલમાં ખુદાના મહબૂબ ﷺની મહોબ્બતનો જઝબો જાગૃત થાય છે અને સૌથી અગત્યની વાત એ છે કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ નબી કરીમ ﷺને પેદા ફર્માવી તથા બંનેવ જહાન માટે રહમત બનાવી મોકલ્યા. આ અલ્લાહ તઆલાનું બંદાઓ ઉપર ઘણુ મોટુ એહસાન છે જેનો શુક્રિયા અદા કરવા માટે ખુશીનો ઈઝહાર કરવામાં આવે છે. *(અસ્સિરતુલ હલબિય્યહ, ભાગ-૧, પેજ-૧૮૦)*

**★ ઈમામ કસ્તલાની رحمۃ اللہ علیہનું બયાન ★**

હઝરત ઈમામ અહમદ બિન મુહમ્મદ કસ્તલાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ કહે છે કે, "હુઝૂર ﷺની વિલાદતના મહિનામાં મુસલમાનો હમેશાંથી મીલાદની મેહફિલોનું આયોજન કરતા આવ્યા છે. ખુશીથી પકવાન પકાવી દાવતો કરે છે તથા સદકા, ખૈરાત કરે છે અને આપ ﷺની મીલાદ શરીફ પઢવાનો ખાસ બંદોબસ્ત કરે છે, એટલા માટે કે એમના પર અલ્લાહ તઆલાની બરકતો તથા રહમતોનું ઉતરાણ થાય છે. અને મીલાદ શરીફની વિશિષ્ટતાઓમાંથી આ અજમાવેલુ છે કે જે વર્ષે મીલાદ પઢાવવામાં આવે છે એ વર્ષ મુસલમાનો માટે અમાનનું વર્ષ હોય છે. મીલાદ કરવાથી દિલી મુરાદો પૂરી થાય છે. અલ્લાહ તઆલા રહમત કરે એના પર જેણે વિલાદતની મુબારક રાતોને ખુશીની ઈદ બનાવી અને આ ઈદે મીલાદ સખત મુસીબત થઈ જાય એ વ્યક્તિ પર જેના દિલમાં (મીલાદ વિશે) દુશ્મની છે." *(મવાહિબુલ લદુન્નિયહ, ભાગ-૧, પેજ-૨૭, પ્રકાશક : મિસ્ર)*

**★ ઈમામ ઈબ્ને હજર رحمۃ اللہ علیہનું બયાન ★**

અલ્લામા ઈબ્ને હજર મક્કી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ કહે છે, "મીલાદ પાકની મેહફિલો જે અમારે ત્યાં થતી આવી છે એમાં વધુ પડતી ભલાઈ (સારા કામો) પર આધારિત હોય છે જેમ કે સદકો, ઝિક્ર કરવું તથા નબી કરીમ ﷺ પર દુરૂદો સલામ પઢવું વગેરે." *(ફતાવા હદીષિયહ, પેજ-૨૯, પ્રકાશક : મિસ્ર)*

★ ઈમામ અસ્કલાની رحمۃ اللہ علیہનું બયાન ★

હઝરત ઈમામ ઈબ્ને હજર અસ્કલાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ફર્માવે છે, '' ઈમામ સુહૈલી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْએ વર્ણન કર્યું કે હઝરત અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં અબૂ લહબને એના મૃત્યુ પછી એક વર્ષ બાદ સ્વપ્નમાં જોયો કે એ ઘણી ખરાબ હાલતમાં છે અને કહી રહ્યો છે કે તમારાથી અલગ થઈને મને કોઈ રાહત નથી મળી, પણ હા ! દરેક સોમવારના દિવસે મારા ઉપર અઝાબ હલકો થઈ જાય છે.'' હઝરત અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે આ અઝાબમાં કમી એટલા માટે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمની વિલાદત સોમવારના દિવસે થઈ ત્યારે એની નોકરાણી સુવૈબાએ અબૂ લહબને નબી કરીમ صلی اللہ علیہ وسلمની પેદાઈશની ખુશખબરી સંભળાવી તો અબૂ લહબે ખુશ થઈને એને આઝાદ કરી આપી હતી. *(ફત્હુલ બારી શરહે સહીહુલ બુખારી, ભાગ-૯, પેજ-૧૧૮)*

સુન્ની વાંચકો ! આ વાત ધ્યાનમાં રહે કે આ હદીષ પાક સહીહ બુખારીમાં છે અને આ હદીષે પાકને દલીલ બનાવી મહાન આલિમોએ ઈદે મીલાદ પર ખુશી જાહેર કરવાને સવાબનું કામ ઠરાવ્યું છે.

★ શેખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનું બયાન ★

(અબૂ લહબના) ''આ વાકિ઼આમાં મીલાદ શરીફ મનાવવાવાળાઓ માટે રોશન દલીલ છે કે જેઓ હુઝૂર صلی اللہ علیہ وسلمની પેદાઈશની રાતમાં ખુશી જાહેર કરે છે અને માલ ખર્ચ કરે છે. અને અબૂ લહબ જે કાફિર હતો, એને જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلمની વિલાદતની ખુશીના કારણે ઈનામ આપવામાં આવ્યું તો એ મુસલમાનની શું હાલત થશે જે ખુશી અને મહોબ્બતથી દિવાનો થઈ માલ ખર્ચ કરે છે અને મીલાદ શરીફ મનાવે છે. પણ એને જોઈએ કે **મીલાદની મેહફિલોને બિદઅતો એટલે કે હરામ કામોથી**★ પાક રાખે.'' *(મદારિજુન્નબુવ્વહ, ભાગ-૨, પેજ-૨૭)*

★ મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہનું બયાન ★

હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہએ ઈદે મીલાદના જાઈઝ હોવા પર વીસ દલીલો રજૂ કરી છે. એમાંથી બીજી દલીલ એ છે કે ''નબી કરીમ صلی اللہ علیہ وسلم પોતાની પેદાઈશના દિવસની પોતે જ તાઝીમ કરતા હતા અને આ સર્વ શ્રેષ્ઠ નેઅમત પર અલ્લાહ તઆલાનો શુક્ર કરતા હતા અને આ દિવસની તાઝીમ માટે દરેક સોમવારના દિવસે રોઝો પણ રાખતા હતા જેમ કે ઈમામ મુસ્લિમે હઝરત ક઼તાદાથી રિવાયત કરી છે.'' *(અલ મવલદુર્રવીય, પેજ-૨૭, પ્રકાશક : મદીનતુલ મુનવ્વરહ)*

★ શેખ તાહિર પટની رحمۃ اللہ علیہનું બયાન ★

હઝરત અલ્લામા મુહમ્મદ તાહિર પટની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ કહે છે કે ''રબીઉલ અવ્વલનો મહિનો નૂરનું ઉદ્ભવ સ્થાન છે અને રહમતનો મઝહર છે. આ એવો મહિનો છે કે જેમાં દર વર્ષે ખુશી જાહેર કરવાનો હુકમ આપવામાં આવ્યો. છે.'' *(મજમઉલ બિહાર, ભાગ-૩, પેજ-૫૫૦, મિસ્ર)*

★ શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہનું બયાન ★

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ફર્માવે છે, ''હું મક્કા મુકર્રમામાં મીલાદે મુસ્તફાના દિવસે હુઝૂર صلی اللہ علیہ وسلمના જન્મ સ્થાને હતો ત્યારે લોકો આપ صلی اللہ علیہ وسلم પર ચર્ચા કરી રહ્યા હતા. અને આપ صلی اللہ علیہ وسلمના મોઅજિઝાઓ બયાન કરતા હતા. મેં એ મેહફિલમાં નૂરને ઉતરતું જોયું.'' *(ફ઼ુયૂઝુલ હરમૈન, પેજ-૨૭)*

અને હઝરત શાહ વલીયુલ્લાહ પોતાના પિતા હઝરત અબ્દુર્રહીમ દહેલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْનો મામૂલ (નિયમ) લખે છે કે, ''આપ દર વર્ષે મીલાદ પાકના દિવસે હુઝૂર صلی اللہ علیہ وسلمના નામે ઈસાલે સવાબ કરતા હતા. એક વર્ષે એમની પાસે કાંઈ ન હતું તો

★ *જેમ કે ડીજે વગાડવું, ડાન્સ કરવો, ફટાકડા ફોડવા, ફોટા પાડવા, સ્ત્રીઓની જુલૂસોમાં ભેળસેળ થવી વગેરે.*

એમણે શેકેલા ચણા જ પેશ કરી આપ્યા. બારગાહે રિસાલતમાં આ ચણાઓની ઘણી કબૂલિયત થઈ." *(અદ્દુર્રુશ શમીન ફી મુબશ્શિરાતિન્નબિય્યીલ અમીન, પેજ–૮)*

પ્રિય વાંચકો ! ઉપરોકત શાહ વલીયુલ્લાહ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના મંતવ્યથી જાણવા મળ્યું કે એમના કુટુંબીઓ ૧૨ રબીઉલ અવ્વલના દિવસે મેહફિલે મીલાદનો બંદોબસ્ત ઘણા શોખથી કરતા હતા, પણ આજે ખાનદાને શાહ વલીયુલ્લાહ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની મહોબ્બતનો દમ ભરવાવાળા નજદ તથા દેવબંદના આલિમો ઈદે મીલાદ મનાવવા પર શિર્ક તથા બિદઅતનો ફત્વો કેમ આપે છે ? દુનિયાની આ પહેલી કૌમ વહાબી, દેવબંદી છે જે ઉમ્મતી હોવા છતાંય પોતાના પેશવાના જન્મ દિવસને નથી મનાવતી બલ્કે મીલાદ મનાવવાવાળાઓને મુશ્રિક કહેતાં ખચકાતી નથી ! આ કૌમને પોતાને નબી ﷺની ઉમ્મત કહેવાનો હક્ક જ નથી

### ★ ઈમદાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہનું બયાન ★

મોલ્વી રશીદ અહમદ ગંગોહીના પીર હઝરત ઈમદાદુલ્લાહ મુહાજિર મક્કી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે, "ફકીરનો મશરબ એ છે કે મેહફિલે મીલાદમાં હાજર થાઉં છું અને ક઼યામમાં લુત્ફ તથા લઝ્ઝત પામું છું." *(ફૈસલા હફ્ત મસ્અલા, મસ્અલા નં. ૯)*

અને વધુ ફર્માવે છે, "મીલાદ શરીફ સર્વ હરમૈન પાક (મક્કા, મદીના)ના લોકો કરે છે આ જ અમારા માટે દલીલ રૂપે કાફી છે." *(ઈમદાદુલ મુશ્તાક઼, પેજ–૮, શમાઈમે ઈમદાદિયહ, પેજ–૮૮)*

### ★ ડો. ઈકબાલનું બયાન ★

ડોક્ટર ઈકબાલ કહે છે : "મારી દષ્ટિમાં ઈન્સાનોની દિમાગી તથા ક઼લ્બી તર્બિયત માટે જરૂરી છે કે ઈન્સાનોના અક઼ીદા મુજબ જિંદગીનો સૌથી શ્રેષ્ઠ જે નમૂનો છે એ હમેશાં એમની આંખો સમક્ષ રહે અને મુસલમાનો માટે અતિ જરૂરી છે કે નબી કરીમ ﷺના ઉસ્વહ (નમૂના)ને પોતાની સમક્ષ રાખે જેથી પયરવી તથા જઝબો હમેશાં મજબૂત રહે અને આ જઝબાને ક઼ાયમ રાખવા માટે ત્રણ તરીક઼ા છે :–

(૧) વ્યક્તિગત રીતે દુરૂદ શરીફ પઢતા રહેવું. (૨) સામૂહિક રીતે મીલાદુન્નબી ﷺની મેહફિલોનું આયોજન કરતા રહેવું. (૩) કોઈ પીરે કામિલની સોહબત ઈખ્તિયાર કરવી. *(આષારે ઈકબાલ, પેજ–૩૦૫)*

### ★ આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہનું બયાન ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*હશ્ર તક ડાલેંગે હમ પૈદાઈશે મૌલા કી ધૂમ*
*મિષ્લે ફારસ નજદ કે ક઼ીલ્એ ગિરાતે જાએંગે*
*ખાક હો જાએ અદૂ જલકર મગર હમ તો "રઝા"*
*દમમેં જબ તક દમ હૈ ઝિક્ર ઉનકા સુનાતે જાએંગે*

★ ★ ★

*ગૈઝ સે જલ જાએં બેદીનો કે દિલ*
*ઝિક્રે આયાતે વિલાદત કીજીએ*

આદરણીય વાંચકો ! ફક઼ીરે અહિંયા ટૂંકમાં પુરાવા રજૂ કર્યા છે. વધુ માટે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہની કિતાબ "ઈક઼ામતુલ ક઼િયામહ અલા તાઈનીલ કિયામી લિનબિય્યી તિહામહ"નું વાંચન કરો, જેમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ કુર્આન, હદીષ અને ઉમ્મતના ભરોસાપાત્ર મહાન મુહદ્દિષોના મંતવ્યોથી ઈદે મીલાદુન્નબીની સાબિતી આપી છે.

અને સાથોસાથ ખાસ વાતની એ અપીલ છે કે ફક્ત મીલાદુન્નબી ﷺને રિવાજ પૂરતા ન મનાવો બલ્કે સાચે જ ઈશ્ક઼ેનબી ﷺ દિલોમાં છે તો શૈતાનની ચાહતને દિલોએથી ભગાડો એટલે કે શૈતાની કામો, ગુનાહોના કામોથી દૂર થઈ જાવ અને નમાઝ તથા સુન્નતોના ચુસ્ત પાબંદ બની જાવ તો તમારું મીલાદુન્નબી ﷺ મનાવેલું સાર્થક ગણાશે અને રબની બારગાહમાં મક઼બૂલ પણ થશે.

# કરામાતે હઝરત મુજદ્દિદે અલ્ફેષાની નક્શબંદી


رحمۃ اللہ علیہ

**ઉર્સ મુબારક : ૨૭ સફરુલ મુઝફ્ફર**

**કાર્યાલય**

જ્યારે દુનિયામાં કુફ્ર તથા શૈતાનિયત અને શિર્ક તથા બિદઅતોનો ઘનઘોર અંધકાર છવાય જાય છે ત્યારે રબ્બે ઝુલજલાલિ વલ્ ઈકરામ પોતાના ફઝ્લો કરમથી પોતાની મખ્લૂક્ની હિદાયતના માટે જલીલુલ કદ્ર પયગંબરોને મોકલે છે. ખત્મે નબુવ્વત પછી દીનની તબ્લીગ તથા પ્રચારના પવિત્ર મિશન અને પબ્લિકના માર્ગદર્શનની વ્યવસ્થા બુઝુર્ગાને દીન તથા ઉમ્મતના અવલિયાને સુપરત કરવામાં આવેલ છે. જેઓ દરેક યુગમાં પ્રકાશમય ખિદમતો અંજામ આપતા આવ્યા છે, જેમની તબ્લીગી, ઈસ્લાહી તેમજ ઈલ્મી તથા અદબી (સાહિત્યિક) ખિદમતોનો પૂરી મુસ્લિમ કૌમ સ્વીકાર કરે છે.

અબુલ બરકાત ઈમામે રબ્બાની હઝરત મુજદ્દિદ અલ્ફેષાની શૈખ અહમદ ફારૂકી સરહિંદી નક્શબંદી رحمۃ اللہ علیہ ૧૪ શવ્વાલ હિ.સ. ૯૭૧માં પેદા થયા. ઘણા બુઝુર્ગોએ આપના મુબારક આગમન સંબંધી આગાહીઓ આપી હતી. હુઝૂર ગૌષે આ'ઝમ પીરાને પીર દસ્તગીર મહબૂબે સુબ્હાની શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہએ એકવાર મુરાકિબા બાદ ફર્માવ્યું કે, ''મેં આલમે વાકિઆમાં એક નૂર જોયું છે એનો ઝહૂર પાંચસો (૫૦૦) વરસો પછી થશે. એ હસ્તીનું નામ શયખ અહમદ હશે. તેમના ઝરીઆથી દીનની તજદીદ (દીન જીવંત) થશે.''



સૈયદના ગૌષ પાક رضی اللہ عنہએ પોતાનો ખિર્કા મુબારક ખાદિમોને સોંપ્યો અને ફર્માવ્યું કે જ્યારે તેમનું આગમન થઈ જાય તો આ ખિર્કો મુબારક તેમને આપવામાં આવે. જેથી આ ખિર્કો મુબારક વિવિધ ઝરીઆ થકી ક્રમે ક્રમે સિલસિલાના નામવર બુઝુર્ગ હઝરત શાહ કમાલ કૈથલી رحمۃ اللہ علیہના પૌત્ર હઝરત શાહ સિકંદર કાદરી قدس سرہની પાસે પહોંચ્યો અને તેમના દસ્તે મુબારકથી હઝરત મુજદ્દિદ અલ્ફેષાની શયખ અહમદ ફારૂકી સરહિંદી رحمۃ اللہ علیہ સુધી પહોંચ્યો.

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ જે સમયે મસ્નદે ઈર્શાદ પર બિરાજમાન થયા એ દૌરમાં મોગલ બાદશાહ અકબરના ખડા કરેલા દીને ઈલાહીનો ફિત્નો જોરશોરમાં હતો. વિવિધ ધર્મોના શંભૂમેળાનું નામ ''દીને ઈલાહી'' રાખવામાં આવ્યું ! એમાં પેશાની પર ટીલક કરવામાં આવતું, જનોઈ પહેરવામાં આવતી, મસ્જિદ તથા મંદિરનો દરજ્જો સમાન દર્શાવાતો, બાદશાહને જ ખુદાનો અવતાર ગણાતો અને તેની તાઝીમમાં સજદો થતો, રામ રહીમ એકવાળી વિચારધારા અમલમાં આવી, વ્યાજ, જૂગાર, શરાબખોરી તથા સુવ્વરને હલાલ ઠરાવ્યાં, સર્વ ધર્મના તહેવારો ઉજવવામાં આવતા.....વગેરે. આપ આવા ગંભીર સંજોગોમાં કેવી રીતે ચુપ રહી શક્તા હતા ?! કૌમના સરમાયા (ઈસ્લામ તથા ઈમાન)ની સામે ઉપસ્થિત થયેલ ખતરાઓને દૂર કરવા તથા રોકવા માટે, અધર્મતા અને

ગુમરાહી પર આધારિત ગુમરાહ કરનાર અક઼ીદાઓ તથા માન્યતાઓની સામે આપ મજબૂત પહાડની જેમ ખડા થઈ ગયા, અને રસ્મે શબ્બીરીની પયરવી કરીને આપે બેદીની, કુફ્ર તથા શિર્કની આંધીઓનો મર્દાનાવાર મુક઼ાબલો કર્યો, જેના લીધે વિવિધ પ્રકારની સખ્તીઓ, તકલીફો, મુસીબતો, મુશ્કેલીઓનો તથા કૈદખાનામાં પૂરાવાની જુલ્મભરી આપત્તિઓને ગળે લગાડી. આપના મજબૂત ઈરાદા તથા અડગતા તેમજ અજોડ કુર્બાનીઓ અને આપના અક઼ીદતમંદો, ચાહકો તથા મોગલ ફોજમાં સામેલ લાખો સૈનિકો તથા જર્નલોના જબરદસ્ત દબાણ પર છેવટે શહેનશાહ જહાંગીરના દૌરમાં તેણે નમતુ જોખવું પડયું. આ રીતે આપે મિલ્લતના સરમાયા (ઈમાન તથા ઈસ્લામ)ની નિગેહબાનીના ફરીઝાનો હક્ક઼ અદા કરી આપ્યો. આપની ઐતિહાસિક જદ્દોજેહદના પરિણામે હિંદુસ્તાનમાં ચાલુ કરેલા સર્વ શરીઅત વિરુદ્ધ ક઼ાનૂનો રદ થઈ ગયા, તોડી પડાયેલ મસ્જિદોને ફરીથી બાંધવામાં આવી, તા'ઝીમી સિજદો કે જે રબના સિવાય ગૈરના માટે હરામ છે તેનો જે રિવાજ પાડેલો તે બંધ થયો, ગાયના ઝબીહા પર લાગેલ પાબંદી ખત્મ કરી દેવામાં આવી.

તજદીદે અહયાએ દીન (દીનને જીવંત કરવાના) ઈતિહાસમાં હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہનું મુબારક નામ હમેશાં સૂર્ય તથા ચંદ્રની જેમ જગમગતુ રહેશે અને આ મહાન હેતુ માટે તેમની મુખ્લિસાના (નિઃસ્વાર્થ) કોશિશો દરેક યુગમાં મુસલમાનો માટે દીવાદાંડીનું કામ આપતી રહેશે. મોગલ સલ્તનત સામે જાલિમ બાદશાહોથી ટકરાયને ઈસ્લામને જીવંત કરવું એ આપની એક જીવતી જાગતી કરામત છે. આપ તરીક઼ત તથા વિલાયતના અતિ ઉચ્ચ દરજ્જા પર બિરાજમાન હતા અને એક માદરઝાદ (માના પેટથી) અલ્લાહના વલી હતા એટલા માટે આપના મુબારક વજૂદથી સતત કરામતો જાહેર થતી રહેતી હતી. વાંચકોની દિલચસ્પીના ખાતર નીચેના લખાણમાં આપની ઈમાન અફરોઝ કરામતોના અમુક ઝુમાવી દેતા બનાવો રજૂ કરવામાં આવે છે.

## ★ માગ ! શું માગે છે ?! ★

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ એક દિવસ એકાંતમાં બેસીને ઝિક્રો અઝકારમાં વ્યસ્ત હતા. આપનો મુરીદે સાદિક઼ નવ મુસ્લિમ અબ્દુલ મો'મિન આપની ખિદમતમાં હાજર હતો. આપે મોજમાં આવીને પોતાના મુરીદને ફર્માવ્યું, ''બખ્વાહ ! ચેહ મી ખ્વાહી ?!' (માગ ! શું માગે છે ?!) તેણે હાથ જોડીને અર્ઝ કરી, ''મારો ભાઈ તથા વાલિદા પોતાના કુફ્રમાં ખૂબ જ સખ્તી તથા પૂર્વગ્રહ ધરાવે છે, મેં ઘણી જ કોશિશ કરી પણ તેઓ મુસલમાન ન થયાં. આપ તવજ્જોહ ફર્માવો કે તેઓ મુસલમાન થઈ જાય.''

જ્યારે તે પોતાની વાત પૂર્ણ કરી ચૂક્યો તો આપે અધિક મહેરબાની ફર્માવતાં તેને પૂછયું કે, ''ચીઝ દીગરે મી ખ્વાહી ?! (એના ઉપરાંત કાંઈ અન્ય પણ જોઈએ છે ?) તેણે કહ્યું, હુઝૂર ! આપની તવજ્જોહથી જો તેઓ મુસલમાન થઈ ગયાં તો મને સર્વ કાંઈ મળી જશે. અત્યારે તો મારી આ જ આરઝૂ છે કે તે લોકો ઈસ્લામથી પાવન થઈ જાય. તેની આ વાત સાંભળીને આપે એને તસલ્લી આપતાં આ પ્રમાણે ખુશખબરી આપી કે, ''બહુ સારું ! તેઓ ખૂબ જ જલ્દી મુસલમાન થઈ જશે.'' આપના આ ફર્માને આલીશાનના કેવળ ત્રણ દિવસો બાદ કોઈપણ મહેનત વિના અબ્દુલ મો'મિનનો ભાઈ તથા માતા સરહિંદ શરીફ આવ્યાં અને કલ્મએ તૈયેબહ પઢીને મુસલમાન થઈ ગયાં. (સુબ્હાનલ્લાહ !)

## ★ દૂર દૂરના સ્થળે મુરીદને ગુફામાં પડતાં જોવું ! ★

શૈખ મુઝ્ઝમ્મિલ એ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہના પૂરાણા મુરીદ તથા ખલીફા હતા જેઓ કોઈ જરૂરી કામ અર્થે શહેરથી દૂર ગયા હતા. એક દિવસ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہની ઝબાન મુબારકથી અચાનક આ વાત નીકળી કે, ''જોવામાં આવ્યું છે કે શયખ મુઝ્ઝમ્મિલ એક ખતરનાક સ્થળે એક ખાડામાં પડી ગયા છે અને ત્યાંથી નીકળવાના

માટે હાથ પગો મારી રહ્યા છે."

થોડાક દિવસો બાદ ખબર આવી કે શયખ મુઝ્ઝમ્મિલ સરહિંદની અમુક પહાડીઓમાં સૈરના માટે ગયા હતા. એવામાં અકસ્માતે એક ગુફાના કિનારે તેમના પગને ઠોકર લાગી અને તે ગુફામાં ગબડી પડયા અને તે ગુફાથી બહાર નીકળવું મુશ્કેલ થઈ ગયું. તે હાથ પગ મારી રહ્યા હતા કે બહાર આવી જાય. એટલામાં એક ખેડૂતે દૂરથી એમને ગુફામાં પડતાં જોઈ લીધા હતા અને તેણે અન્ય લોકોને ખબર કરી આપી જેથી બધાએ મળીને રસ્સીના વડે તેમને ગુફામાંથી બહાર ખેંચી લીધા. ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہએ આસ્તાના આલિયા નક્શબંદિયહ્ મુજદ્દિદિયહ્ સરહિંદ શરીફમાં બેઠાં બેઠાં દૂર દૂરના સ્થળે ઉપસ્થિત થનાર આ બનાવને જોયો અને તેનાથી પોતાના મુરીદોને બાખબર કરીને તેમને એ હકીકત જણાવી દીધી કે કામિલ મુર્શિદની નિગાહ દરેક પળે પોતાના મુરીદ પર હોય છે અને તે પોતાના મુરીદના અહવાલથી કદાપિ ગાફેલ નથી હોતા.

### ★ શાહી હોદ્દેદારને મૃત્યુદંડની સજાથી બચાવ્યો ! ★

એક મહત્વના હોદ્દેદારથી બાદશાહ સખ્ત નારાજ થઈ ગયો અને તેણે ખૂબ જ ગુસ્સાની સાથે હોદ્દાધારીને લાહોર બોલાવ્યો અને હુકમ જારી કર્યો કે જ્યારે તે શખ્સ દરબારમાં આવે તો તેને હાથીના પગો તળે કચડીને મારી નાખવામાં આવે ! કેમ કે તેણે કોઈ સખત કુસૂર કર્યો હતો. તે હોદ્દેદાર સખત ગભરાહટ અને પરેશાનીની હાલતમાં આસ્તાના આલિયા નક્શબંદિયહ મુજદ્દિદિયહ સરહિંદ શરીફમાં આપની સેવામાં હાજર થયો અને ખૂબ જ આજિઝી તથા ઈન્કેસારી સાથે આપની મદદની દરખાસ્ત પેશ કરી કે જેથી તેની જાન બખ્શી દેવામાં આવે. ઈમામે રબ્બાની હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ તે શખ્સની ફરિયાદથી પ્રભાવિત થયા અને આપને એની હાલત પર ખૂબ જ દયા આવી. આ અરસામાં આપ થોડીવાર ખામોશ રહ્યા અને થોડીવારના માટે મુરાક઼િબામાં ચાલ્યા ગયા અને પછી આપે તેને તસલ્લી આપી અને આ પ્રમાણે ફર્માવ્યું, "ઈત્મિનાન રાખો, ઈન્શાઅલ્લાહ ! તમને બાદશાહના તરફથી કોઈ તકલીફ નહીં પહોંચે, બલ્કે તમને શાહી ઈન્આમોથી સરફરાઝ કરવામાં આવશે."

શાહી હોદ્દેદાર સખત બેચેનીમાં સપડાયેલો હતો. તે આપની આ સંતોષજનક વાતચીતથી સંતુષ્ઠ ન થયો અને ગદગદ થઈને આપને અર્ઝ કરવા લાગ્યો કે હુઝૂર ! આપે જે કાંઈ ઈર્શાદ ફર્માવ્યો છે, તેને મહેરબાની કરીને તમારા મુક઼દ્દસ શબ્દોમાં મને લખીને આપી દો જેથી મારા પરેશાન દિલને અધિક તસલ્લી થઈ જાય. આપે એ શખ્સ પર અધિક મહેરબાની ફર્માવતાં એ લખાણ લખીને આપી દીધું કે ફલાણો શખ્સ બાદશાહના ગુસ્સાથી ડરી જઈને ફક઼ીર પાસે પહોંચ્યો છે એટલા માટે ફક઼ીરે તેને પોતાની ઝમાનતમાં લઈ લીધો છે અને તેને આ મુસીબતથી મુક્તિ આપી દીધી છે.

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہના આ હયાત અફરોઝ તથા જાંફિઝાં લખાણને સીનાથી લગાડીને તે શખ્સ ખુશી ખુશી બાદશાહની તરફ રવાના થઈ ગયો. થોડાક દિવસો બાદ ખબર મળી કે જ્યારે તે શખ્સ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہની તરફથી નજાતનો પરવાનો લઈને બાદશાહની સેવામાં હાજર થયો. બાદશાહને એ પરવાનાની કોઈ ખબર ન હતી પરંતુ એ હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીની ખાસ તવજ્જોહ તથા મહાન કરામતનું પરિણામ હતું કે તે હોદ્દેદારને જોઈને ખુશ થયો અને તેણે હસતા ચહેરે તેને હાથીના પગો નીચે કચડવાની સજા માફ કરી આપી અને ફક્ત નસીહતના રૂપે અમુક વાતો કરી અને તેને ખૂબ જ મહેરબાની કરતાં ખાસ ખિલ્અત (જબ્બો) પહેરાવીને એ જ હોદ્દા પર નિયુક્ત કરી આપ્યો.


*–(માહનામા નૂરુલ હબીબ, પાક. ડિસેમ્બર–૨૦૧૩)*

# મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ

રજૂકર્તા : **મુહમ્મદ મુજીદ રઝા–જંબુસર** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈમામે અરબાબે મુશાહિદા, સુલ્તાને અસ્હાબે મુજાહિદા, વારિષુલ અંબિયા, સુલ્તાનુલ મશાઈખ શૈખ નિઝામુદ્દીન બિન મુહમ્મદ رحمۃ اللہ علیہ બિન અહમદ બિન અલી બદાયુની બુખારી رحمۃ اللہ علیہ અલ્લાહ તઆલાના પ્યારા અને વલીયોના જુથના સરદાર હતા.

આપ બધા જ ગૌષી, કુતુબી અને ફર્દાનિય્યતના મકામથી પસાર થઈને મહબૂબીના દર્જા સુધી પહોંચી ગયા હતા. આપના કથનો અને કાર્યો બધા મશાઈખ માટે સ્પષ્ટ દલીલ છે. અને બધા જ આપની તરફ જુએ છે અને કયામત સુધી જોતા રહેશે. આપે પોતાના વિલાયતના પ્રકાશથી આખી દુનિયાને પ્રકાશમાન કરી અને એક જગતને હિદાયત બખ્શી. અલ્લાહ તઆલાએ આપને સુલ્તાનુલ મશાઈખના ખિતાબથી પ્રતિષ્ઠતા ફર્માવી અને આપના માથા પર કરામતનો તાજ રાખ્યો. એટલા માટે આપની વિલાયતની અસરો ચમકતા સૂર્યની જેમ જાહેર છે અને કોઈને પણ ઈન્કાર કરવાની હિંમત નથી થઈ. આપ હઝરત ફરીદુદ્દીન ગંજે શકરના સૌથી મોટા મુરીદ હતા અને ખલીફા પણ. કિતાબ ''સિયરુલ અવલિયા''ના લેખક મીર સૈયદ મુહમ્મદ કિરમાનીએ આપના બધા જ હાલ વિગતથી આ કિતાબમાં લખ્યા છે, જેમાંથી અમુક હાલ અહીંયા લખવામાં આવે છે તે લખે છે કે અલ્લાહ તઆલા ગવાહ છે જયારે સુલ્તાનુલ મશાઈખની વિલાયતના જમાલનો વિચાર મારા દિલમાં આવે છે તો હું ચકિત થઈ જાઉં છું કે શું લખુ ?! કેમ કે આ અનુપમ જાતની ખૂબીઓ લેખન વર્તુળની બહાર છે. જો કે આપ હઝરત ગંજે શકરના છેવટના સાથીઓમાંથી હતા પરંતું અલ્લાહ તઆલાનો ઈશ્ક આપના દિલમાં એ રીતે મોજા મારી રહ્યો હતો કે આપ આગલા સાથીઓ તથા અગ્રગણ્ય મશાઈખથી આગળ નીકળી ગયા.



**મુબારક નસબનામુ** : મહબૂબે ઈલાહી નજીબુત્તરફૈન સાદાતમાંથી હતા. આપના વડવા બુખારા શહેરના રહેવાસી હતા. આપના પિતાના દાદા ખ્વાજા અલી અને આપનાં માતાના દાદા ખ્વાજા અરબ બંનેવ બુર્ઝુગ બુખારાથી લાહોર પહોંચ્યા. ત્યાંથી બદાયું ગયા અને ત્યાં જ વસવાટ કર્યો. સંજોગોવસાત તે બંનેવ બુઝુર્ગોના વચ્ચે સંબંધ થઈ ગયો. ખ્વાજા અરબે પોતાની દિકરી ઝુલેખા જેમનું મઝાર મુબારક આજ સુધી દિલ્હીમાં હાજતમંદો માટે આશ્રય સ્થાન છે તેમનો નિકાહ સુલ્તાનુલ મશાઈખના પિતા ખ્વાજા અહમદ બિન અલીની સાથે કરી આપ્યો. ખ્વાજા અહમદ પ્રમાણિક્તા તથા ઈમાનદારીથી પૂરેપૂરા સજાયેલા હતા. તે સમયના બાદશાહના હુકમથી બદાયૂંના કાઝી બનાવવામાં આવ્યા. આપનું મઝાર તે જગ્યાએ લોકોનું ઝિયારતગાહ છે. અલ્લાહ તઆલાએ બંનેવની નૂરાની નિસ્બતથી સુલ્તાનુલ મશાઈખના રૂપમાં તે મોતી પેદા ફર્માવ્યું જે કરામતનો સરમાયો અને ઈશ્કો મહોબ્બતનો

પૈકર હતું. નફહાતના લેખક લખે છે કે આપી ખાલિદી હતા.

ટૂંકમાં કે આપ હજી નાની ઉમરના હતા કે પિતા બીમાર થઈ ગયા આપની માતાએ સ્વપ્નું જોયું કે કોઈ એમનાથી કહી રહ્યું હતું કે એકને પસંદ કરો, ખ્વાજા અહમદને અથવા પોતાના દિકરાને. તેમણે દિકરાને પસંદ કર્યો. એના પછી તરત ખ્વાજા અહમદનો વિસાલ થઈ ગયો. જ્યારે સુલ્તાનુલ મશાઈખ થોડા મોટા થયા તો આપને મદ્રસામાં દાખલ કરવામાં આવ્યા. આપે થોડાક જ દિવસોમાં કુર્આન શરીફને પૂરું કર્યું અને કિતાબો પઢવાનું શરૂ કર્યું. અને ઘણા ઈલ્મોમાં મહારત હાંસલ કરી. સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે કે બાર વર્ષની ઉમરમાં મેં ઈલ્મે લુગાત પઢી નાખ્યું. અબૂ બકર ખિરાતા મુલ્તાનથી અમારા ઉસ્તાદ પાસે મુલાકાત કરવા આવ્યા તો તેમણે પહેલા શેખ બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہના કમાલાત બયાન કર્યા. પરંતું મારા દિલમાં ન બેસ્યું, એના પછી તેમણે હઝરત ગંજે શકર رحمۃ اللہ علیہની ચર્ચા કરી અને આપની મહોબ્બત મારા દિલ પર છવાઈ ગઈ ત્યાં સુધી કે દરેક નમાઝ પછી આપના નામ મુબારકની તસ્બીહ પઢવા લાગ્યો. દસવાર શૈખ ફરીદુદ્દીન અને દસવાર મૌલાના ફરીદુદ્દીન કહેતો હતો તેના પછી સૂઈ જતો. જ્યારે મારી ઉમર સોળ વર્ષની થઈ તો મારાં માતા અને બહેનની સાથે દિલ્હી જઈને ત્યાં વસવાટ કર્યો. સંજોગોવસાત અમે ગંજે શકરના ભાઈ શૈખ નજીબુદ્દીન મુતવક્કિલ رحمۃ اللہ علیہના ઘરના પાસે રોકાયાં. તેમની સાથે રહીને દિવસે દિવસે ગંજે શકર رحمۃ اللہ علیہની કદમ બોસીનો શોખ વધવા લાગ્યો પરંતું ત્રણ ચાર વર્ષ અધિક શહેરમાં રહ્યો અને મહેનત કરીને ઈલ્મ પ્રાપ્ત કરતો રહ્યો. ઈલ્મે હદીષની સનદ પોતાના ઉસ્તાદ પાસેથી પ્રાપ્ત કરી.

સિરયુલ આરિફીનમાં લખ્યું છે કે જ્યારે સુલ્તાનુલ મશાઈખે બધા ઈલ્મોમાં કમાલ પ્રાપ્ત કરી લીધો અને શહેરના આલિમોમાં અનોખા થઈ ગયા તો એક દિવસ આપે નજીબુદ્દીનની ખિદમતમાં જઈને અરજ કરી કે મને કાઝી બનવાની ઈચ્છા છે અને હું ચાહું છું કે અલ્લાહ તઆલાની મખ્લૂકને નફો પહોંચાડુ. શૈખે ફર્માવ્યું, અલ્લાહ ન કરે કે તું કાઝી બને, તું તે બનશે જેની મને ઉમ્મીદ છે. આપને ખ્વાજા ગંજે શકર رحمۃ اللہ علیہના મુલાકાતનો શોખ વધી ગયો કે થોડા દિવસો પછી વીસ વર્ષની ઉમરમાં બધા કાર્યો છોડીને આપે અજુધનનો સફર કર્યો અને મુલાકાતથી ફૈઝયાબ થઈ ગયા. જેમ કે આપ જાતે રાહતુલ કૂલુબમાં લખે છે કે બુધવારના દિવસે દસ રજબુલ મુરજ્જબ ૬૫૫ હિજરીમાં મુસલમાનોનો આ દુઆગો નિઝામ અહમદ બદાયુની સુલ્તાને તરીકતનો ગુલામ જે આ મલ્ફૂઝાતનો સંપાદક છે, સૈયદુલ આબિદીન હઝરત શેખ ફરીદુદ્દીન ગંજે શકર رحمۃ اللہ علیہ મસઊદ અજોધનીની ખિદમતમાં હાજર થયો. તે સમયે આપે ચાર તુર્કી ટોપી જે આપના માથા પર હતી તે ઉતારીને દુઆગોના માથા પર રાખી અને ખાસ ખિર્કો (જબ્બો), પગરખાં અપર્ણ કર્યાં. આપે એ પણ ફર્માવ્યું કે હું ઈચ્છુ છું કે હિંદુસ્તાનની વિલાયત કોઈ બીજાને હવાલે કરું, પરંતું તમે માર્ગમાં હતા અને મને અવાજ આપવામાં આવ્યો કે હમણા રોકાઈ જાવ કે હમણા નિઝામ બદાયુની પહોંચવાનો છે, આ વિલાયત તેની જ છે અને તેના હવાલે કરી દો. દુઆગોને ઈચ્છા થઈ કે હું હઝરતની ખિદમતમાં અરજ કરું કે મને કદમ બોસીનો હદ વગરનો ગલ્બો હતો. પરંતું આપની દહેશત એ રીતે હતી કે હું કાંઈ કહી ન શકયો. આપે તરત જ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે હા ! તમારો શોખ (ઉમંગ) અવર્ણનીય છે અને આ શેઅર દુઆગોના હાલના મુતાબિક પઢયો : (અર્થ) "તારી બેચેનીની આગે દિલ બાળી નાખ્યું છે, તારી મુલાકાતના ઉમંગે જીવો બર્બાદ કરી નાખ્યા છે."

એના પછી દુઆગોના દિલમાં વિચાર આવ્યો કે હવેથી જે કાંઈ પણ આપની ઝબાનથી નીકળશે તેને લખતો જઈશ. આ વિચાર હમણા દિલમાં આવ્યો જ હતો કે આપે ફર્માવ્યું, તે મુરીદ નસીબદાર છે જે પોતાના પીરના મોઢેથી જે કાંઈ સાંભળે તેને લખી લે, તેના માટે હદ વગરની બરકતો છે. તેના પછી ફર્માવ્યું કે કોઈ પળ એવી નથી પસાર થઈ કે મારા દિલમાં પર નિદા આપવામાં આવતી ન હોય. આ ઝિંદા વલી છે અને તેના દિલમાં અલ્લાહ તઆલાની મહોબ્બત છે. તેના

પછી દુરવેશીના મામલા પર વાતચીત થવા લાગી. ફર્માવ્યું, ફકીરી બીજાના દોષ છુપાવવું છે અને ખિર્કાપોશી તેનો હક્ક છે જે લોકોને ઐબ છુપાવે છે અને તેમના ઐબ કોઈની સામે જાહેર નથી કરતો અને જે કાંઈ તેને મળે છે તેને અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચી નાખે છે. અને તે જમા નથી કરતો. એના પછી ફર્માવ્યું કે તરીકતના વાળાઓ અને મહાન મશાઈખે પોતાના ફવાઈદમાં લખ્યું છે કે ઝકાત ત્રણ પ્રકારની હોય છે : પહેલી શરીઅતની ઝકાત છે. શરીઅતની ઝકાત એ છે કે જ્યારે બસો દિરહમ જમા થઈ જાય તો પાંચ દિરહમને અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચી નાખવા. બીજી તરીકતની ઝકાત છે, તે એ કે બસો દિરહમમાંથી પાંચ દિરહમ રાખે અને બીજા બધા અલ્લાહ તઆલાની માર્ગમાં ખર્ચ કરી દે. અને ત્રીજી હકીકતની ઝકાત છે, તે એ છે કે બસો દિરહમમાંથી કાંઈપણ બાકી ન રાખે અને બધુ જ અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરી દે, કેમ કે દરવેશી બીજાનો દોષ છુપાવનાર અને પોતાને વેચી દેવાનું નામ છે.

સારાંશ કે રાહતુલ કૂલુબમાં અસંખ્ય ફાયદા બયાન કર્યા છે તેને જોઈને તેના પર અમલ કરવો જોઈએ. જ્યારે બયઅતના પછી સુલ્તાનુલ મશાઈખ હઝરત ગંજે શકર رحمۃ اللہ علیہની ખિદમતમાં અલ્લાહની પ્રાપ્તિના (સુલૂક તથા રિયાઝત) માર્ગમાં મશ્ગૂલ થયા તો અરજ કરી કે હુકમ હોય તો હમણા તાલીમ છોડી દઉં ! આપે ફર્માવ્યું, હું કોઈને તાલીમથી રોકતો નથી, બંને કાર્ય ચાલુ રાખો. જુઓ કયુ કાર્ય છવાઈ જાય છે ? થોડા દિવસો પછી બાતિનનો શુગલમાં આપ પર એ રીતે છવાઈ ગયો કે તાલીમ આપોઆપ જ છૂટી ગઈ. સુલ્તાનુલ મશાઈખે વારંવાર ફર્માવ્યું કે જે કિતાબો હું પહેલાં પઢી ચૂકયો છું હવે તેમના પર નજર નાખુ છું તો મારા અંતર (બાતિન)ના હાલમાં મોટી કમી ઉભી થઈ જાય છે.

**શેઅરનો અર્થ** : *"જે જગ્યાએ બાદશાહે તંબૂ લગાવ્યો ત્યાં આમ લોકોનો શોરગુલ ખત્મ થઈ ગયો.*

સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે કે એક દિવસ કાશ્મીરમાં હઝરત ગંજે શકર رحمۃ اللہ علیہની ખિદમતમાં બેઠા હતા. બધા જ મિત્રો ત્યાં હતા. ગરમીનો સમય હતો બધા મિત્રો ઉભા થઈને છાંયડો કરી રહ્યા હતા. આ સમય કૃયલૂલા (બપોરના આરામ)નો સમય હતો. અમે બધા સૂઈ ગયા. આ ફકીર બેસીને માખીઓને હટાવતો રહ્યો. આપ જાગી ગયા, પૂછ્યું કે મિત્રો ક્યાં છે ? અરજ કરી કે સૂઈ રહ્યા છે. ફર્માવ્યું, આવો તમને એક વસ્તુ દેખાડું. આપે ફર્માવ્યું કે તમે દિલ્હી જઈને મુજાહિદામાં મશ્ગૂલ થઈ જાવ અને વગર કામના ન રહેશો. રોઝો અડધી રાહ છે અને અડધી રાહ બીજા અમલો એટલે નમાઝ અને હજ્જ છે. તે સમયે આપે ઘણા ફવાઈદ બયાન કર્યા અને અનમોલ વાતો પણ બયાન કરી. શૈખ બદરુદ્દીન ઈસ્હાક رحمۃ اللہ علیہએ મને કહ્યું, આ સફર કેવળ તમારા માટે હતી કેમ કે આ સફરમાં આપે શૈખથી ઘણી નેઅમતો પ્રાપ્ત કરી છે.

તેના પછી સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે, આપના હુકમથી એ રીતે મસ્ત બન્યો કે એ પણ ન પૂછી શકયો કે કયો મુજાહિદો અપનાવું. પછી મેં વિચારીને સૌમે દહર અપનાવી લીધા પરંતું કેમ કે હઝરત શૈખના હુકમ વગર અપનાવ્યું હતું જેથી કદી કદી તેમાં ખલેલ લાગુ પડે છે. સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે કે એકવાર મેં હઝરત શૈખથી ફાતેહાના તઅલ્લુકથી અર્ઝ કરી, આપે ઈજાઝત આપી એ કારણે કે દુઆગો દર બદર ન ફરતો રહે.

સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે કે એકવાર હઝરત ગંજે શકર رحمۃ اللہ علیہની તબિઅત સારી ન હતી, આપે મને થોડા મિત્રોની સાથે શહીદોની તે કબરોનું દર્શન કરવા માટે મોકલ્યો જે અજુધનમાં છે. જ્યારે અમે પાછા આવ્યા તો આપે ફર્માવ્યું કે તમારા લોકોની દુઆએ કોઈ અસર ન દેખાડી અને મને બિલકુલ પણ ઊંઘ ન આવી. અમારો એક મિત્ર હતો જેનું નામ શૈખ અલી બિહારી હતું. તે દૂર ઉભો રહીને જોઈ રહ્યો હતો. તેણે કહ્યું, અમે લોકો અધૂરા છીએ અને આં હઝરત કામિલ ! અધૂરાઓની દુઆ કામિલોના હક્કમાં કેવી રીતે કૃબૂલ થઈ શકે છે ?! આ વાત આપના કાન સુધી ન પહોંચી શકી અને મેં પહોંચાડી. આપે ફર્માવ્યું, મેં અલ્લાહ તઆલાથી દરખાસ્ત કરી છે કે તમે જે કાંઈ માંગશો તે તમને મળી આવશે. તેના પછી આપે પોતાની ખાસ અસા (લાકડી) મને આપી. મેં અરજ કરી કે અલ્લાહ

તઆલા આપને તંદુરસ્ત કરે.

સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે એક સમયે હઝરત ગંજે શકર رحمۃ اللہ علیہનો ચેહરો જલાલમાં હતો અને આપ ખુલ્લા માથે પોતાના ખાસ હુજરામાં ચાલી રહ્યા હતા અને આ પંક્તિઓ પઢી રહ્યા હતા : (અર્થ) : ''હું ઈચ્છુ છું કે હમેશાં તારી વફામાં જિંદગી પસાર કરું. માટી થઈ જાઉં અને તારા કદમોના નીચે રહું. મારા જેવા આજીઝનો હેતુ બંનેવ દુનિયામાં તું જ છે. તારા જ માટે જીવવા ઈચ્છુ છું અને તારા જ માટે મરવા ચાહું છું.'' જ્યારે આપ આ પંક્તિઓ પૂરી કરી લેતા હતા તો માથાને સજદામાં રાખી દેતા હતા. આપે કેટલીકવાર આવું જ કર્યું. ત્યારબાદ કમરામાં દાખલ થયો અને માથુ નમાવી કદમબોસી કરી. આપે કમાલના પ્રેમાળભાવે ફર્માવ્યું કે શું ચાહો છો, માગો ! મેં દીની નેઅમત તલબ કરી અને આપે અતા ફર્માવી. ત્યારબાદ હું ચિંતિત થયો કે એવું કેમ ન માગ્યું કે સમાઅમાં મને મૌત આવે. કાઝી મુહીયુદ્દીન કાશાની رحمۃ اللہ علیہએ પૂછયું કે આપે શું માગ્યું હતું ? ફર્માવ્યું મેં અડગતા માગી અને શયખે મને અર્પણ કરી.

સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે : એક દિવસ આપના ફરઝંદ શૈખ નિઝામુદ્દીન અને આ ઝઈફ (નાચીઝ) બંનેવ આપની સેવામાં બેઠા હતા. આપે ફર્માવ્યું, તમે બંનેવ મારા દિકરા છો. તેમની તરફ ઈશારો કરીને ફર્માવ્યું કે તમે ફરઝંદે નાની (રોટીવાળા દિકરા) અને બંદાની તરફ ઈશારો કરીને ફર્માવ્યું કે તમે ફરઝંદે જાની (રૂહી દિકરા) છો. હઝરત ગંજે શકર رحمۃ اللہ علیہએ એ પણ ફર્માવ્યું કે એક માણસ હતો જેણે મારી સાથે દોસ્તી કરી. જ્યારે તે જતો રહ્યો તો થોડા સમય સુધી દોસ્તી પર કાયમ રહ્યો પરંતું એના પછી તે હાલત ન રહી. એક બીજા માણસ સાથે પણ આજ હાલ થયો. તેના પછી મારી તરફ જોઈને ફર્માવ્યું, આ એવો જ માણસ છે કે જ્યારથી તેણે મારી સાથે તઅલ્લુક પેદા કર્યો છે ત્યારથી તેના પર અટલ છે અને તેની મહોબ્બતમાં કોઈ તફાવત ન આવ્યો. સુલ્તાનુલ મશાઈખને જ્યારે આ વાત કહી તો રડવા લાગ્યા અને રડવાની હાલતમાં ફર્માવ્યું કે આજ સુધી તેમની મહોબ્બત યથાવત છે બલ્કે મૃત્યુ પામ્યા પછી પર યથાવત રહેશે. સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે કે હઝરતે પોતાનું થૂંક મુબારક મારા મોઢામાં નાખીને મને હિફઝે કુર્આનનો આદેશ આપ્યો અને ફર્માવ્યું, હે નિઝામુદ્દીન ! મને આખી દુનિયા આપવામાં આવી છે, અમારી પાસે બધુ જ છે, જાવ હિંદુસ્તાનનો દેશ તમારે હવાલે કરું છું.

સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે જ્યારે હઝરત શયખે મને ખિલાફત આપી તો ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ ઈલ્મ અને ઈશ્ક આપ્યો છે, જેનામાં આ ખૂબીઓ હોય છે તે મશાઈખની ખિલાફતના પાત્ર હોય છે અને તે આ કાર્ય ચલાવી શકાય છે. સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે, હઝરત શૈખની હયાતમાં ત્રણવાર હું અજુધન ગયો અને આપના વિસાલ પછી સાતવાર ત્યાં હાજર થયો એટલે કુલ દસવાર. શૈખ જમાલુદ્દીન હાંસવી رحمۃ اللہ علیہ સાતવાર અજુધન ગયા અને શૈખ નજીબુદ્દીન મુતવક્કિલ ઓગણીસવાર દિલ્લીથી અજુધન ગયા હતા. એટલા માટે આપે રાહતુલ કુલૂબમાં શરૂઆતમાં લખ્યું છે કે રજબ મહિનામાં ૬૫૫ હિજરીમાં કદમબોસીની દૌલત પ્રાપ્ત થઈ અને આ દુઆગોને ખાસ એકાંતથી નવાજ્યો. બધા જ ચાહવાવાળા હાજર હતા, આપે ફર્માવ્યું કે અલ્લાહ તઆલાના હુકમથી અમે મૌલાના નિઝામુદ્દીનને હિંદુસ્તાનની વિલાયત આપી અને પોતાનો સજ્જાદાનશીન મુકર્રર કર્યો. આ સાંભળીને બંદાએ પોતાનું માથુ જમીન પર રાખી દીધું. આપે ફર્માવ્યું, હે જહાંગીરે આલમ ! માથાને ઉપર ઉઠાવો. એના પછી આપે ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہની દસ્તાર જે આપના માથા પર હતી તે મને અતા ફર્માવી અને ખિર્કો પહેરાવ્યો અને અસા હાથમાં આપીને ફર્માવ્યું, બે રકાત નમાઝ અદા કરો. જ્યારે મેં કિબ્લાની તરફ મોઢું કર્યું તો આપે બંદાનો હાથ પકડીને આસ્માન તરફ મોઢુ કર્યું અને ફર્માવ્યું, જાવ ! મેં તમને ખુદાની સુપુર્દ કર્યા. અને ફર્માવ્યું, આ બધું તને આપું છું એટલા માટે કે અંતિમ સમયે તમે અહીંયા નહીં રહેશો કેમ કે હું પણ ખ્વાજા કુત્બુલ ઈસ્લામના વિસાલના સમયે હાજર ન હતો. એના પછી શેખ બદરુદ્દીન ઈસ્હાકને હુકમ આપ્યો કે તે લખાણ લાવો ! જ્યારે લખાણ પ્રાપ્ત થયું તો આપે મારું માથુ ગોદ મુબારકમાં લઈને ફર્માવ્યું કે અમે તને ખુદા સુધી પહોંચાડી આપ્યો. એના પછી ફર્માવ્યું કે આજે અહીંયા રહી જાવ કાલે ચાલ્યા જજો. તે દિવસે રસોડાના

ખર્ચ માટે કોઈ ખરાબી ન આવી, બધા જ તઅલ્લુક રાખવાવાળા આમ જ બેઠા હતા. બંદાએ અર્ઝ કર્યું કે એક બે આના સફર ખર્ચના માટે આપ્યા છે, જો હુકમ હોય તો એનાથી ખાવાનું લઈ આવું. આ વાતથી આપને ખૂબ જ આનંદ આવ્યો અને ખૂબ જ ભલાઈની દુઆ આપી અને ફર્માવ્યું, તમારા માટે મેં અલ્લાહ તઆલા પાસે થોડી દુનિયા માંગી છે. આ સાંભળીને હું કાંપી ઉઠયો કે અફસોસ ! દુનિયાએ તો કેટલાય બુઝુર્ગોને ફિત્નામાં સપડાવી દીધા છે, મારું શું થશે ? આપે મારા દિલની હાલતથી આગાહ થઈને મને ફર્માવ્યું કે તને આનાથી કોઈ નુકસાન નહીં થાય, તમે નચિંત રહો. એનાથી મને વધારે ખુશી થઈ. છેવટની રાત્રે મેં જોયું કે એક સ્ત્રી જમાઅત ખાનામાં સહેનના ઝાડુ લગાડી રહી હતી. મેં પૂછયું તું કોણ છે ? તેણે કહ્યું હું દુનિયા છું અને હઝરત મખ્દૂમના ઘરમાં હું ઝાડુ લગાડી રહી છું. છેવટે એ જ થયું જે હઝરત ગંજે શકર رحمۃ اللہ علیہની ઝબાનથી નીકળ્યું હતું. એના પછી ફર્માવ્યું, પહેલા હાંસી જાવ અને આ લખાણ શૈખ જલાલુદ્દીનને દેખાડો તેના પછી જયારે દિલ્હી પહોંચ્યો તો ત્યાંના નિમાયેલ કાઝીને પણ દેખાડજો, પરંતું શૈખ નજીબુદ્દીનનું નામ ન લીધું એનાથી મને આશ્ચર્ય થયું પરંતું જયારે દિલ્હી પહોંચ્યો તો ખબર પડી કે શેખ નજીબુદ્દીન رحمۃ اللہ علیہનો વિસાલ થઈ ગયો છે. સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે, જયારે હું ત્રીજીવાર રમઝાનના મહિનામાં ૬૬૯ હિજરીમાં અજુધન પહોંચ્યો, આ મારી હઝરત ગંજે શકર رحمۃ اللہ علیہથી છેલ્લી મુલાકાત હતી. જતી વખતે તેમણે મારી તરફ મોઢુ કરીને ફર્માવ્યું, અલ્લાહ તઆલા તને નેક બનાવે. એના પછી ફર્માવ્યું, અલ્લાહ કરે તું એવો વૃક્ષ બને કે લોકો તેના છાયડામાં આરામ કરે. ફર્માવ્યું, પાત્રતા વધારવા માટે મુજાહિદા ચાલુ રાખો. પછી મેં આપનાથી વિદાય થઈને હાંસી જઈને ખિલાફતનામુ જલાલુદ્દીન હાંસવીને દેખાડયું તેમણે ખૂબ જ મહેરબાની ફર્માવી.

તેના પછી સુલ્તાનુલ મશાઈખ બંનેવ જગતની નેઅમત તથા કરામતો લઈને દિલ્હી પહોંચ્યા. પરંતું તે દિવસોમાં આપ પર બાતિની શુગ્લની તલ્લીનતા એ રીતે છવાઈ ગઈ હતી કે દુનિયાથી અલગ રહેવા લાગ્યા. કેટલાય વર્ષો સુધી ન ઘરે આવ્યા ન કોઈ ખાનકાહ તૈયાર કરી, અને આપ કેટલીક જગ્યા પર ગુમનામીના હાલમાં રહ્યા. પરંતું આપની વિલાયતનો જમાલ જે સૂર્યથી વધારે ચમકતો હતો તે કેવી રીતે સંતાયેલો રહી શકતો હતો ! બધી જ બાજુએથી લોકો આપની તરફ આવવા લાગ્યા. એક દિવસ આપ પરેશાન થઈને શહેરથી બહાર ચાલ્યા આવ્યા અને આ ઈરાદો કરી લીધો કે હવે ફરી નહીં જાઉં. કુબૂલિયતનો સમય હતો આપે દુઆ કરી કે હે અલ્લાહ ! હું આ શહેરથી બહાર જવા ઈચ્છુ છું પરંતું હું મારી પસંદથી કશું કરવા નથી માગતો, જયાં તારી રઝા હોય ત્યાંનો હુકમ કર કે હું ત્યાં જાઉં. અવાજ આવ્યો કે તારું ઠેકાણુ ગયાષપુર છે. આપે ગયાષપુર ન જોયું હતું અને ન જાણતા હતા કે ક્યાં છે. આપ એક મિત્રના ઘરે ગયા જેનું નામ નકીબ નીશાપૂરી હતું. લોકોએ કહ્યું કે તે ગયાષપુર ગયેલા છે. આપ એમનામાંથી એક માણસને લઈને ગયાષપુર તશરીફ લઈ ગયા. તે સમયે ત્યાં વધારે આબાદી ન હતી. આપે તરત જ ત્યાં રહેવાનું પસંદ કરી લીધું અને કોઈને આપની ખબર પણ ન પડી. એનાથી આપને ચૈન અને સુકૂન પ્રાપ્ત થયું. પરંતું રોજી ખૂબ જ ઓછી હતી અમુક લોકો જે આપની જોડે હતા તે ગરદનમાં થેલો નાખી ત્રીજા દિવસે ઈફતાર માટે આપની પાસે એક રોટલી લાવતા હતા. અથવા કોઈકવાર જંગલી ફળો પર પોતાનો ગુજારો કરતા ત્યાં સુધી કે સુલ્તાન મઅજુદ્દીન કૈકૂબાદે ગ્યાષપુરાના નજીક "કૈલુગેહરી"માં રહેવા લાગ્યા તેનાથી લોકોને આપના વિશે ઈલ્મ થઈ ગયું. રાજા તથા ઉમરાવો અને આમ લોકો આપના દર્શન કરવા આવવા લાગ્યા. કેમ કે આપ એનાથી ખૂબ જ નફરત કરતા હતા. આપે વિચાર્યું કે અહીંયાથી ચાલ્યા જવું જોઈએ. સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે કે હું આ જ વિચારમાં હતો કે તે જ દિવસે સુંદર અને રૂપાળો યુવાન આવ્યો, પરંતું કાંઈક અવ્યવસ્થિત હાલતમાં હતો. હવે અલ્લાહ જ જાણે કે મર્દાને ગયબથી હતો કે કોણ હતો ? તેણે આવતાંની સાથે જ આ વાત કહી :–

"જયારે તું ચાંદ બન્યો તો તને ખબર ન હતી કે બધા લોકોની પનાહની જગ્યા બનશે ?!" *(ક્રમશઃ)*

# ચામડી ચમકાવતાં



# બ્યૂટીપાર્લરોની બુરાઈઓ

*કુર્આન પાકમાં રબ તઆલાનું ફર્માન છે :–*

*"ઝિનાની નજીક પણ ન જાવ !" જ્યારે કે સ્ત્રીનું સજીધજીને બેપર્દગી સાથે જાહેરમાં અંગ પ્રદર્શન તથા ફેશનેબલ બની સુંદરતાનું પ્રદર્શન કરવું એ ઝિના તરફ પ્રયાણ છે. પર પુરૂષો એનાથી આકર્ષાય છે જેના પરિણામ સ્વરૂપે ઝિના (વ્યભિચાર)ના કિસ્સા બલ્કે રેપ (બળાત્કાર)ના બનાવો ઉદ્‌ભવ પામે છે.*

*હાલમાં વર્તમાનપત્રમાં જાણવા મળ્યું કે હોંગકોંગ સિટી વ્યભિચારથી ખદબદતુ શહેર બની ચૂકયું છે.* ***અને વ્યભિચાર (ઝિના) અને બ્યુટી પાર્લરોને ખૂબ જ નજીકનો સંબંધ છે,*** *કેમ કે સ્ત્રીનું આકર્ષણ ઉદ્‌ભવે તેવી સજાવટ તથા શણગાર ત્યાંથી જ થાય છે અને સ્ત્રી પર પુરૂષોને આકર્ષવા જ બ્યૂટી પાર્લરોનો સહારો લઈ શણગાર કરે છે અને એ આકર્ષણથી છેવટે ઝિનાની બુરાઈમાં પણ પડી જતી હોય છે. અસંખ્ય એવા બનાવો સમાજમાં બને છે. હોંગકોંગમાં દસ પંદર વરસ પહેલાં ૧૫૦ બ્યૂટી પાર્લરો હતાં જ્યારે આજે ૧૫૦૦૦ બ્યૂટી પાર્લરો છે જ્યાં સ્ત્રી બ્યૂટીશીયનો સ્ત્રી કે પુરૂષો સર્વનું મસાજ તથા શણગાર કરતી હોય છે.*

*મુસલમાનો ! તમારી ગૈરત ક્યાં મરી ગઈ ! તમારી સ્ત્રીઓ પણ આ ગૈરમુસ્લિમ વૈશ્યાગીરી કરતી સ્ત્રીઓ જેમ શણગાર કરે, બ્યૂટી પાર્લરનો ધંધો કરે, પોતે સજે, લોકોને સજાવે અને તે સ્ત્રીઓ જાહેરમાં સુંદરતાનું પ્રદર્શન કરે અને તેનાં પરિણામો નિશ્ચિત જ છે કે સમાજમાં વ્યભિચાર તથા બેહયાઈ ફેલાય જાય ! અને ફેલાઈ રહી છે, છતાં તમે નચિંત છો ?! આવો ! ઈમાની નજરે આ લેખ વાંચો અને તમારા ઘરના માહોલને આ બુરાઈથી બચાવો તો આપોઆપ પૂરો સમાજ સુધરી જશે. ઈન્શાઅલ્લાહ !*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

❑ ❑ ❑ ❑ ❑

નગ્મા અને સલ્મા પૂરાની સહેલીઓ છે **First K.G.** થી **B.Sc.** સુધી સ્કૂલમાં સાથે શિક્ષણ પ્રાપ્ત કર્યું, નગ્મા **B.Sc.** પછી ઉચ્ચ શિક્ષણ માટે પૂના શહેર ગઈ અને ત્યાં રહી એંજીનીયરીંગનું શિક્ષણ પ્રાપ્ત કરવા લાગી. સલમા ડોકટરી માટે અલીગઢ ગઈ અને ત્યાં મેડિકલ સાયન્સનું શિક્ષણ પ્રાપ્ત કરવા લાગી. આ જ જિંદગીનો એ વળાંક હતો જેણે એમને ૧૮ વર્ષો જૂની દોસ્તીથી અલગ રહેવા પર મજબૂર કરી. સલ્માનો ખાનદાની માહોલ ઈસ્લામી હતો જેની અસરથી એ કોલેજ તથા યુનિવર્સિટીના ખરાબ માહોલથી પ્રભાવિત ન થઈ. નગ્મા એંજીનીયરીંગ અને સલ્મા ડોકટરીથી ગ્રેજ્યુએટ થયા બાદ પોતાની જિંદગીઓમાં વ્યસ્ત થઈ ગઈ. એમની મુલાકાતો ઈદ તહેવાર વગેરે પ્રસંગો સુધી રહી ગઈ. આજે લગભગ પાંચ વર્ષ પછી સલ્મા, નગ્માના ઘરે આવી. સલામ દુઆ પછી બંનેવ પોતાના બચપણની યાદોમાં મગ્ન થઈ ગઈ. ત્યારે અચાનક ડોરબેલ વાગી અને દરવાજાથી એક નકાબપોશ યુવાન છોકરી દાખલ થઈ. સલ્મા આશ્ચર્ય ચકિત થઈ એને જોતી રહી અને

રજૂકર્તા : **મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી કુરચનવી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાત ખ્વાજા–આમોદ)*

નગ્માથી પૂછયું, શું આ સાલિહા છે ? નગ્માએ કહ્યું, હા ! હમણા B.C.A. માં એડમિશન કરાવ્યું છે. સલ્માએ કહ્યું એ તો બરાબર છે પણ તું આટલી આઝાદ વિચારની તથા રંગીલી કેમ થઈ ગઈ ? પોતાની અને પોતાના બાળકોની તર્બિયત ઉપર કેમ ધ્યાન નથી આપતી ? (સલ્મા ઉંમરમાં નગ્માથી મોટી હતી અને નગ્મા એને પોતાની મોટી બહેન સમજતી હતી એટલા માટે સલ્મા એને વધુ પડતાં સલાહ સૂચનો કર્યા કરતી હતી) સલ્માએ કહ્યું, શું તેં સાલિહાનો બુરખો જોયો નથી ? કેટલો ચુસ્ત પહેર્યો છે, ત્યાં સુધી કે શરીરની આકૃતિનો અંદાજો લગાડવો કોઈ મુશ્કેલ નથી રહ્યો ! નગ્માએ કહ્યું, શું કરીએ જમાનો જ એવો છે અને આમાં પણ શું ખરાબી છે ?! સલ્માએ કહ્યું, તારા મોઢેથી આ વાતો સારી નથી લાગતી, આપણો સંબંધ શરીફ ખાનદાનથી છે. આપણને પોતાની ઈજ્જત જાનથી વધુ પ્યારી હોવી જોઈએ. જ્યારે એણે બુરખો ઉતાર્યો તો હું જોઈને જ અચંબામાં પડી ગઈ કે એણે પુરૂષો જેમ જિન્સ પેન્ટ તથા ટી શર્ટ પહેર્યું છે. જુઓ નગ્મા ! આપણે નકાબ પર્દા માટે પહેરીએ છીએ, પોતાના પ્રદર્શન માટે નથી પહેરતાં. આજકાલ એવા ફેશનેબલ પારદર્શક બુરખાઓનો રિવાજ વધતો જાય છે કે અલ્લાહ રહમ કરે ! જે વસ્તુ પર્દા માટે હતી એનો પણ બેહયાઈ તથા ફેશનના પ્રદર્શન માટે વપરાશ થવા લાગ્યો. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી એક લાંબી રિવાયત છે જેના અંતમાં આ પ્રમાણે છે કે, **"એ સ્ત્રીઓ જેઓ વસ્ત્ર પહેર્યા પછી પણ નગ્ન હશે, આકર્ષનારી અને આકર્ષાનારી, એમનુ માથુ ઊંટનીઓના ખાંધની જેમ હશે, એ ન જન્નતમાં જશે અને ન જન્નતથી ખૂશ્બુ પામશે."**

હવે તું પોતે જ જોઈ લે આ ફેશનેબલ કપડાંઓ, બુરખાઓ અને પુરૂષો સમાન પહેરવેશમાં કેટલો પર્દો છે અને કેટલુ શરીર ઢંકાઈ છે ? શું આપણે આ રીતે કપડાં પહેરી લોકોને પોતાની તરફ આકર્ષિત થવાનો મોકો નથી આપતાં ! જન્નતના ઈચ્છુક બનીએ છીએ અને કામ એવું કરીએ છીએ કે જન્નતની ખૂશ્બુથી પણ વંચિત કરી દેવામાં આવે ?! જુઓ ! અબૂ દાઊદ શરીફ (કિતાબુલ્ લિબાસ)માં પેજ નં. ૬૬૫ ઉપર આ હદીષ છે કે હઝરત ઈબ્ને અબી મુલૈકા رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત આઈશા رضی اللہ عنہا થી કહેવામાં આવ્યું કે એક ઔરત પુરૂષો જેમ પગરખાં (બુટ) પહેરે છે. તો હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે **નબી કરીમ ﷺ એ પુરૂષોથી મુશાબેહત (સામ્યતા) અપનાવનારી ઔરત પર, લા'નત ફર્માવી છે."** અને એક વધુ રિવાયતમાં છે કે એક વખતે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ પોતાની દિકરી હઝરત ફાતિમા رضی اللہ عنہا થી પૂછયું, **ઔરત માટે સૌથી શ્રેષ્ઠ શું છે ? હઝરત ફાતિમા رضی اللہ عنہا એ જવાબ આપ્યો કે, "ઔરત માટે સૌથી શ્રેષ્ઠ એ છે કે ન તેણી અજનબી (ગૈર મેહરમ) પુરૂષને જુએ અને ન કોઈ ગૈરમહરમ તેણીને જુએ."** આ સાંભળી રસૂલુલ્લાહ ﷺ ઘણા ખુશ થયા અને પ્રશંસા કરી.

મને ઘણો અફસોસ થઈ રહ્યો છે, નગ્મા ! બાળકોની તર્બિયત પર ધ્યાન આપ, નહીં તો પછી ઘણો પસ્તાવો થશે, અને વાળોના રંગ જો ! શું આ બ્યૂટીપાર્લરમાં પણ જાય છે ? નગ્માએ કહ્યું, એની કોલેજની બધી છોકરીઓ એક જ બ્યૂટીપાર્લરમાં એક જેવો મેકઅપ કરાવે છે. સલ્માએ કહ્યું, અરેરે ! આ વાત છે ! આપણી બાળકીઓ તથા છોકરીઓ પશ્ચિમી કલ્ચરના પાછળ આંધળી દોટ મૂકી રહી છે અને એ પણ નથી વિચારતી કે અમારી આખિરત તબાહ થઈ રહી છે, દુનિયા તો અલગ !

આ બ્યૂટીપાર્લરોનો શું માહોલ છે ? ત્યાં શું થઈ રહ્યું છે ? ત્યાં લોકો શું કામથી જાય છે ? આ બધું તમે સારી રીતે જાણો જ છો. હદીષે પાકમાં નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે :–

**"અલ્લાહ તઆલાએ શરીર પર ડિઝાઈન**

**અંકિત કરાવનારી અને ચહેરા (ભવાં)ના વાળ ઉખાડવાવાળીઓ અને હુસ્ન માટે દાંતોને વિસ્તૃત કરવાવાળીઓ પર લા'નત કરી છે જે અલ્લાહ તઆલાની ખલ્કૃત (બનાવટ)ને બદલે છે."**

આ હદીષે પાકથી સ્પષ્ટ થયું કે શરીરના વાળ ઊખેડવા નાજાઈઝ તથા હરામ છે, અને એ પ્રમાણે કરવાવાળી સ્ત્રી અલ્લાહની લા'નતના લાયક ઠરશે. આ હદીષે પાકના અંતિમ શબ્દોમાં છે, "જે અલ્લાહની ખલ્કૃત (બનાવટ)ને બદલે છે." એટલે કે જે રંગ અને વાળોનું સ્વરૂપ અલ્લાહ તઆલાએ આપ્યું છે, એમાં ફેરફાર કરવું પણ સ્ત્રી માટે મોટો ગુનોહ છે.

બ્યૂટીપાર્લરમાં જવાનો બીજો મકૃસદ મેકઅપ હોય છે. મેકઅપમાં ઔરતના પૂરા ચહેરા, ગાલો, આંખો તથા હોઠ વગેરે પર ભાતભાતના મેકઅપ એટલે કે પાઉડર, લિપસ્ટિક, ક્રીમ તથા લોશન વગેરે લગાડવામાં આવે છે. અને સૌથી શ્રેષ્ઠ બ્યૂટીશિયન એને જ સમજવામાં આવે છે કે જે મેકઅપથી ચહેરાની રેખાઓને બદલવાની કલામાં નિપૂણતા ધરાવતી હોય. આ લોકો પોતાના મલઊન કામોથી સાબિત કરવા માગે છે કે અલ્લાહે એમને બદ્સૂરત બનાવ્યાં છે અને આ (મઆઝલ્લાહ !) ખૂબસૂરત બનાવી રહી છે ! ત્યારે જ તો તેણી પાર્લરમાં ટાઈમ પાસ કર્યા પછી પૂછે છે, "હવે હું કેવી લાગું છું ?" એ પરથી આ વાતની સ્પષ્ટતા પણ રજૂ ગઈ ગઈ. હદીષમાં મૌજૂદ છે કે **એમના પર અલ્લાહ તઆલાની લા'નત છે જે અલ્લાહની બનાવેલી ચીજોમાં ફેરફાર કરે છે.** આ ફેરફાર ભલે ને પ્લાસ્ટિક સર્જરીથી હોય અથવા ઓપરેશનથી. આ બધું અલ્લાહની બનાવેલી ચીજોમાં ફેરફાર જ છે, આ બધાનો એક જ હુકમ છે.

બ્યૂટીપાર્લરમાં નવયુવાન છોકરીઓ ઘણા શોખથી કૃત્રિમ વાળો માથામાં ફિટ કરાવવા માટે જાય છે, વિગ લગાડે છે, પફ બનાવે છે, આ બધું શું છે ? ખરેખર આ અલ્લાહ તઆલાની તખ્લીકૃ (બનાવેલ)માં ફેરફાર કરવું છે. દરમ્યાનમાં કોઈ ખાતૂને કહ્યું કે વિગ તથા પફનો ઉલ્લેખ કોઈ રિવાયતમાં નથી સાંભળ્યો, પછી તમે કેવી રીતે કહી રહ્યાં છો કે બધાનો હુકમ એ જ છે ?! સલ્માએ નગ્માથી પૂછયું, આ કોણ છે ? નગ્માએ કહ્યું, આ પડોસણ જમીલા આન્ટી છે. ત્યાર બાદ સલ્માએ કહ્યું, અસ્સલામુ અલૈકુમ ! જમીલા તથા નગ્માએ એક સાથે સલામનો જવાબ આપ્યો, વઅલયકુમુસ્સલામ ! સલ્માએ કહ્યું, જુઓ જમીલા આન્ટી, એક વખત નબી કરીમ ﷺ પાસે એક ખાતૂન આવી અને કહ્યું કે મારી છોકરીને ચેચક (શીતળા) નીકળવાના કારણે વાળ ખરી પડયા છે અને હું એનો નિકાહ કરી ચૂકી છું તો શું હું એના વાળોમાં જોળ લગાડી દઉં ? આપ ﷺએ ફર્માવ્યું, અલ્લાહે તોળ જોળ લગાડવાવાળી અને જોળ લગાડવાવાળી પર લા'નત કરી છે. બુખારી શરીફમાં આ હદીષે પાક મૌજૂદ છે અને નગ્મા હમણા મેં તને હઝરત અબૂ દાઊદથી મરવી હદીષ સંભળાવી હતી કે, એ સ્ત્રીઓ જે વસ્ત્ર પહેર્યા પછી પણ નગ્ન હશે, આકર્ષિત કરનારી અને આકર્ષિત થનારી, એમનુ માથુ ઊંટનીઓના ખૂંધની જેમ હશે, એ ન જન્નતમાં જશે અને ન જન્નતથી ખૂશ્બુ પામશે."

આ મુબારક હદીષે પાકના ઘણા સ્પષ્ટીકરણો છે. સૌથી શ્રેષ્ઠ સ્પષ્ટીકરણ એ છે કે ઔરતો માર્ગ પર ચાલતાં શરમથી માથુ નીચુ નહીં કરશે બલ્કે બેહયાઈથી ઊંચી ગરદન ઉઠાવશે, અને ચોતરફ લોકોના દર્શન કરતી ચાલશે, જેમ કે ઊંટના આખા શરીરમાં ખૂંધ ઊંચુ હોય છે એ જ પ્રમાણે એમનું માથુ ઊંચુ રહેશે. હદીષ શરીફના આ ભાગનુ સ્પષ્ટીકરણ મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہએ કર્યું છે. સલ્માએ કહ્યું, બતાવો જમીલા આન્ટી ! પફ બનાવવાથી માથુ ઊંચુ નથી થતું ?! અલ્લાહ તબારક

વ તઆલા આપણી બેટીઓને બુદ્ધિ આપે અને દરેક શરીઅત વિરુદ્ધનાં કામોથી બચાવે.

જમીલા આન્ટીએ કહ્યું, પણ મેકઅપ પોતાના પતિ માટે તો જાઈઝ છે ને ?! સલ્માએ કહ્યું, હા અમુક લોકો કહે છે કે મેકઅપ પતિ માટે જેટલો ચાહો કરવો જોઈએ, કોઈ ગુનોહ નથી. બલ્કે પતિને ખુશ કરવા માટે મેકઅપ કરવુ સવાબ છે...પણ એમાં એ ધ્યાનમાં રહે કે તમારો પતિ માટેનો શણગાર કરવો તથા મેકઅપ કરવું ગૈરમહરમને જોવામાં ન આવે તો કરવું જાઈઝ છે, નહીં તો નાજાઈઝ છે. અને એ પણ યાદ રાખવું જોઈએ કે આપણા ઘરમાં એવા લોકો પણ હોય છે જે શરીઅત મુજબ ગૈરમહરમ હોય છે. (દિયર, જેઠ તથા તેમના યુવાન પુત્રો વગેરે) અને વળી પતિ માટે પણ શરીઅત મુજબ મેકઅપ કરવાની ઈજાઝત છે, ગૈર શરઈ ચીજોથી શણગાર કરવો જાઈઝ નથી, જેમ કે આજકાલ સેન્ટ તથા એની ખુશ્બુઓનો વપરાશ જેમાં આલ્કોહોલની મિલાવટ હોય છે. શરાબ જ્યારે આમ જ બિલકુલ હરામ છે તો પછી ખૂશ્બુઓમાં કઈ રીતે જાઈઝ થઈ શકે છે ? તમે સમજા છો ને ?! જમીલા આન્ટીએ કહ્યું, હા ! તમે ક્યાં પઢાવો છો ? સલ્માએ કહ્યું, હું પઢાવતી નથી, અહીંયા નજીક શહેરમાં એક હોસ્પિટલ છે જેમાં સર્વિસ કરું છું. જમીલા આન્ટીએ ફરી કહ્યું, કયા મદ્રસાથી તમે ફારિગ છો ? સલ્માએ સ્મિત કરતાં કહ્યું, હું આલિમા નથી. જમીલા આન્ટીએ કહ્યું, પછી આટલી વાતો ?! સલ્માએ કહ્યું, જમીલા આન્ટી અમારા ઘરમાં પહેલાંથી જ દીની માહોલ છે, બચપણથી દીની માહોલને જોતી આવી છું, ધાર્મિક વાતો સાંભળતી આવી છું, બચપણમાં જ્યારે પિતા, ભાઈઓ બેપર્દગીથી રોકતા હતા તો મને ખોટુ લાગતુ હતું પણ આજે મને સમજમાં આવ્યું કે એમનું ટોકવુ તથા રોકવું કેટલું જરૂરી હતું. જો એમણે મારા પર સખ્તી ન કરી હોત તો હું પણ પશ્ચિમી કલ્ચરની દીવાની થઈ જાત અને દુનિયાની રંગીનીઓમાં મગ્ન થઈ જાત, અલ્લાહ આપણી બહેનોને સમજ આપે. જમીલા આન્ટીએ કહ્યું, હું તમારાથી મુલાકાત કરી, ઘણી ખુશી અનુભવું છું. સલ્માએ કહ્યું, જઝાકલ્લાહ !

હમણા આપણે બ્યૂટીપાર્લર વિશે ચર્ચા કરી રહ્યાં હતાં. નગ્મા ! બ્યૂટીપાર્લરમાં જે ત્રીજુ કામ થાય છે એ ''મસાજ'' છે. આ બ્યૂટીપાર્લરનો અતિ શરમજનક વિભાગ છે જ્યાં લોકો આવીને ''ફૂલ બોડી મસાજ'' કરાવે છે અને મૂર્ખાઈથી કહે છે કે, ''મસાજથી ચામડીના સેલ (**Cell**) ઊંમર વધવાની સાથે ઢીલા નથી પડતા ! ચામડી તરોતાજા તથા ફ્રેશ રહે છે અને રેખાઓ ચામડી પર નથી પડતી !'' જ્યારે કે આ શબ્દોમાં બિલકુલ સચ્ચાઈ નથી. જો આ પ્રમાણે હોત તો પાર્લરમાં જતી સ્ત્રી કદાપિ વૃદ્ધ ન થાત ! કે આપણે જોઈએ છીએ કે ઉમરની સાથે ચામડી પર ફર્ક પડે છે જે કુદરતનો ક઼ાનૂન છે. જો વાસ્તવિક્તાની દષ્ટિએ જોઈએ તો ખરેખર કોઈપણ મુસ્લિમ યુવતી માટે આ યોગ્ય નથી, પણ અફસોસ ! આપણી આ પશ્ચિમી કલ્ચરની દીવાની સ્ત્રીઓ આ ખરાબ કામો કરાવવાથી થોડીક પણ શરમ નથી અનુભવતી. માટે આપણે આ બધી વાતોથી સમજવું જોઈએ કે બ્યૂટીપાર્લર તથા ફેશનપરસ્તીમાં આપણુ નુકસાન છે અને જો ચિંતિત મને વિચારીએ તો આમાં દુનિયા તથા આખિરતમાં કોઈ ફાયદો જણાતો નથી. અને આમ પણ આ દુકાનોનો સ્ટાફ મિક્સ (સ્ત્રી–પુરૂષ) હોય છે. અને જો લેડિઝ સ્પેશ્યલ પાર્લર હોય તો પણ જે હદીષને અમે રજૂ કરીએ છે એને લક્ષમાં રાખતાં ત્યાં જવું જ ન જોઈએ. અને પછી આજકાલ શું નથી થતું ?! શું તમે ગત દિવસોમાં ન્યુઝ પેપરોમાં ખબરો નથી વાંચી કે ક્રાઈમ બ્રાન્ચે પાર્લરના માલિકને **C.C.** કેમેરાથી તસ્વીરો તથા ફોટાઓ ખેંચવાના ગુનાહમાં ઝડપ્યો હતો અને તમોને ખબર છે ! આ લોકો ન માત્ર ફોટાઓ લે છે બલ્કે **C.C.** કેમેરાથી વિડિયો પણ રેકોર્ડ કરી મોટી

કિંમતમાં નગ્નતાનો પ્રચાર કરવાવાળી કંપનીઓને વેચે છે. તે ઉપરાંત પણ ઘણી બુરાઈઓ છે જેમ કે નાદાન છોકરીઓને નાલાયક લોકોના સંપર્કમાં લાવી ખરાબ કરી દેવામાં આવે છે અને તેમના ચારિત્રને ભ્રષ્ટ કરી દેવામાં આવે છે બલ્કે કોલગર્લ બનાવી વેશ્યાગીરીમાં ધકેલી દેવામાં આવે છે ! વાતો ઘણી કહેવી હતી પણ ફરી અન્ય કોઈ પ્રસંગે કરીશું, સમય ઘણો થઈ ગયો.

**જમીલા** : તો પછી શું કરવું ?!

**સલ્મા** : આટલી સઘળી બુરાઈઓ તો મેં ત્યાંની બતાવી દીધી છે. આન્ટી હવે તમે બતાવો કે કોઈ મા અથવા હું ચાહીશ કે મારાં બાળકો બિભત્સતાનું પ્રદર્શન કરે, અને લોકો તેમને વાસનાની નજરે જુએ ?!

**જમીલા** : નકારમાં માથુ હલાવતાં કહે છે, એ તો ઠીક છે કે અમે અમારી બાળકીઓને રોકી લઈએ પણ આખો સમાજ આ કીચડમાં ફસાયેલો છે એને કેવી રીતે કાઢીશું ?!

**સલ્મા** : હા ! આ એક મહત્વનો સવાલ છે. મોડર્નાઈઝેશનના નામ પર સઘળી કૌમને યહૂદી તથા ઈસાઈની સ્ટાઈલ પર તથા તેમના અનુસરણમાં લગાડીને આ કૌમને પોતાની અસલિયતથી દૂર કરવામાં આવી રહી છે, અને આપણે છીએ કે હવાની સાથે વહેતાં જઈ રહ્યાં છીએ. જુઓ, સમાજમાં ઈન્કિલાબ (ક્રાંતિ) હિકમત તથા એહલે ઈલ્મથી આવશે. અને આપણે ત્યાં એક મહાન સમસ્યા એ છે કે છોકરીની દીની તર્બિયત (કેળવણી)ની કોઈ ખાસ વ્યવસ્થા નથી અને જો ક્યાંક છે પણ તો મા બાપ એટલાં સુસ્ત છે કે તેમને દીની સંસ્થા પ્રતિ મોઢું કરવા નથી દેતાં, અને જો કોઈ વાલી તૈયાર પણ થઈ જાય તો એવાં બાળકો તથા બાળકીઓને આ દીની તા'લીમના ક્ષેત્રમાં નાખે છે જેમનાથી તે મોર્ડન એજ્યુકેશનના મામલામાં નિરાશ થઈ ચૂકેલ હોય છે ! જેઓ તોફાની તથા બગડેલાં હોય છે, સ્કૂલ, ટયૂશનમાં ગેર હાજરી, ઘરમાં લડાઈ ઝઘડા, ગલીઓમાં ધમાલ, સ્કૂલવાળાઓએ એડમિશન રદ કર્યું.... તો શું કરે ?! ચાલો ! મદ્રસામાં નાખી દો તો ત્યાં સુધરી જાય ! બેશક ! મદ્રસો ઈસ્લાહની મહાન જગા છે જ્યાં અખ્લાકિયાત (સુસંસ્કારો વિશે)ની તા'લીમ થાય છે પણ શું એ કેવળ એવાં જ બાળકો માટે છે ? તમારાં ગંભીર તથા બુદ્ધિ કૌશલ્યવાળાં બાળકોને ત્યાં નહીં રાખો ?!

મતલબ એ છે કે આપણો હેતુ જ એ નથી રહી ગયો કે બાળકોમાં કે ખૂદ પોતાનામાં જુસ્સો પેદા કરીએ કે આપણા બાળકો કે આપણે ઈલ્મે દીન શીખીએ શીખવાડીએ, અને જે મદ્રસામાં આવી પણ જાય તો તેની શું સ્થિતિ છે ? શું પઢે છે ? રેગ્યુલર હાજરી આપે છે ? કેટલું શીખ્યું છે ? તેની કોઈ દરકાર નથી લેતાં, જ્યારે કે બાળકો ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં જઈ રહ્યાં છે, સ્કૂલ સવારના આઠ વાગ્યાની છે તો મા પાંચ વાગ્યે ઉઠી જશે, બાળકોને નવડાવશે, કપડાં પહેરાવશે, નાશ્તો તૈયાર કરશે પછી બાળકનું દફતર ખભા પર ઉઠાવીને ખૂદ તેને બસ–રીક્ષા સુધી છોડવા પણ જશે. આશ્ચર્ય છે કે આપણે આટલું ધ્યાન દીની તા'લીમ પ્રાપ્તિ પાછળ નથી આપતાં ?! આપણે દરેકે આપણી સોચ બદલવી પડશે તો સમાજ આપોઆપ બદલાય જશે. અને આજકાલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલો પર ઈસાઈ મિશનરીઓની અસરો છે જેઓ ઈસાઈયતનો પ્રચાર કરે છે અને દીની સંસ્કાર તથા સંસ્કૃતિથી કોરાં આપણી કૌમનાં બાળકો ખૂબ જ સરળતાપૂર્વક તેમની ચુંગાલમાં ફસાઈ જાય છે, પછી કેવળ નામનાં મુસલમાન રહી જાય છે અને સર્વ કામો મુસલમાનીને શરમાવવાનાં કરે છે. ડો. ઈકબાલે કહ્યું હતું કે :–

**વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુનમેં હુનૂદ**
**યહ મુસલમાં હૈ જિસે દેખ કે શરમાએ યહૂદ !**

ખૈર ! ચાલો આન્ટી ફરી મળીશું ઈન્શાઅલ્લાહ ! ચાલો નગ્મા, સાલેહાનો ખયાલ રાખજો. અલ્લાહ હાફિઝ!

*(હવાલો : અશરફિયા, ઓકટો.–૨૦૧૩, મુબારકપુર)*



# ભરૂચ ખાતે આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામીના ૧૧મા વાર્ષિક સુન્ની ઈજતેમામાં

## ઈસ્તક્બાલિયા (સન્માનનો) પ્રોગ્રામ

રજૂ. : ખલીફા તાજુશ્શરીઅહ **પટેલ શબ્બીર અલી રઝવી** *(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ગુજરાત ઝોન)*

તા. ૨૪–૧૧–૨૦૧૩ રવિવારે ભરૂચ મુકામે થયેલ **સુન્ની દાવતે ઈસ્લામી**ના સુન્ની ઈજતેમામાં બે મહાન વિભૂતિઓ (પર્સનાલિટિઝ)ના જાહેર સન્માનનો પ્રોગ્રામ ઈશા બાદ થયો જેમાં **(૧)** અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી** (અમીરે સુન્ની દાવતે ઈસ્લામી)ના નામની વિશ્વના પ્રભાવશાળી, વર્ચસ્વ ધરાવતા ૫૦૦ વ્યક્તિઓમાં ગણના થતાં તેમને **સુન્ની દાવતે ઈસ્લામી (ગુજરાત ઝોન)** તરફથી તથા ગુજરાતના ચાહકો વતી મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાખાં આઝમીના મુબારક હસ્તે ફૂલહાર પહેરાવી ગુલદસ્તો આપીને સન્માનવામાં આવ્યા. તે પ્રસંગે હઝરત અલ્લામાએ અમીરે સુન્ની દાવતે ઈસ્લામીને નીચેના શબ્દો વડે સન્માનિત કર્યા હતા. **(૨)** એની સાથોસાથ મશહૂર શીરીં નઅતખ્વાં મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી **અલ્હાજ ક઼ારી મુહમ્મદ રિઝવાનખાન સાહબ** (પ્રિન્સિપાલ હાશમિયા સ્કૂલ–મુંબઈ)ને મહારાષ્ટ્ર રાજ્યમાં ગવર્નમેન્ટ તરફથી **Best Teacher** તરીકે પસંદ કરવા બદલ એ જ રીતે સન્માનવામાં આવ્યા. જેમને પણ હઝરત અલ્લામા સાહબે નીચેના શબ્દો વડે સન્માનિત કર્યા હતા :–

### અમીરે સુન્ની દાવતે ઈસ્લામી વિશે અલ્લામાએ ઉચ્ચારેલ સન્માનિત શબ્દો

*''**ધી રોયલ ઈસ્લામિક ઈસ્ટ્રેટેજિક સ્ટડી સેન્ટર (જોર્ડન)** હર સાલ ૫૦૦ અફરાદ ઈન્તેખાબ કરતી હૈ, કિત્ને લોગોંમેં ? એક અરબ પચાસ કરોળ લોગોંમેં ! કિસી ગાંવમેં નહીં, કિસી શહરમેં નહીં, કિસી ઈલાકેમેં નહીં, એક અરબ પચાસ કરોળ લોગોંમેં ૫૦૦ અફરાદકા ઈન્તેખાબ કરતી હૈ જો મોસ્ટ ઈન્ફલુએન્સલ પીપલ હૈ ઈન ધ વર્લ્ડ. ઔર ઉનમેં ઈસ સાલ હઝરત (અમીરે સુન્ની દાવતે ઈસ્લામી)કા નામ આયા હૈ. મૈં આપ સબકી તરફસે ઔર સુન્ની દાવતે ઈસ્લામીકી તરફસે ઔર તમામ અક઼ીદત ખોશોંકી તરફસે મુબારકબાદ પેશ કરતા હૂં. યહ વહ એજાઝ હૈ જો દુન્યા ઈન્હેં દે રહી હૈ ઔર એક વહ એજાઝ હૈ જો રસૂલે પાક ﷺકી બારગાહસે ઈન્હેં મયસ્સર આએગા. ઉસ એજાઝકે લિએ ભી દુઆ કિજીએ, ઈન્શાઅલ્લાહ ! વહ મયસ્સર આએગા.''* આ ફર્માવ્યા બાદ ફૂલોનો હાર તથા ગુલદસ્તો પેશ કરવામાં આવ્યો.

### અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબ વિશે અલ્લામા સાહબે ઉચ્ચારેલ સન્માનિત શબ્દો

*ઔર દુસરી ખુશીકી બાત યહ હૈ કે, યહાં એક ઐસા ભી ટીચર હૈ જો શબો રોઝ દીનકા કામ કરતા હૈ. યહાંસે લે કે બર્તાનિયા તક ઔર મુખ્તલિફ જગહોંમેં. ઉસે શાયદ ઈત્ના મૌક઼ા નહીં મિલતા કે ટીચિંગ એબિલિટીકો ઈમ્પ્રુવ કરનેકે લિએ બહુત ઝયાદા મુતાલા કર સકે. લેકિન **અલ્લાહ તબારક વ તઆલા ઉન લોગોંકો જો દીનકા કામ કરતે હૈં ઉન્હેં સલાહિયતેં દે દેતા હૈ !** યહ સલાહિયતેં ગિફટેડ બાય ગોડ હોતી હૈં, અલ્લાહકી તરફસે દી જાતી હૈં ઔર વહ ઉનસે કામ કરતા હૈ. ચુનાંચે હમારે મૌલાના અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબકો ઈસ સાલ મહારાષ્ટ્રકી સતહ પર સબસે બેહતર ટીચરકા એવોર્ડ દિયા જા રહા હૈ. ઉસકે લિએ જશ્ન મુક઼ર્રર હોગા લેકિન હમ ઉસકે પહલે ઉન્હેં મુબારકબાદ દે દેં.* આ ફર્માવ્યા બાદ ફૂલોનો હાર તથા ગુલદસ્તો પેશ કરવામાં આવ્યો.

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ મારહરા શરીફ ★

ખાનકાહે બરકાતિયા ખાતે ઉર્સે કાસમીમાં તા. ૨૨–૧૧–૨૦૧૩ જુમ્આના રોજ ઈશા બાદ અકાબિર ઉલમા, બગદાદ શરીફના સજજાદા શયખ રફીક કાદરી, હઝરત મુફતી નિઝામુદ્દીન મિસ્બાહી, હઝરત અલ્લામા અબ્દુલ મુબીન નોઅમાની સાહબ, હઝરત અમીને મિલ્લત, રફીકે મિલ્લત હઝરત નજીબમિયાં અન્ય અશરફિયહ મુબારકપુરના અસાતેઝાની મૌજૂદગીમાં કિરાઅતનો મુકાબલો યોજાયો જેમાં દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચના તાલિબે ઈલ્મ કારી મુહમ્મદ જુબેર–માતર બીજા નંબરનું ઈનામ પામ્યા છે. જજમાં કારી મુબારક સાહબ ઉસ્તાદે કિરાઅત દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ પણ હતા. *(તાલિબે ઈલ્મ, ઉસ્તાઝ તથા નાઝિમે આ'લાને મુબારકબાદ ! –તંત્રી)*

### ★ U.K.માં મુફતીએ રાજસ્થાનની બારગાહમાં ખિરાજે અકીદત ★

**પ્રેસ્ટન** : (યુ.કે.)થી મૌલાના મુહમ્મદ ઐયૂબ નકશબંદી (ખલીફાએ મુફતીએ આ'ઝમ રાજસ્થાન) લખી જણાવે છે કે મુફતીએ આ'ઝમ રાજસ્થાન હઝરત મુફતી અશ્ફાકહુસૈન નઈમી رحمۃ اللہ علیہનો ઈન્તેકાલ ૯ ઝિલ હજ્જ હિ.સ. ૧૩૩૪ના રોજ થયો. દફનવિધિ ૧૦ ઝિલ હજ્જના જોધપુર ખાતે થઈ. તેના અનુસંધાનમાં એક્રિંગ્ટન શહેરની મસ્જિદે ગૌષિયામાં આપની બારગાહમાં ખિરાજે અકીદત પેશ કરવા વિવિધ ઘણા બધા ઉલમા, હુફ્ફાઝ તથા અકીદતમંદોએ હાજરી આપી હતી. મૌલાના ખૈરુદ્દીન રઝવી, મૌલાના મુહમ્મદ ઐયૂબ સાહબ, મૌલાના મુહયુદ્દીન સાહબ, હઝરત સૈયદ શાહ રિયાઝુલ હુસૈન વગેરેએ નઅત, મન્કબત તથા બયાનો કરીને હઝરત رحمۃ اللہ علیہની જાતની કારકિર્દી તથા ખૂબીઓ વર્ણવી હતી. છેવટમાં દુઆ ગુજારવામાં આવી હતી. (રિપોર્ટ ટૂંકાવીને રજૂ કર્યો)

**કાવી** : (તા. જંબુસર) જનાબ સુલેમાન ઈસા દોલા રઝવી બરેલ્વી તરફથી નવાસાના જન્મની ખુશીમાં રૂા. ૨૧૧/– અને પોતાની નોકરીની નિવૃત્તિની ખુશીમાં રૂા. ૪૧૧/– ''બરકાતે ખ્વાજા'' મંથલીને આપ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા તેના હબીબ ﷺના સદકામાં ઔલાદને નેક બનાવે, બંને જહાનમાં આબાદ રાખે, આપની જાઈઝ મુરાદો પૂરી કરે (આમીન) *–તંત્રી*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**તાંદલજા** : વડોદરા–આઈશાપાર્ક ખાતે દયાદરાના વતની જનાબ કાઝી અમીરમિયાં કાદરમિયાંનો તા. ૧૭–૧૧–૨૦૧૩, ૧૧ મુહર્રમ–૧૪૩૫ રવિવારના રોજ ઈન્તેકાલ થયો છે. મર્હૂમ ગુજરાત રિફાઈનરીમાં સર્વિસથી રિટાયર્ડ થયા હતા. મર્હૂમ નૂરાનીબાવા પેટલાદના ખાસ મુરીદ હતા. ખૂબ જ મુખ્લિસ, દીનદાર, શરીઅતના પાબંદ, નેક નમાઝી, દીની પ્રવૃત્તિઓથી સતત સંકળાયેલા તથા ચિશ્તિયા મસ્જિદ ટ્રસ્ટમાં જોઈન્ટ રહી સુન્નિયતની તરક્કી માટે ઝઝુમતા હતા. દફનવિધિમાં પુષ્કળ સુન્ની અવામ સાથે દયાદરાના ઘણા લોકો ઉપરાંત શેઠ ફેમીલી સાથે તંત્રી બરકાતે ખ્વાજા મંથલી ઉપરાંત ખાસ પીર હઝરત મુહમ્મદ યૂસુફ નૂરાનીબાવા પેટલાદવાળાએ પણ હાજરી આપી હતી. રબ્બે કરીમ મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે પણ કુર્આન ખ્વાની કરાવી દુઆ કરવામાં આવી હતી.

**મદદની અપીલ** : **સીગામ** : તા. જંબુસરથી જનાબ ગુલામભાઈ તલાટી જણાવે છે કે અમારા ગામમાં આલે રસૂલ હઝરત મૌલાના અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ), હાજી શબ્બીર પટેલ રઝવી, હાફેઝ અ. રહીમ વગેરેની હાજરીમાં આશરે બે વરસ પહેલા ''મદ્રસાએ ફૈઝાને નૂરાની''ની સંગે બુન્યાદ કરવામાં આવી હતી. હવે એ કામ શરૂ કરેલ હોવાથી સખીદાતાઓને સહાય માટેની અપીલ છે. **સંપર્ક કરશો** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ગુલામભાઈ તલાટી, મો. ૯૯૦૪૯૨૫૫૨૪

# અવલોકન

હદિયો : રૂા. ૪૦/-

**વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ**

**સ્ત્રી અધિકારનો રક્ષક ઈસ્લામ કે પશ્ચિમી જગત ?!**

હદિયો : રૂા. ૫૦/-

**બંને કિતાબોના સંપાદક**
*પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા,**
તા. જિ. : ભરૂચ, ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

ઉપરોક્ત બંનેવ કિતાબોનો રસ્મે ઈજરા તા. ૨૪–૧૧–૨૦૧૩ રવિવારે ભરૂચ ખાતે આલમી તેહરીક **''સુન્ની દા'વતે ઈસ્લામી''**ના ૧૧મા સાલાના અઝીમુશ્શાન સુન્ની ઈજતેમામાં મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા **કમરુઝ્ઝમાંખાં આ'ઝમી** مدظلہ العالی ના હસ્તે કરવામાં આવ્યો. આપ હઝરતે એ કિતાબો સંબંધે આ પ્રમાણે અણમોલ શબ્દો ઉચ્ચાર્યા હતા :–

''પૂરી દુન્યામેં હુકૂકે નિસ્વાં (સ્ત્રી અધિકાર) કી આવાઝ બુલંદ કી જા રહી હૈ, ઔર હુકૂક઼ે નિસ્વાંકે નામ પર ઉન્હેં ગુનાહોં કી ઝિંદગીમેં ધકેલા જા રહા હૈ, બુરાઈયોં કી તરફ માઈલ (આકર્ષિત) કિયા જા રહા હૈ. હુકૂક઼ે નિસ્વાં કા મતલબ યહ હૈ કે ઉર્યાં (નગ્ન) હો જાઓ, બાઝારોં કી ઝીનત (શોભા) બન જાઓ, તયબા ખાનોં કો સજાઓ, લોગોં કે દિલોં કો તસ્કીન (સંતોષ) દેનેકે લિએ તફરીહ કા સામાન ફરાહમ કરો, (મનોરંજનની સામગ્રી પૂરી પાડો) નાચ ઔર રંગ કે ઝરીએ સે લોગોં કી ઝિંદગી કો ગુનાહોં કી તરફ માઈલ કરો (આકર્ષો) ઔર ફિર ગુનાહ કા ઈર્તેકાબ કરો. (ગુનાહમાં પડો) યહ હૈ આજ કી આઝાદી કા તસવ્વુર! હમ કિસી ઐસી આઝાદી કે મુખાલિફ નહીં જિસમેં ઔરત ઈર્તે કા કે રાસ્તેમેં ચલ રહી હો. સારી આઝાદિયાં જો દા'વતે ગુનાહ દે રહી હો ઔર જિસસે ઈઝ્ઝતે નફ્સ મજરૂહ હો રહી હો, ઔરત કી ઈઝ્ઝત ઔરત કા વક઼ાર, ઔરત કી નિસ્વાનિયત તાર તાર હો રહી હો, હમ ઉસ આઝાદી કે ક઼ાઈલ નહીં હૈ. ઈસ્લામને ઔરત કો બહેન, બેટી ઔર માંકી હૈસિયત સે જો ઈઝ્ઝત દી હૈ ઉસ્કા તસવ્વુર કિસી ભી મગરબી મુઆશરેમેં નહીં પાયા જાતા. ચુંનાચે ઈસમેં એક કિતાબ વો હૈ જિસ્મેં મુસન્નિફને (લેખકે) યહ બતાને કી કોશિશ કી હૈ કે આજકી દુન્યામેં જો આઝાદી કા નારા લગાયા જા રહા હૈ વો લોગ ઝયાદા આઝાદી ઔર ઈઝ્ઝત દે રહે હૈં ઔરત કો યા ઈસ્લામ ને દિયા હૈ ?!

ઔર આજ કે દૌરમેં ફહ્હાશિયાં (બિભત્સતા) ઉસી કા એક લાઝિમ મલ્ઝૂમ પહલૂ (અનિવાર્ય પાસુ) હૈ ફહ્હાશી, ઉર્યાં (બિભત્સતા, નગ્નતા) ઔર બદ્કિરદારી, યહ ઔરત કી આઝાદી કી બુન્યાદ પર હૈં :–

*સભી મુઝસે યહ કહતે હૈં કે રખ નીચી નઝર અપની*
*કોઈ ઉનસે નહીં કહતા કિ ન નિકલો યૂં અયાં હોકર*

યા'ની યહ કહા જાતા હૈ કે ગુનાહ મત કરો, કોઈ યહ નહીં કહતા કે ઉર્યાનિયત કે બાઝાર કો બંધ કરો ! ઝાહિર હૈ કે જબ ઉર્યાનિયત હોગી, ફહ્હાશી હોગી તો ( ઝિના ઔર રેપકે) ગુનાહ બળ્હેંગે ઔર ઉસ્કે બાદ મુલ્ક ચીખ ઉઠેગા કે યહ સઝા દી જાએ, વો સઝા દી જાએ ! બિલા શુબ્હા સઝા દી જાની ચાહિએ, ઈસ્લામને ઉસ્કી સખ્ત સઝાએં મુક઼ર્રર કી હૈં તો પાબંદિયાં ભી હૈં. (કે ઔરત પર્દા કરે, ગૈરોં કે સામને

અપના શૃંગાર ઝાહિર ન કરે...વગેરહ) લેકિન ! યહાં ઐસા નહીં હે. ટી.વી. કે ઝરીએ સે ફિલ્મોં કે ઝરીએ સે, અબ તો ફિલ્મેં ઈત્ની ઉર્યાં હો ગઈ હમારે મુલ્કમેં કે મગરિબ કી ફિલ્મેં મુહઝ્ઝબ (સભ્યતાવાળી) લગને લગી હૈં. ઈસ ક઼દર આઝાદી, ઈસ ક઼દર ઉર્યાનિયત, ઈસ ક઼દર ફહ્હાશી ! ખાના સામને ઔર ભૂકા અગર મૌજૂદ હે તો ચાહેગા કે ન દે તો લૂટ લે ઉસે, ઝબરદસ્તી ખા જાએ ઉસે ! સેક્સ ભી એક ભૂખ હે ઔર બળી શદીદ ભૂક હે. દુન્યા કી કોઈ ભૂક ઉસ્કા મુક઼ાબલા નહીં કર સકતી. ઈન્સાન જાન દે દેતા હે અપની ઉસ ભૂક કો મિટાને કે લિએ. ઔર ફિર સજાકર કે તુમને ખાના દસ્તરખાન પર પેશ કર દિયા હે ઔર ભૂકે સે કહતે હો કે ખબરદાર મત આના ક઼રીબ ! યહ કૈસે મુમ્કિન હે ?! નતીઝા યહ કે વહ લૂટ લેતા હે આબરૂ, રેપ કરતા હે, બાઝાબ્તા તૌર પર ઈસ્મતેં લૂટતા હે, ક઼ત્લ કર દેતા હે, નિહાયત દરીંદગી કે સાથ ઝિના કરને કે બાદ માર દેતા હે, અપની એક લમ્હે કી ભૂક મિટાને કે લિએ. વો ભૂક પૈદા હી ન હોને પાએ ઔર પેદા હો જાએ તો મૌક઼ા ન ફરાહમ કરો કે વો રેપ કરે ઔર ઝિના કરતા હુવા નઝર આએ. ઈસ્લામ ઈસ્કા ક઼ાઈલ (માનનાર) હે ઈસ લિએ ફહ્હાશી કે ખિલાફ કી એક કિતાબ મૌજૂદ હે. યહ દોનોં કિતાબેં મૈં આપકી નઝર કરતા હૂં ઈસે ઝરૂર ખરીદેં તા કે મુઆશરેમેં ઈસ્લાહ પેદા હો સકે''.

**નોંધ**

*જે લોકો **રૂા. ૩૦૦/–** કે વધુ ભરીને **''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા''**ના ડોનર–મેમ્બર છે તેમને બંનેવ કિતાબો ઘરે બેઠાં મફતમાં મળશે, જેથી હાલ પત્ર વહેવાર કે ફોન ન કરે. બાકીના ભાઈ બહેનો હદિયો મોકલી મંગાવી શકે છે. અને શક્ય હોય તો કમસે કમ રૂા. **૩૦૦/–** ભરી મેમ્બર બની જાય તો વરસભર છપાતી કિતાબો મળતી રહેશે. –પ્રકાશક*


કામ વો લે લીજિયે તુમકો જો રાઝી કરે, ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોળોં દુરૂદ.

# અહલેસુન્નત વલ જમાઅત ઉમરાહ ગ્રૃપ

## ૨૦૧૪–ઉમરાહ ગ્રૃપ ઉપડવાની તારીખ ઈન્શાઅલ્લાહ...

| | | | | | |
|---|---|---|---|---|---|
| જાન્યુ. | ૮, ૧૫, ૨૩ | ફેબ્રુ. | ૪, ૧૩, ૧૯, ૨૭ | માર્ચ | ૪, ૧૨, ૧૯, ૨૭ |
| એપ્રિલ | ૫, ૧૨, ૧૯, ૨૬ | મે | ૫, ૧૭, ૨૪, ૩૧ | | |

બગદાદ, કરબલા, નઝફ, કુફા, બયતુલમુકદ્દસ ઝીયારત પેકેજ ઉપલબ્ધ

**હજ્જ ૨૦૧૪ એડવાન્સ** બુકીંગ માટે રૂબરૂ મુલાકાત લો

આજેજ અમારો સંપર્ક કરો...

M : 094286-86266 • 097242-94205
Ph.: 02642 - 242454

# અમન ટ્રાવેલ્સ

- એર ટીકીટ બુકીંગ (નેશનલ, ઈન્ટરનેશનલ)
- રેલ્વે ઈ–ટીકીટ બુકીંગ
- ઓલ ઈન્ડીયા ટુર પેકેજ (સ્પે. કેરેલા, ગોવા, સીમલા, કાશ્મીર)
- ઈન્ટર નેશનલ ટુર પેકેજ (સ્પે. થાઈલેન્ડ, મલેશીયા, દુબઈ, સીંગાપુર)
- પાસપોર્ટ એજન્ટ

ગ્રૃપ બુકિંગ આવકાર્ય

૧૦૯, ગોલ્ડન પ્લાઝા, BSNL ઓફીસ સામે, પાંચબત્તી, ભરૂચ, (ગુજરાત–ઈન્ડીયા)
E-mail : aman_travel@hotmail.com